Tisri Manzil (Gujarati)

Ashok Damani

VISIT...

LANZAROTE Caliente.com

તીસરી મંજિલ







અશોક દામાણી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

પાટા બદલતી Life Train !

Train હોય કે Life-Train! પોતની સફરમાં આવતા અણધાર્યા વળાંકો પર વળે નહીં, તો એ મુસાફરી રોમાંચક રહેતી નથી!

ઉછાળા મારતા યૌવન અને છલોછલ ઉભરાતી પ્રેમ-ઊર્જાના પ્રેતિક સમો યોગેશ પોતાની Life Train જે પાટા પર દોડાવી રહ્યો છે એમાં એવો તે ક્યો અણધાર્યો વળાંક આવ્યો કે એની લાઇફ ટ્રેને પાટા બદલવા માંડ્યા અને કોઇ નહીં ધરેલા, નહીં કલ્પેલા અંતિમ સ્ટેશન પર જઈને થંભી ગઈ?

અલગારી સાધુની દુનિયામાં પ્રવેશવા પાછળ યોગેશનો હેતુ શું હતો? શું મયૂરી સાથેના સંબંધોમાં મયૂરીએ એને દગો દીધો હતો કે ખુદ યોગેશે મયૂરી સાથે થોડી સી બેવફાઈ કરી'તી? કે પછી...?

રોમાંન્સથી ભરપૂર અને એક પછી એક સર્જાતા અને ઉકલતા જતા રહસ્યનું દિલધડક, રોમાંચક અને લોહચુંબકિય વર્ણન ધરાવતી 'તીસરી મંજિલ' તમને મનોરંજનના સાતમા આસમાન સુધી જકડી રાખશે!

તીસરી મંજિલ

પ્રેમ, વિરહ અને વૈરાગ્યની રહસ્યકથા

અશોક દામાણી

તીસરી મંજિલ

પ્રેમ, વિરહ અને વૈરાગ્યની રહસ્યકથા

અશોક દામાણી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

110 , પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ 400 002
ટેલિ. (022) 22013441

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ 380 001

ટેલિ. (079) 25506573
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

Tisari Manzil

Novel

Written by Ashok Damani

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

© અશોક દામાણી, ૨૦૧૫

પ્રથમ આવૃત્તિ: ડિસેમ્બર, ૨૦૧૫

પ્રકાશક

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

All rights are reserved.

No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

Cataloging-in-Publication (CIP)

Damani, Ashok

Tisari Manzil, / Ashok Damani

Ahmedabad: R. R. Sheth & Co. Pvt. Ltd., 2015

120 p., 22 cm.

EISBN: 978-93-5122-380-1

(1) Novel I. Ashok Damani, II. Title

અનુક્રમણિકા

પ્રેમ, વિરહ અને વૈરાગ્યની રહસ્યકથા ‘તીસરી મંજિલ’

ગુજરાતી ભાષામાં નવલકથાનું લેખન પાછલાં ઘણાં વર્ષોથી પાંખું થતું ચાલ્યું છે. બૃહદ્‌નવલનું સ્થાન લઘુનવલોએ લીધું એ પછી પણ સંરક્ષણાત્મક નિબંધો, પ્રવાસવર્ણનો કે લલિત નિબંધો કહી શકાય તેવાં સામયિક વિષયો ઉપરના ઊર્મિપ્રધાન કે ઉપરછલ્લા ચિંતનાત્મક લેખો, જર્નાલિસ્ટિક ફીચર્સ વગેરેએ જાણે નવલકથા જેવાં સાહિત્યના પ્રશિષ્ટ, ગંભીર, સર્જનાત્મક સ્વરૂપને હંફાવી દીધું છે. નાનાંમોટાં સામયિકો કે અખબારોમાં પાર્ટટાઈમ લેખનવાચનના વ્યવવહારો નિભાવવા પૂરતું જ જાણે કે નવલકથા સ્વરૂપનું મૂલ્ય આજે શેષ છે.

આવા ઐતિહાસિક સ્થિત્યંતર માટે જવાબદાર અનેક સમાજિક, સાહિત્યિક પરિવર્તનો આ જ સમયગાળામાં થતાં રહ્યાં છે.

પરંતુ ટૅક્નૉલૉજીગત બદલાવો કે રાજકીય-સમાજિક ફેરફારો ભલે ગમે તેટલા પ્રભાવક હોય, તો પણ જો તેને કારણે જે-તે ભાષાના સાહિત્યસર્જનમાં ઉછાળ આવવાને ઠેકાણે આવી નકારાત્મક અસર વરતાય છે તો એ જે-તે ભાષાસમાજની મર્યાદા જ લેખાય.

આપણા ગુજરાતી સમાજનો આ વરવો વિશેષ હવે આપણે નતમસ્તક સ્વીકારવો રહ્યો. ગુજરાતી સાહિત્યના ભાવિ માટે પણ આ એંધાણી અમંગળ છે.

શિષ્ટ, સાહિત્યિક લેખન અને બજારુ મનોરંજનાત્મક સાહિત્ય વચ્ચેની ભેદરેખા આટલી હદે પાંખી છે તેથી જ તો આપણે માટે ગોવર્ધનરામના ‘સરસ્વતીચંદ્ર’ અને સંજય લીલા ભણશાલીના ‘સરસ’ વચ્ચેનો રસભેદ પરખવો અસંભવ બની રહ્યો છે!

બીજી તરફ લેખક ખુદ પોતાનાં પુસ્તકને નાણાં કે કીર્તિ રળી આપતી કોમોડિટી રૂપે વિચારતો થાય અને વાચક તેને કેવળ ગ્રાહકની નજરે જ ચકાસતો થાય એ માહોલ પણ સમાજના સાંસ્કૃતિક પરિવેશ સંદર્ભે ભયજનક લેખાય.

આવા સમયે અશોક દામાણી જેવા એક ઍડવોકેટ પોતાના ભૂતકાળના માનવસંબંધોના સંકુલ અનુભવોને કલ્પિત પરિવેશમાં સજાવીને એક મૌલિક લઘુનવલ રજૂ કરે છે, તો એ એકાધિક કારણોસર આવકારવા યોગ્ય ઘટના છે.

‘તીસરી મંજિલ’ અશોક દામાણીનો ફિક્શન રાઈટિંગનો બીજો મનોયત્ન છે. અગાઉ બે લઘુનવલો ‘નિમિત્ત-ફલિત’માં તેમણે પહેલવહેલી વાર કથાલેખન ઉપર હાથ અજમાવેલો. ત્યાર પછી સંસ્મરણાત્મક નિબંધોનાં બે પુસ્તકો-‘કેફિયત’ અને ‘રાહ જુએ છે તે મા’ અને એ પછી વકીલાતકાળના પ્રસંગોને આધારે રચેલી ‘ચેમ્બરકથા’ જેવાં મનનીય પુસ્તકો ગુજરાતી વાચકો સુધી તેમણે પહોંચાડ્યાં છે.

અશોક દામાણી પાસે છ દાયકા ઉપરાંતનો વ્યવસાયિક અને જાહેર જીવનનો બહોળો અનુભવ છે. ઍડવોકેટ હોવાના નાતે તેમની પાસે સૂક્ષ્મ ને સર્વગ્રાહી સ્મૃતિ છે. ઉપરાંત, આજે જ્યારે તેઓ જીવનના સાતમા દાયકાની મિડવિકેટ ઉપર ફિલ્ડિંગ કરી રહ્યા છે ત્યારે પણ સુરેશ રૈનાની બરોબરી કરી શકે તેવાં તરવરાટ અને એકાગ્રતા તેમનામાં છે

અને પરિણામે તેઓ થોડાં જ વર્ષોમાં લેખનકલાની અનેક સૂક્ષ્મતાઓ આત્મસાત કરી શક્યા છે.

અશોક દામાણીના કથાલેખનમાં અગાઉના બે પ્રયોગોની તુલનામાં અહીં ‘તીસરી મંજિલ’ સુધીમાં કથાલેખત તરીકે તેમનો વિકાસ બે મહત્ત્વની બાબતોએ સધાયો છે: પાત્રાલેખન અને ઘટના સંયોજન.

સ્મરણમાં સચવાયેલાં સાચુકલાં પાત્રોને કથાલોકમાં લઈ આવવા સુધીની સંમાર્જન પ્રક્રિયા આ પુસ્તકમાં લેખક વધુ સહજ રીતે કરી શક્યા છે અને પરિણામે અત્યંત સંકુલ પ્લોટની માવજતમાં પણ આ પુસ્તકમાં અશોક દામાણી મહદ્અંશે સફળ રહ્યા છે.

‘તીસરી મંજિલ’ની કથા દિલાવરસિંહના સ્વમુખે કહેવાઈ છે. બીજી રીતે જોઈએ તો, લેખકે અહીં સ્વને જ પાત્રત્વ આપ્યું છે અને પછી એ પાત્રને કથાના નૅરેશનની જવાબદારી સોંપી છે.

એ પછી કથક (narrator)ના નિકટના મિત્ર શશીને તેમણે કથક દિલાવરના મુંબઈથી અમદાવાદ વચ્ચેના રેલવેના રેલપ્રવાસમાં સહયાત્રીરૂપે સાથે રાખ્યો છે. આમ, કથક અને શ્રોતા, કહેનાર અને સાંભળનાર એવાં બે પાત્રો ‘તીસરી મંજિલ’ની કથાની માંડણી કરે છે.

ત્યારબાદ સમયાંતરે દિલાવર અને શશી બેઉના કોમન ફ્રેન્ડ્ઝ આગળ ઉપરનાં સ્ટેશનો ઉપરથી આ સહિયારા પ્રવાસમાં જોડાતાં રહે છે ને વિગત કાળની કથાનો આ સંઘ સહિયારા પૂર્વજીવનના પ્રલંબ કાળને પુનઃશ્વસે છે, સૂંઘે છે, સ્પર્શે છે...

આ રીતે, એક વરસાદી રાતે બે મહાનગરો વચ્ચે સરતી રેલગાડી આ નાટ્યાત્મક લઘુનવલનો સરતો મંચ બની રહે છે.

શશી આ કથામાં સહયાત્રી શ્રોતા હોવા ઉપરાંત કથામાં વણાયેલા દિલાવરના અનુભવોનો સાક્ષી પણ છે. એની ભૂમિકા ત્રેવડી છે. કથા સાંભળનારની, જે-તે પ્રસંગોના સાક્ષી હોઈને તે પ્રસંગોને આગળ ધપાવવામાં લેખકની સહાય કરનારની અને સ્વતંત્ર પાત્ર તરીકે પોતાના મનોભાવોને પણ પ્રગટ કરતા સ્વતંત્ર પાત્રની ભૂમિકા.

સમગ્ર પ્રવાસ દરમિયાન વારાફરતી જોડાતાં અન્ય પાત્રોમાં મયૂરી, બટુક, રઝાક અને ભાવિન ઉપરાંત યોગેશની ‘તીસરી મંજિલ’ની મુલાકાતોમાં સતત ઉલ્લેખાતાં વિરમ, રોહિત અને યોગેશભાઈના ભાઈ પ્રભાકર જેવાં પાત્રોથી કથાના તંતુ વણાતા, ગૂંચવાતા, ઉકલતા ને ફરી વણાતા ચાલે છે.

કથાના તમામ પાત્રોને સાંકળતું કેન્દ્રવર્તી પાત્ર યોગેશનું છે. યોગેશનું પાત્ર કથાના વર્તમાન પ્રવાહથી દૂર ફેંકાઈ ગયેલું ને ભૂતકાળમાં સ્થિર થઈ ગયેલું રહસ્યમય પાત્ર છે. ‘તીસરી મંજિલ’ની સહિયારી મુલાકાતો વખતનો યોગેશ અને ત્યાર પછી પ્રણયભંગના પગલે આધ્યાત્મિક ખોજને ઇરાદે અઘોરી વેશ સુધી પહોંચેલો યોગેશ- આ બે યોગેશ વચ્ચેના અંતરને સમજવા મથતા તેના મિત્રોની જિજ્ઞાસાને રાહે ઉઘડતી યોગેશની અત્યંત નાટ્યાત્મક જીવનયાત્રાનો રહસ્યસ્ફોટ એ દિલાવરની આ રેલગાડીની કથાનો છેવટનો એજન્ડા છે.

યોગેશનું આ ‘ગેરહાજર’ પાત્ર જ કથાનાયક અથવા પ્રતિનાયક છે. ૧૯૭૦ની સાલમાં યોગેશ દિલાવરને અમદાવાદના આસ્ટોડિયા ચકલા પર આવેલા ત્રીજા માળની મેડી પરના પોતાના ઘરે પહેલવહેલી વાર લઈ ગયેલો, તે પ્રસંગના સ્મરણ સાથે દિલાવર,

શશી અને મયુરી 'તીસરી મંજિલ'ની સમગ્ર કથાના રહસ્ય ઉપરથી ધીમે ધીમે પડદો ઉપાડવાની શરૂઆત કરે છે.

'તીસરી મંજિલ' યોગેશમાંથી યોગેશગીરી બનતા એક સાધારણ માનવીની અસાધારણ કથા છે. યોગેશના જીવનમાં આવતા આમૂલ પરિવર્તનની છાપ કથાકથનના' વર્તમાનમાં વહેતા તમામ પાત્રો ઉપર પણ વરતાય છે, પરંતુ એનો સૌથી વિશેષ પ્રભાવ નેરેટર યોગેશની પ્રેમિકા મયૂરી ઉપર દેખાય છે.

'તીસરી મંજિલ'ની કથા ત્રણ સમાંતર સ્તરે વર્ણવાય છે. સૌ પહેલાં રેલયાત્રાના ડિવાઈસ વડે કથાનો ઉઘાડ થાય છે અને પાત્રોનું અનુસંધાન રચાય છે.

બીજો તબક્કો રેલયાત્રા પૂરી થયા બાદ યોગેશના જીવનના રહસ્યની ખોજ કરતા પાત્રોની મથામણનો છે. જે દરમિયાન વાચક જોઈ શકે છે કે યોગેશના જીવનના રહસ્યને શોધવા પાછળ આ પાત્રોનો હેતુ કદાચ પોતાના જીવનના અંતિમ સત્યને પામવાનો પણ છે.

અને છેલ્લે, યોગેશના પાત્રો મારફતે સમગ્ર કથાના વિખરાયેલા બિંદુઓને એક સૂત્રમાં સાધી લેતું કથાનાયક યોગેશનું બયાન જ્યારે રજૂ થાય છે. આ બયાનની પરતો જેમ જેમ ખૂલે છે તેમ તેમ યોગેશ, જેટલો સમર્થ એટલો જ નિર્મળ અને સ્વસ્થ એટલો જ અસ્વસ્થ એવા વલ્નરેબલ તોય સંવેદનશીલ મનુષ્ય રૂપે બહાર આવે છે.

આ અંતિમ તબક્કામાં અઘોરી સમાજના પરિવેશના નિરૂપણ સંદર્ભે તથા તેના અર્થઘટન પરત્વે લેખકન અશોક દામાણી કલાત્મક સંયમ અને તાટસ્થ્ય દાખવી શક્યા છે. લેખકમાં બેઠેલો વકીલ અને.વકીલમાં છૂપાયેલો લેખક બંને અહીં કથાના રહસ્યોદ્‌ઘાટન સમયે જાણે પરસ્પરની વહારે આવે છે.

'તીસરી મંજિલ'ના કથાનાયક યોગેશને 'પ્રતિનાયક' પણ એટલે કહેવો પડે છે, કેમ કે સમાજની જ નહીં, પોતાનીય ત્રૂટિઓને નિખાલસતાપૂર્વક સ્વીકારી પોતાના સાધારણપણાનો એ અહંકાર ત્યજીને સ્વીકાર કરે છે. યોગેશ કબલે છે:

'અઘોરી હું જ માત્ર નથી. મનની શક્તિનો સ્વાર્થ ઉપયોગ કરનાર બધા અઘોરીઓ જ છે.'

યોગેશની પ્રતિનાયક છબિને દિલાવર પણ મયૂરી પાસે રજૂ કરે છે. આ રીતે:

'તને નથી લાગતું કે પ્રેમ કરવા, તેં જેની પસંદગી કરી હતી તે હીરો નહીં, પણ પથ્થર હતો? જોકે પ્રેમ થોડો પસંદગીથી થાય છે? એ તો એમ જ થઈ જાય છે'

લેખકે આ કથાને કેવળ યોગેશ અને મયૂરીની નિષ્ફળ પ્રણયકથા તરીકે ન રજૂ કરતાં પાંચ-સાત સમવયસ્કોની સહિયારી મૈત્રીના પરિવેશમાં યોગેશના ભૂંસાયેલા ચહેરાની રેખાઓ ખોળવાની મથામણરૂપે રજૂ કરી છે.

પરિણામે કથાને અંતે રહસ્ય વિસ્ફોટ ઉપરાંત વાચકને જે સાંપડે છે તે – મૈત્રી, પ્રણય અને વૈરાગ્યની ત્રિસ્તરીય સફરનું સબ્જેક્ટિવ અને ઓબ્જેક્ટિવ બેઉ છેડેથી કરાયેલું અત્યંત રસપ્રદ, રોમાંચક અને નિખાલસ આલેખન – 'તીસરી મંઝિલ.'

કથાલેખક અશોક દામાણી ભવિષ્યમાં પણ આવી અનેક મંજિલો વધુને વધુ સફળતાપૂર્વક સર કરતા રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

- પરેશ નાયક

પ્રસ્તાવના

યુવાનીના પ્રવેશકાળના મિત્રો મોટેભાગે ભૂલી શકાતા નથી. કંઈક કરી છૂટવાની ઘેલછા આ સમયે આપણામાં સવિશેષ હોય! મિત્રો સાથે બેસીને 'આમ કરીશું ને તેમ કરીશું'ની વાતોનાં વડાં અવિરત બન્યાં જ કરતાં હોય! કોણ જાણે કેમ પણ આજે જ્યારે તે સમયની વાતો અને સપનાંઓ યાદ કરીએ અને તે સમયના મિત્રોને આજે તે કાળના લિબાસે માણીએ ત્યારે આપણને થાય કે, અરે...! કેવી ગાંડી-ઘેલી વાતું કરી હતી આપણે?

મારી જૈફ ઉંમરે મને આવી વાતું વાગોળવાની મોકળાશ છે, જ્યારે મન થાય ત્યારે તે સમયના કોઈકને કોઈક મિત્રને મળવા પહોંચી જાઉં છું.

હવે થાય એવું કે જ્યારે હું તે સમયગાળાના મિત્રને મળવા જાઉં ત્યારે તે સમયનો અમારા બંનેનો ફોટો સાથે લેતો જાઉં, આમ સહજતાથી અમે તે સમયના થઈ જઈએ, પછી લૂંટીએ મજા!!!

મારી લાંબી વ્યવસાયિક કારકિર્દીમાં મારા ભાગે ગધાવૈતરું જ આવ્યું છે. મને યાદ છે ત્યાં સુધી ૧૯૭૦થી શરૂ કરીને ૨૦૧૦ સુધી મેં સરેરાશ ૧૦થી ૧૨ કલાક કામ કર્યું હશે. આ કોઈ ફરિયાદ નથી, ખાલી કહું છું. સતત પરિશ્રમથી ઈશ્વરકૃપાએ રાજ-રોગથી દૂર રહી શક્યો છું અને તંદુરસ્તી જળવાઈ શકી છે. આડું-અવળું વિચારવાનો અને 'કે'તો'તો – કે કે'તી'તી'ની ગોસિપથી દૂર રહી શકાયું છે.

હવે કામનો ભાર ઘટ્યો છે મારા સદનસીબે. ખરી કસોટી થવાના સમયે હાથમાં કલમ ઝાલી લેવાઈ છે. બસ, કંઈકને કંઈક લખી નાખું છું.

અગાઉ મેં 'નિમિત્ત' અને 'ફલિત' બે લઘુનવલ લખી વાચકો સમક્ષ રજૂ કરી. વાચકોએ જે પ્રતિભાવો આપ્યા તેનાથી કલમ હેઠી મૂકવાના જોગ ન આવ્યા. પણ બે સંસ્મરણાત્મક નિબંધો 'કેફિયત' અને 'જે રાહ જુએ છે તે મા' ડિસેમ્બર-૨૦૧૧માં પ્રકાશિત થયાં. વાચકોએ આ વખતેય હૂંફ આપી, ફરીથી લખવાનું બળ આપ્યું. અને મારી વ્યવસાયિક જીવનની કેફિયત લખાઈ, જેને મેં 'ચેમ્બરકથા' તરીકે ઓળખાવી.

મોકળાશ મળતાં એક જૂના મિત્રે કહ્યું, 'અલ્યા દામાણી! તું હવે નયરો છે, તો તું સુભાષનાં જીવન વિશે કાં ન લખે?'

મેં કહ્યું, 'બીજાનું જીવનચરિત્ર હું કેમ લખી શકું?'

'અરે... તને જીવનચરિત્ર લખવાનું કોણ કહે છે? તું સુભાષના જીવન પરથી લઘુનવલ લખે તો?' 'ભાવતું'તુંને વૈદ્યે કીધું' એવો ઘાટ ઘડાઈ ગયો. નિવૃત્તિના સમયની સ્વીકારેલી પ્રવૃત્તિનો એક નવો પ્રૉજેક્ટ હાથવગો થઈ ગયો અને શરૂ થઈ 'તીસરી મંજિલ'ની યાત્રા...

'કામ કામને શીખવે'ની કહેવતે અગાઉ થયેલાં સર્જનો પછી આ વખતે મને થયું કે, સુભાષનાં જીવન વિશે લખવા માટે તે સમયના અમારા મિત્રોને મળું. અલગ-અલગ રીતે અને વળી બધાને એક સાથે! સુભાષ તો હાલ હયાત નથી, પણ એના ઘરે જાઉં અને હાલ

તેના કુટુંબમાં કોણ કોણ છે? તેની તપાસ કરું, વળી જે હોય એની કનેથી માહિતી એકઠી કરું.

૧૯૯૪ની વસંત-પંચમી પછી સુભાષ અમારી સાથે નથી. તેની મરજીએ તેણે દેહત્યાગ કર્યો છે. 'તીસરી મંજિલ' લખતાં પહેલાં હું તેના પરિવારના કેટલાંક સભ્યોને મળ્યો છું. તેનાં સમાધિ સ્થળની બે-ત્રણ વખત મુલાકાત લીધી છે. મારા અને સુભાષના મિત્રોને અસંખ્યવાર મળ્યો છું. ઘણી માહિતી એકઠી થઈ શકી છે.

લઘુ-નવલ 'તીસરી મંજિલ' એ બની ગયેલી સત્ય ઘટના છે તેવું હું શેં કહી શકું? મેં મારા મિત્રનાં જીવનમાં બનેલી ઘટનાઓને જેમની તેમ રજૂ કરી નથી. પ્રસંગોપાત મારું ઉમેરણ ભેળવાયું છે. ઘણી વખત ઉમેરણ વધુને વધુ અને મૂળ તથ્ય નામ પૂરતું જ હોય એવું પણ બનેલું છે અને કોઈક કોઈક સ્થળે માત્ર મારી કલ્પનાએ જ 'તીસરી મંજિલ'માં જગા લીધી છે, હવે મને ખબર નથી કે, ક્યાં સત્ય, કયું ઉમેરણ અને કઈ મારી કલ્પના?

મિત્રનાં જીવન પરથી લઘુ-નવલ લખવાનું એક પ્રયોજન એ પણ હતું કે, કુટુંબના સભ્યો વચ્ચે ઘણી વખત કોઈ મોટી અઘટિત ઘટના ન બની હોય તેમ છતાં એક બીજા માટે કેવળ એકબીજાને થયેલી કડવાશને કારણે એક આશાસ્પદ, બાહોશ, મહેનતુ, લાગણીશીલ યુવાન કઈ રીતે બરબાદીની ઊંડી ખાઈમાં પડી જાય અને પછી અઘોરી સમાજનો કોઈ સાધુ આવા બાહોશ નવયુવાનને તે ખાઈમાંથી બહાર કાઢે, પણ લઈ જાય પોતાની શક્તિના દુરુપયોગ કાજે?

અંગત મિત્રની નબળાઈની વાતો ખુલ્લી કરવી કોને ગમે? પણ ના, મેં હિંમત એકઠી કરીને ઘણાં કડવાં સત્યોને મારા વિચારો સાથે ભેળવીને લાગણીથી અહીં લખી નાખ્યાં છે. 'તીસરી મંજિલ' લખતાં લખતાં મને વારે વારે થયું કે, 'આજનો યુવાન ઘણીબધી બાબતે અમારા યુવાનીકાળથી ચડિયાતો છે એટલે સ્વાભાવિક રીતે અમારે સલાહસૂચનથી દૂર રહેવાનું હોય, તેમ છતાં એક બાબતે મને ખરેખર એવું લાગ્યું છે કે આજના યુવાનોમાં અમારા કરતાં સહનશક્તિ ઘટી છે.

'તીસરી મંજિલ' લઘુનવલ એક સપનાના સોદાગર એવા યુવકનાં જીવનમાં બનેલી ઘટના આધારિત મારા વિચારોથી જન્મેલા કાલ્પનિક યુવાનની વાત છે. સફળ ઉદ્યોગપતિ, ઉચ્ચ સરકારી અધિકારી કે નામાંકિત ડૉક્ટર, વકીલ કે સલાહકાર બનવાની લાયકાતવાળો નવયુવાન એવા કયા કારણોએ નિષ્ફળ જતો હશે? અને અઘોરી જેવો સાધુ બનતો હશે? વળી અઘોરીઓનું જીવન શું છે? તાંત્રિકવિદ્યા શું છે? આ બધી બાબતો ઘટના સ્વરૂપે મેં અહીં વણી લીધી છે. અઘોરી સંપ્રદાય વિશે લખવા માટે મેં શ્રી સુરેશ સોમપુરા લિખિત 'અઘોરીઓ સાથે પાંચ દિવસ' અને શ્રી કનૈયાલાલ રામાનુજ લિખિત 'અઘોર જંગલના અઘોરી સાધુઓ' એ બંને પુસ્તકોનો અભ્યાસ કરેલો છે. જે હું વિનમ્રતાથી કબૂલું છું.

આ લઘુ-નવલ લખતાં પહેલાં મને એ પણ વિચાર આવેલો કે આજે આપણા સમાજમાં ભણેલાં-ગણેલાં સુખી પરિવારના સજજનો કોઈને કોઈ સંપ્રદાયમાં ભળી જઈ જાહોજલાલી ત્યજીને સાધુજીવન વિતાવે છે તો શું તે યોગ્ય છે? કે તેઓએ તેમ ન કરવું જોઈએ? તેઓની શક્તિઓ અને સમૃદ્ધિનો અધિકાર શું તેઓ અને તેમના કુટુંબીજનો પૂરતો જ છે? શું દેશ પ્રત્યે કે સમાજ પ્રત્યે તેમનું કોઈ ઉત્તરદાયિત્વ નથી? શા સારું અમેરિકા જેવા વિકસિત દેશો અવિકસિત દેશોનાં બુદ્ધિધનને લાલચ આપી પોતાના દેશમાં લઈ જાય છે? અને દેશને ઘણું નુકસાન પહોંચે છે, વળી આવા બાહોશ યુવાનો શાથી લલચાય છે? જોકે મેં આ સઘળી બાબતોને કથામાં સમાવેલી નથી પણ જ્યારે મારો

નાયક ખોટા રસ્તે ચડી ગયો અને તેનાં કારણે તે અને તેનાં કુટુંબે જે સહન કર્યું છે તેની પીડા મને થઈ છે અને તેથી જ હું માનું છું કે આવું તેવું અટકશે તો જ કંઈ કેટલાયે નવયુવાનો આવી બરબાદીથી બચી જશે.

આ વખતે તો મેં પરેશ નાયકને વધુ રંજાડ્યા છે. વારે-વારે અને એક-એક પ્રકરણે કવરાવ્યા છે. મેં મારા લખેલાં પ્રકરણો અનેક વખત તેમની રૂબરૂ વાંચ્યા છે. મને તેમના ચહેરા પર ક્યારેય પેલા કવિની કવિતા સાંભળતા શ્રોતા જેવા ભાવ દેખાયા નથી તેનું કારણ ગમે તે હોય, કદાચ મારી તેના કરતાં મોટી ઉંમર! કે પછી તેમની સહનશક્તિને આજના યુવાનોનો ચેપ ન લાગ્યો હોય! એ જે હોય તે...

મુ. શ્રી ભગતભાઈએ ફરીથી મને ઉત્સાહિત કર્યો છે અને ભાઈ ચિંતને હા ભણી છે તેને વધાવું છું.

- અશોક દામાણી

વાત એમ છે કે...

મારું નામ દિલાવરસિંહ મહોબતસિંહ જાડેજા. મૂળ વતન રાણીપુર, ગોહિલવાડ. હાલ રહેવાસી અમદાવાદ, ઉં. આ. વ. ૬૫, ધંધો નિવૃત્તિ, વાંચન-લેખન, બાંકડે ટોળટપ્પા, તબિયત લાંઠકી, આર્થિક પરિસ્થિતિમાં નાણાની કોઈ ફિકર ચિંતા નહીં એટલે એમ કે ઘણી સારી. ટૂંકમાં આર્થિક રીતે ખૂબ જ સુખી. બાળબચ્ચામાં બે દીકરા અને બે દીકરી. બધાંય પરણેલાં. ઘેરથી નામ માનકુંવર. સ્વભાવે આકરાં. વજને ભારે.

મારો ટૂંકમાં પરિચય આપવાનું પ્રયોજન મને પણ ખ્યાલમાં નથી. હમણાં હમણાંથી કોણ જાણે ઘણી વખત બાલિશ હરકતો થઈ જાય છે. બાંકડે બેઠે બેઠે ગાયની પેઠે ભૂતકાળ વાગોળાઈ જાય છે. મારા જેવા નવરાઓમાંથી મોટે ભાગે બાંકડે કોઈ ખાસ વાતો કરતા નથી હોતા. એકબીજા સામે જોયા કરે. હું એકલો જ બોલ-બોલ કરતો હોઉં.

અમે તો આમ કરેલું ને તેમ કરેલું. કોઈ ટેણિયો મોટરસાઇકલ પર સ્ટાઇલથી ગોગલ્સ ચડાવી સામેથી પસાર થાય એટલે મારો ભૂતકાળ સળવળે અને શરૂ થઈ જાય મારી લવારી... આજકાલના છોરાઓને છે કંઈ ભાન-બાન? આમ તે કંઈ મોટરસાઇકલ ચલાવાતી હશે? ખોટી સ્ટાઇલો ન મારતા હોય તો? શરીરનાં તો ઠેકાણાં નથી. ૨૨ની કમર ને ૨૪ની છાતી! આ ઉંમરેય એક અડબોથે ભોંય ભેગો કરી મેલું. અમેય જલસાઓ કરેલા છે. અમેય ગોગલ્સ પહેરીને ખુલ્લા હાથે પૂર-ઝડપે સાઇકલ દોડાવી છે, પણ શરીર તો જબરું સાચવેલું હોં?

મારી નૉનસ્ટોપ રનિંગ કોમેન્ટ્રીને કોઈ વળી હુંકારો કરીને કાપે એટલે હું યે વળી ત્રાંસી આંખે તેના ભણી જોઈ લઉં અને પછી શાંત પડી જાઉં.

બાંકડેથી કંટાળીને ઘેર પાછો ફરું, થોડું વાંચું. ઘરવાળીની હાજરી રસોડે હોય એટલે ત્યાં પ્રવેશ કરું. કંઈક ચટકાવવાનું મળે તો ઠીક છે. 'તમને અનુકૂળ હોય તો ચા પીશું?' એમ કહી ઉતાવળે આગલે ઓરડે છાપું શોધી સોફે ગોઠવાઉં. જો વાતાવરણ ઠીક હોય, તો માનકુંવરબા ચા હારે આવે, પણ એનું કાંઈ નક્કી નહીં. ક્યારેક ભૂલીયે જાય. પણ જુવાનીમાં મેં જે રુઆબ રાખેલો તેમાંનું હવે ખાસ કંઈ જ નહિ હોં! જોકે મને ચાનું વ્યસન નથી. ન મળે તોયે ચાલે. બાળ-બચ્ચાં તેમના પરિવાર સાથે અલગ અલગ રહે છે. વારે-તહેવારે આવે, એક બે દિવસ રહે અને જતાં રહે. બચારા કામધંધા વાળા ખરાને?

જો કે હું આર્થિક ઉપાર્જનના ખાસ કોઈ કામો કરતો નથી પણ નવરોય નથી. ઘણી સામાજિક સંસ્થામાં કાર્યરત છું. યુવાનીમાં મેં કુંભારના ગધેડા પેઠે વૈતરું કરેલું છે. માટે આ ઉંમરે નવરો ને નવરો જ લાગું.

બાંકડેય કેટલુંક બેસાય? સામાજિક સંસ્થામાંય કેટલો સમય જાય? ઘણી વખત થાય કે કોઈક તો બીમારી હોવી જ જોઈએ. પણ મારું બેટું પડી તો રહેવાય?

જ્યારે મને બહુ કંટાળો આવે, ત્યારે શશ્યાને ફોન કરું. આ શહેરનો મારો સૌથી જૂનો ભાઈબંધ, શશ્યો! નસીબ જોગે એના સંપર્કો રહ્યા છે. વારે-તહેવારે શશ્યાને મળવાનું થાય. મળીએ એટલે કંઈક ને કંઈક કરીએ. એટલે એમ કે આંટાફેરા... મને ગાડી

ચલાવવાનો કંટાળો લગીરે નહિ. જ્યારે શશ્યાને ફોન કરું ત્યારે આ ભાયડો જાણે મારી રાહ જ જોતો હોય. એમ કહે બોલ! ક્યાં જવું છે? ગાંધીનગર કે રાજપથ? હું રાજપથ કહું કે ગાંધીનગર, ઈ બાપડાને કોઈ જ ફરક ન પડે. શશ્યાને ઘેરથી એને લઉં અને નીકળી પડીએ. કલાકેક આંટાફેરા કરી પાછા આવીએ કોક વખત ફાફડાયે ચટકાવીએ.

આમ જોવા જઈએ તો મારે એ બધા મિત્રો સાથે સંપર્કો રહ્યા છે જ. ભાવિન, વિરેન, રોહિત, સનમ, પ્રવિણ, પેલો રઝાકિયો? જો કે યોગેશે થોડી વહેલી ઍક્ઝિટ લીધેલી છે. આ બધાં નામો મારા ભાઈબંધોના છે. આ મિત્રો અમદાવાદ શહેરમાં મારા પ્રવેશ સમયે મને મળ્યા હતા. આ ઉંમરે કોઈક કોઈક વાર આમાંનો કોઈક મિત્ર મળી જાય! જોકે મળી જાય છે તેમ કહેવા કરતાં એમ કહું કે મને ક્યારેક બહુ જ ખંજવાળ ઊપડે છે, આ સઘળા ગોઠિયાઓને મળવાથી એ વધુ સાચું કહેવાશે.

એક વાત મારે કબૂલવી પડશે કે હું હજુ યોગેશિયાને ભૂલી શક્યો નથી. જો કે કોઈને પણ હું ક્યાં ભૂલ્યો છું? આ ભૂલવાની ભુલભુલામણીની રમતો મને રમવી ગમી જ નથી.

જોકે આ ઉંમરે જીવનનાં નફા-નુકસાનના આંકડા ભેગા કરીને વાત કરું તો એક વાત મારે કબુલવી પડશે, એ શબ્દપ્રયોગ મારા અસ્થિર મનને ઉજાગર કરે છે. ખરી વાત એ છે કે આજ સુધીની જિંદગીમાં મેં જે કંઈ કર્યું છે તેમાંની દરેક બાબતોમાં કંઈક ઓછપ વર્તાઈ છે ને દરેક બાબતે મને કંઈક ને કંઈક કબૂલ કરવાનું લાગ્યા જ કર્યું છે.

બસ, આમ જ જીવનની રફ્તાર ચાલ્યા કરે છે. કોઈક સાંભળવા વાળો મળી જાય, તો જિવાયેલ જિંદગીનો કોઈ બનાવ લંબાણપૂર્વક રજૂ કરી દઉં છું. એટલે હમણાંથી બાંકડે બેસતા અને મારી ઉંમરના જેટલાને હું ઓળખું છું, એવા લોકો એક પછી એક કંઈક ને કંઈક બહાનું કાઢીને ભાગી જાય છે એ કબૂલ, પરંતુ મારી બધી જ વાતો હસી કાઢવા જેવી હોતી નથી તેની મને ખબર છે.

એ જવાબદારી સમજીને આજે મને એક વાત કહેવાનું મન થયું છે. વાચક મિત્રો! જે વાત હું આપને કહેવા માંગું છું તે એક સત્યઘટના છે. જે મારા જીવનમાં મેં નજીકથી જોઈ છે, અનુભવી છે.

૧

રાત્રીના અંધકારમાં મુંબઈથી અમદાવાદ પૂર ઝડપે દોડતી ટ્રેનનો અવાજ બીક લાગે તેવો હતો. અમાવાસ્યાની અંધારી કાળમુખી રાત્રે હું ને મારો બાળગોઠિયો વરસતા વરસાદે મુંબઈથી મોડી રાત્રે ઊપડેલી ટ્રેનમાં બેસીને અમદાવાદ આવી રહ્યા હતા.

મૂશળધાર વરસાદ પડી રહ્યો હતો. ટ્રેનના રિઝર્વેશનના ડબ્બામાં ખાસ પેસેન્જરો દેખાતાં ન હતાં. સાઠી વટાવી ચૂકેલા, અમો બંને મિત્રોએ મુંબઈ સેન્ટ્રલ પરથી પૂરતા પ્રમાણમાં વડાં-પાંઉ બંધાવી લીધાં હતાં. લિમ્કાની બાટલીમાં વોડકા પ્રમાણસર ભેળવીને બે બૉટલો બપોરથી જ તૈયાર કરેલી હતી. બે-એક સાદી લિમ્કાની બાટલીયે રાખેલી.

મારે આજે મુંબઈમાં કોકને મળવું હતું. શશી નવરો હતો. મેં કહ્યું કે, આવવું છે મુંબઈ? કાલે પાછા!' વળી મેં ભાવિન, બટુક, રઝાકિયો એ બધા મિત્રોને પણ કહી રાખેલું કે મુંબઈથી વળતા આપણે મળીશું ને બધા અમદાવાદ હંગાથે આવીશું. શેના માટે? એ પછીથી જણાવીશ. પહેલા આ શશ્યાની વાત...

આ મારો ભાઈબંધ 'શશ્યો' કાયમ કામઘેલો હોવા છતાં વર્ષોથી કંઈ જ કરતો નથી અને તોયે ઈનું હાલ્યા કરે છે, ઈ જણ કોઈને 'ના' નો કહે. એટલે જ શશી મારી સાથે આવ્યો હતો. બૉમ્બે સેન્ટ્રલે ટ્રેન આવી ત્યારે અહીં ખાંડાની ધારે મેહ વરસી રહ્યો હતો. મારે જેને મળવા જવું હતું ત્યાં જઈ શકાય તેમ ન હતું. સ્ટેશનની બહાર પણ જવાય એવું ન હતું. અમદાવાદ પરત આવવા માટે ટ્રેનની રાહ જોતાં અમે બંને એમના એમ બેસી રહ્યા હતા.

ટ્રેનના ડબ્બામાં ગોઠવાતાં પહેલાં રેલવે સ્ટેશન ઉપર એક બાંકડે બેઠા બેઠા હું શશી જોડે વાતે વળગ્યો હતો. અમારા ભૂતકાળની વાતો વાગોળવી શરૂ કરી હતી. ખૂબ વાતો કરી, અને જેવી ગાડી આવી તે અમે તો ચડી બેઠા.

શાંતિથી રિઝર્વેશનના ડબ્બામાં દાખલ થઈ સૌ પ્રથમ ભીનાં કપડાં બદલી વાળ સૂકવી હાશકારો કરી અમે પોતપોતાની સીટ ઉપર ગોઠવાયા.

મેં કીધેલું, 'અલ્યા શશી! જો તો ભાઈ કેવું થયું! મુંબઈ લગી આવ્યા તોયે કામ ન કરી શક્યા. જે નસીબમાં હોય ને એ જ થાય. કશાય કામ વગર આખો દિવસ બસ એમ જ સ્ટેશન ઉપર બેસી રહેવું પડ્યું.'

અને હવે? ખોટા રૂપિયાની પેઠે અમે બાળગોઠિયા અમદાવાદ પરત આવી રહ્યા હતા.

'અલ્યા શશી! આ વરસાદે તો ભારે કરી! અટકવાનું નામ જ નથી લેતો! આ ગાડી તો ચાલી, પણ જો રસ્તામાં અટવાઈ પડીશું તો ભોગ લાગશે!'

'દિલુભા! નાહકની ચિંતા શીદને કરો છો? આટલું જીવ્યા પછી હજુ કયા અભરખા બાકી રહી ગયા છે?' એમ કહીને શશીએ સિગારેટ સળગાવી. બીજા ખાસ પેસેન્જરો હતા નહિ એટલે વળી ખાસ વાંધા જેવુંયે ન હતું. શશી સિગારેટ પીવે એટલે એને જુદો જ

મૂડ આવે.

મેં કીધું, 'શશી! જીવવાનું અને મરવાનું આપણા હાથમાં છે? એ તો જ્યારે આવશે ત્યારે કોઈનું રોકયું થોડું રોકાશે? શશી જાણે દડાનો કેચ કરતો હોય એમ બોલ્યો, 'દિલુભા, એવું યે સાવ કયાં છે! યોગેશની જ વાત કરો ને? યોગેશના કે કોઈના જન્મતારીખના સમયની એનાં મા-બાપને પણ કયાં જાણ હતી? પણ યોગેશના મૃત્યુ વિશે એ બાપડાએ આપણને ન'તી જાણ કરી?'

'શશી! આ તું મને ઘણીવાર કહે છે કે યોગેશને તેના અંતિમ સમયની પાકી જાણ હતી, પણ સાચું કહું? મને વિશ્વાસ બેસતો નથી. ગપગોળું માર્યું હોય કદાચ અને સાચું પડયું હોય!'

'દિલુભા સાહેબ! તમને એમ વિશ્વાસ ક્યાંથી આવે?'

'કોઈકવાર તમને સાબિતી સાથે જણાવીશ ત્યારે તો માનવું પડશે ને?' એમ શશ્યો ઠાવકાઈથી બોલેલો, કંઈ કેટલીયે વાર સુધી. બલ્કે આ મુંબઈ આવ્યા ત્યારથી તે અત્યાર સુધી યોગેશ... યોગેશ... અને બસ યોગેશ જ ચાલે રાખેલું છે.

'શશી! જવા દે યાર! આજે તો યોગેશની બહુ વાતો થઈ, કોણ જાણે ઘણા સમય પછી યોગેશ આટલો બધો કેમ યાદ આવ્યો હશે?'

'અરે યાર! એ પણ એક જિંદગી હતી. કેવા ફક્કડ રીતે જીવતા હતા! હતી કોઈ ચિંતા? બિન્ધાસ્ત જીવન પણ કેવું? શું આપણે આવુંયે ધાર્યું હતું કે આપણે બધા ભાઈબંધો આમ સાવ છૂટા પડી જઈશું?' શશી એકી શ્વાસે સ્વગત બબડતો હતો.

કેવી અનોખી રીતે ભેગા થયા હતા અમે! અમારામાંથી મોટાભાગના પ્રિ-સાયન્સમાંથી નાપાસ થઈને આર્ટ્સમાં ભણવા આવેલા. કૉલેજકાળના સૌથી નબળા વિદ્યાર્થીઓ વિશે આમ તો શું લખી શકાય? પણ જીવનના પાછળના કાળે જ્યારે શરૂના સમયની યાદ આવે ત્યારે નબળા કે સબળા સમયથી હવે શું ફરક પડે મારા ભાઈ!

મેં શશ્યાને જીવનનું તત્ત્વજ્ઞાન પીરસ્યું પણ મારા વાલાને આ ક્યાં ગળચવું હતું? એટલે શશીકાન્ત બોલ્યો, 'ચાલ ભાઈ એકાદું લગાવીએ.'

'આ મુંબઈના વડાપાઉં જેવું ક્યાંય મળે ખરું?'

એમ કહીને અમે બંને ભાઈબંધોએ પોત-પોતાની લિમ્કાની બાટલી ખોલી અને સાથે વડાંપાંઉનાં પડીકાંયે. બસ, થોડું ઝાપટીને અમે બંને બેઠા બેઠા ઝોકે ચડી ગયા. બૉમ્બે સેન્ટ્રલથી ઊપડેલી ટ્રેન બોરીવલી પહોંચી એટલે ગાડી થંભી. અમે બંને સફાળા જાગી ગયા.

એક પ્રૌઢવયના બહેન ડબ્બામાં દાખલ થયાં. બેઠી દડીનાં, ભીને વાને, ઊંડી ઊતરી ગયેલી મોટી મોટી આંખો. વિધવા હોય તેવું સફેદ સાડલાથી લાગતું હતું. કશું જ બોલ્યા વગર પોતાની સીટ ઉપર બેસી ગયાં. ખૂબ થાકેલાં લાગતાં હતાં. ચહેરા ઉપરના ભાવ જોતાં કોઈ અગમ્ય ચિંતામાં હોય તેમ લાગતું હતું. બસ, આ બહેન સિવાય બીજા કોઈ પેસેન્જર બોરીવલીથી અમારા ડબ્બામાં દાખલ થયા ન હતા.

શશીનું ધ્યાન એ સ્ત્રી પર હતું. યુવાનીકાળથી જ એની આ આદત! કારણ વગર મનોવૈજ્ઞાનિક અભ્યાસ શરૂ કરવાનો. પહેલાં ઝીણી આંખો કરી જોયા કરવાનું અને પછી શરૂ કરવાના અનુમાનો... મોટાભાગના અનુમાનો સાવ જ ખોટા પડે, પણ ભાઈ આદતથી મજબૂર! વ્હીસલ મારી, ધક ધક કરતી ટ્રેન ચાલી. મારું મન ધીરે-ધીરે ભૂતકાળ તરફ

ચાલવા માંડ્યું.

ગાડીએ રાબેતા મુજબની ગતિ પકડી લીધી અને મારા મને પણ...

❋

હું શશી, યોગેશ, વિરમ, રઝાકમિયાં, ભાવિન અને યોગેશનો ભાઈ પ્રભાકર! આ સઘળા તે કાળના ભાઈબંધો. અમો બધાયને શશીના ગપગોળાની પાકી ખબર! અમારી સંગાથે તે કાળે રોહીત, પ્રવીણ અને વિરેન પણ હતા તો ખરા જ, પણ તે અમારા એટલા નજીકના ન હતા.

શશ્યાની આ ગપગોળાની ટેવ બાબતે અમે શું કરી શકીએ? શશી આદતથી મજબૂર! અમે એના બકવાસ સાંભળવાથી મજબૂર! એ સમયની અમારી દોસ્તીને ક્યારેય અમે ન ભૂલી શકીએ. આ કાળનો પ્રભાવ એટલો જોરદાર રહ્યો છે કે અમોએ જીવનના કંઈ કેટલાયે રંગો ઊગતી જુવાનીએ સંગાથે માણ્યા છે. તેમ છતાંય તેની કોઈ આડઅસરો અમારા વ્યક્તિત્વમાં કાયમી બીમારી પહોંચાડી શકી નથી.

અમે દારૂ પીતા છતાં દારૂડિયા ન હતા. જુગાર રમવા છતાં જુગારી ન હતા. રોમિયોગીરી કરતા છતાં રખડેલ ન હતા. અમારે બહેનપણીઓ હતી અને કોઈકને વળી મર્યાદા બહારના સંબંધોયે હતા, છતાં અમે ચારિત્રહીન ન હતા. કરુણાસભર લાગણીથી જીવતા હતા. એટલે જ મારામારી, જીભાજોડી, તૂ તૂ-મૈં મૈં કરવા છતાંય હોટેલમાં બેસીને એક ફરસીપૂરીના આઠ-દસ ટુકડા વહેંચીયે લેતા હતા.

ચરસ-ગાંજાની ચૂસકીએ ધર્મના તત્ત્વજ્ઞાનની ઊંડાણે ચર્ચા કરતા ને દારૂના પેગ હાથમાં ઝાલી સાહિર લુધિયાનવી કે મિરઝા ગાલીબની ગઝલો યે ગણગણતા. આવી મસ્તીભરી જિંદગી અમે સાથે માણી હતી.

અમે બધા બધું કરતા હોવા છતાં બગડેલા ન હતા. તેનું એક કારણ મને આજે સમજાયું છે. તે એ કે અમે બધા સમાજના સંસ્કારી કુટુંબના સંતાનો હતા. થોડા વંઠેલા હતા પણ તોયે લાગણીના સંબંધો દરેકના માહ્યલામાં જીવંત હતાં. અમારા દરેકના સ્વભાવની જુદીજુદી વિશેષતાઓ હતી.

શશીની બીજી ખાસિયત એ હતી કે જ્યારે અમે કોઈ નવી છોકરીના સંપર્કમાં આવીએ તો તે છોકરીની હાજરીમાં જ તેના વિશેના અનુમાનશાસ્ત્રનાં પાનાંઓ માંડે ઉકેલવા! એ છોકરીને કશી ખબર પણ ન પડે તેવી ભાષામાં આપણી સાથે વાતો શરૂ કરે અને એય તે જાણે બીજી કોઈની વાત થતી હોય એમ! એ બાપડીને કશી જ ખબર ન પડે.

આટલાં વરસે જ્યારે અમારી ઉંમર દાદા જેવી થઈ છે ત્યારે આ શશ્યો...? તેણે તો બસ, યુવાનીમાં કરેલાં આવાં પરાક્રમો જેવું જ શરૂ કર્યું...

શશી બોલ્યો, 'ભઈ યાદ આવે છે? પ્રભાકરને કેવી ટેવ? કેવું ઝીણું ઝીણું ધીમે-ધીમે બોલે?'

બાજુવાળાનેય ન સંભળાય એમ કહીને શશીએ મારી સામે જોયું. મેં ય ડપકો મૂકયો: 'હા યાર! બંને ભાઈઓનો કેવો વિચિત્ર પ્રેમ! બધાં કાળાં કામોયે ભેગાં જ કરવાનાં? કાયમ સાથે રહેવાનું! ચરસ-ગાંજો સાથે પીવાનો, વરલી-મટકાના આંકડાયે સાથે લગાડવાના, નોનવેજ ખાવાયે સાથે જવાનું અને કાયમ ઝઘડવાનું પણ એકબીજા સાથે

જ. કેવો તુંડમિજાજી સ્વભાવ હતો બંનેનો? અને એ “તીસરી મંજિલ...”

અમારા સહુનું મળવાનું ઠેકાણું તીસરી મંજિલ! અમારા બધાને દારૂ પીવાનું ઠેકાણું તીસરી મંજિલ! ગાંજો-ચરસ, છાંટો-પાણી બધું જ અહીં ચાલે. વળી શેર-શાયરીની મહેફિલ અને ધાર્મિક ચર્ચાનું ઠેકાણું પણ આ તીસરી મંજિલ જ. આ સઘળાં કામોમાંથી સમય બચે તો ભણવાનું ઠેકાણું પણ આ જ અને આ અમારી બિન્ધાસ્ત અવસ્થાના રહેઠાણનું એક માત્ર ઠેકાણું તીસરી મંજિલ!

અમારા રહેઠાણની સામે મ્યુ. બસનું સ્ટૅન્ડ. ત્યાં ઊભેલાં યુવક-યુવતીઓ... પેલી લેડીઝ કૉલેજમાંથી છૂટતી છોકરીઓ...

‘યોગેશ તીસરી મંજિલની બારીએ બેસીને કેવો જોયા કરતો હતો?’ એમ કહીને શશીએ આગંતુક પ્રવાસી સામે જોઈને ઉધરસ ખાધી. મેં ય તે સ્ત્રી સામે જોયું.

તે બાપડીને આવા સંવાદમાં જરાયે રસ ન હતો. એ બિચારીને કેટલાયે પ્રશ્નો હશે? શૂન્યમનસ્ક ભાવે એ પોતાનામાં જ ગળાડૂબ હતી. એક બાજુ તબિયતના ઠેકાણાં નહીં ને બીજી બાજુ જીવનના ચક્રવ્યૂહમાં રિબાતી મધ્યમ વર્ગની વિધવા.

મેં આવી દુઃખિયારી સ્ત્રીઓને જોઈ છે અને એથી જ હું એ સ્ત્રીની સામે જોઈ રહ્યો હતો. અમારી યુવાનીના કાળમાં જો આ રીતે અમે કોઈ એકલી છોકરીને મળીએ તો દાણો નાખ્યા વગર શેના રહીએ? પણ હવે મને એ રીતે પરસ્ત્રી તરફ જોવાની ટેવ કહો કે કુટેવ જતી રહી છે.

પણ શશી? અરે... એ તો સદાબહાર મારી સામે જોઈ રહ્યો હતો. અમારી ભાષામાં વાર્તાલાપ ચાલી રહ્યો હતો જે બાજુમાં બેઠેલ પ્રવાસી પણ ન સમજી શકે તેવી સાંકેતિક ભાષામાં અમે વાતો કરતા હતા.

શશી કાંઈક આવું કહેતો હતો:

‘યાદ છે દિલુભા! તું અને યોગેશ આ જ રીતે એક વખત સુરતથી આવતા હતા. ટ્રેનમાં નહીં બસમાં અને ભરૂચના સ્ટેશનથી બે છોકરીઓ બસમાં ચડેલી! તમારી બાજુની સીટ ઉપર જગા ખાલી હતી. તમે ઇશારાથી વાતો કરેલી કે- થઈ જાય! અને તમે અંતકડી રમવાનું શરૂ કરેલું?’

‘મને યાદ છે.’ મેં શશીને કહેલું.

અમારી એ ગધ્ધાપચ્ચીશી... અમને વળી ગાતાંયે ક્યાં આવડતું હતું? છતાંયે પ્રેમનાં ગીતો ગાતાં હતાં. થોડીવારે એ બેમાંની નાની અમારી સાથે એમ જ અંતકડીમાં જોડાયેલી અને અમને મજા પડેલી. એ નાનકીનો સૂર અને લય બંને એકદમ બરાબર હતા. અમે થોડા છોભીલા પડેલા, પણ આપણી ભૂલે શરમાવું જોઈએ એટલી ગતાગમ એ કાળે ક્યાં હતી?

‘એ પ્રેમનાં ગીતોએ તમે ક્યાં સુધી પહોંચેલા બાપુ? મજાક મજાકમાં તમોએ જે ખેલ પાડેલો તે મને કેટલો મોંઘો પડેલો યાદ છે ને?’ શશીએ વર્ષો પહેલાંની આ વાતને જાણે ગઈ કાલે જ બની હોય તે રીતે કીધી.

‘શશી! તેં અમારા બધાનું બહુ જ સહન કર્યું છે. લીલાઓ અમે કરીએ, મજા અમે લૂંટીએ અને સજા તારે ભોગવવાની એ મને યાદ છે.’

અમારી આ વાતોમાં પેલી બાઈને કોઈ રસ ન હતો પણ ‘યોગેશ’ નામ આવતાં એ સફાળી અમારી સામે ત્રાંસી આંખે જોવા લાગી.

શશીને એમ થયું કે અમે ખોટી જગાએ દાણા નાખીએ છીએ અને એ સ્ત્રીને ગમતી વાત નથી એટલે અમે ચાર ઘર વળતાં કર્યાં.

શશીની બીજી આદત એવી કે એનાથી વાતો સિવાય બીજું કાંઈ થાય જ નહિ. સામેથી જે પ્રતિભાવો આવે તેના તાબામાં તરત આવી જાય. મારું અને યોગેશનું એવું નહિ. અમે સ્ત્રીઓના દેખીતા પ્રતિભાવોની પછવાડે છૂપા ભાવો વાંચી શકીએ. એટલે હિંમત હાર્યા વગર અમારાં કામો ચાલુ રાખીએ અને મોટેભાગે સફળ પણ થઈએ.

જો કે આ ઉંમરે મને તો આવા કોઈ ભાવો હતા જ નહિ એટલે હું એમ કશું જ વિચાર્યા વગર બેઠો રહ્યો. અચાનક ટ્રેન ઊભી રહી. થોડી વધુવાર ટ્રેન રોકાઈ એટલે અમે દરવાજે ગયા. દરવાજો ખોલ્યો તો ખબર પડી કે ભારે વરસાદ છે અને આગળ કદાચ ખૂબ પાણી ભરાયાં હશે. ટ્રેન આગળ ચાલે તેવું લાગતું ન હતું.

મેં દરવાજો બંધ કર્યો અને મારી જગાએ પરત આવીને બેસી ગયો. શશી પણ મારી પાછળ આવ્યો. એ પણ એમ જ સીટ ઉપર બેસી ગયો. બસ, અમે બંને ફરીથી અમારી વાતોએ વળગ્યા.

‘શાથી ટ્રેન રોકાઈ છે? ભારે વરસાદને કારણે જ હશે.’ એ સ્ત્રી પ્રથમ વખત આટલું બોલી.

શશી અને મને એ અવાજ એકદમ પરિચિત લાગ્યો. અમે બંનેએ એકબીજા સામે જોયું.

શશી બોલ્યો, ‘ભારે વરસાદને કારણે જ ટ્રેન રોકાઈ લાગે છે. તમારું અનુમાન સાચું જ છે.’

‘અરે બાપરે! ભારે થઈ! મારે તો અમદાવાદ પહોંચવું બહુ જ જરૂરી છે.’ એકદમ વ્યથિત થતાં તે સ્ત્રી બોલી.

મેં કહ્યું, ‘કોઈ બીમાર છે? શાથી તાત્કાલિક જવું પડે તેમ છે? અમે કોઈ મદદ કરી શકીએ? તમને કાંઈ જોઈએ છે?’ એમ કહીને મેં પાણીની બૉટલ તે સ્ત્રી સામે ધરી.

‘તમે કાંઈ ખાશો?’ એમ કહીને શશીએ એક કાગળમાં વડું અને પાંઉ રાખીને સ્ત્રી સામે ધર્યા.

એ બાઈએ અમારી સામે ઠાવકાઈથી જોયું એટલે અમે વાત ચાલુ રાખી.

એ બાઈ બોલી, ‘ના ભાઈ! જરાયે ભૂખ નથી. તમ તમારે ખાવ, મારે નહિ જોઈએ.’

આટલું એ સ્ત્રી બોલી એટલે અમારા શશી કપૂર હાથમાં શેના રહે? વાતોનો દોર ચાલતો રહ્યો, અને બહાર મેઘ વરસતો રહ્યો.

❋

ગાડી અધવચ્ચે અટકેલી હતી, મેહુલો ધોધમાર વરસતો હતો, શશીની લવારી ચાલુ હતી...

‘અમારા યોગેશની એક સખી હતી, મયૂરી! એના જેવો જ તમારો અવાજ છે, નહિ દિલુભા?’ એમ કહીને શશીએ ક્ષણિક ઊભી થયેલી શાંતિનો ભંગ કર્યો.

‘શશીભાઈ, ખરેખર મારો અવાજ મયૂરી જેવો જ છે? અને હું કોના જેવી લાગું

છું?'

'દિલાવર! તને તો ખબર હોવી જ જોઈએ! તારે પણ એક મયૂરી નામની બહેનપણી હતી જ ને!'

'અરે... અરે... બુન! તમને ક્યાંથી ખબર?' એટલુંક બોલતાં તો મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ!

રેલવેના રિઝર્વેશનના ડબ્બામાં સામેની ખાલી સીટ ઉપર નજર સ્થિર કરી એ સ્ત્રી બોલી:

'તીસરી મંજિલ'ના બધાય મિત્રો... વિરમ, રઝાક, ભાવિન, પ્રભાકર, યોગેશનો ભાઈ... ક્યાં છે બધા? શશીભાઈ, કહોને ક્યાં છે બધા? વળી પેલો રોહીત જેને આપણે 'સનમ' કહેતા તે, અને તેનો ભાઈ... કોણ પેલો. પ્રવીણ. અને શાયર વિરેન? આજે આપણા મિત્રો યાદ આવી ગયા...

'અરે... મયૂરી તું? ઓહ! માય ગૉડ!'

'અમે કોઈએ તો કલ્પનાયે નહોતી કરી કે તું આ રીતે અહીં મને મળીશ!' મેં એકદમ તેની બાજુમાં જઈને મયૂરીને કહ્યું.

'હા, તમોર્ને મેં શરૂમાં ન'તા ઓળખ્યા, પણ દિલાવરનો પહાડી ઘેઘૂર અવાજ હું ઓળખી ગયેલી. અને શશીભાઈ તમારી આદતો! દુનિયામાં તમારા જેવી આંખો કોઈની હોઈ શકે? એટલે મેં અનુમાન કર્યું કે આ આપણા "તીસરી મંજિલ"ના મિત્રો જ છે.'

'પણ મયૂરી! આ શું? કેમ સાવ આવી થઈ ગઈ?'

'ઉંમર થઈ એટલે આવી જ લાગું ને?' મયૂરીએ જમીન પર નજર રાખીને જવાબ દીધો, 'અને તું યે દિલાવર! કયાં પહેલાં જેવો લાગે છે?'

'આટલાં વર્ષે આમ મયૂરી, તું અમને મળીશ તે અમે કેમ ધાર્યું હોય?'

'દિલાવર! આનું નામ તો જિંદગી... આપણું ધારેલું કે વિચારેલું કયારેય થયું છે ખરું?'

'શશીભાઈ! તમે જ કહોને! જો યોગેશનો, નોકરી મળ્યાનો કાગળ એક દિવસ વહેલો મળ્યો હોત તો? બોલો!'

'મયૂરી? શું તને એ સઘળું યાદ છે?'

'યાદ કેમ ન હોય, દિલાવર! જેની સાથે આખી જિંદગી ગુજારવાના અભરખા હોય એ જ ભૂતકાળ બની જાય! જેનું કાળજું બધી બાજુએ ઘવાઈ ગયેલું હોય એને કેમ યાદ ન હોય?'

'ખરું મયૂરી! એ શેં ભુલાય? અમે યોગેશને અને તને સાથે ક્યાં નથી જોયાં? કોઈને કલ્પના પણ હશે કે તમે આ રીતે જુદાં પડશો?'

'દિલાવર! આટલો લાગણીશીલ શાથી થાય છે? અને મયૂરી તું પણ, છોડને યાર! આટલાં વર્ષે આવી વાતો?' શશી બોલ્યો.

'અલ્યા શશી! તારે ગમે ત્યાંથી કૂદી જ પડવાનું. ખરું ને? તારી પાસે દિલ કદાચને હશે પણ કોઈને કયારેય તારા દિલ સામે જોવાની ફૂરસદ હતી ખરી? તારી આંખ્યું તો જો, આ ઉંમરેય કેવી ઝેર ઓક્તી લાગે છે? મયૂરી બોલ! તું આ શશીડાને એની આંખ ઉપરથી જ ઓળખી ગઈને?'

'દિલાવર! શશીભાઈ ઓળખાયા તો આંખોથી જ પણ દિલાવર! તું કયારેય શશીભાઈ કે યોગેશ ન થઈ શકે, ખરાબ ન લગાડીશ. તે સમયે પણ તારા તમામ વ્યવહારો મનથી થતા, માંહ્યલાથી નહીં.'

'મને શેનું ખરાબ લાગે? મયૂરી! ખરાબ-સારું લગાડવાના દિવસો જતા રહ્યા. હરેકની જીવવાની રીતો અલાયદી હોય છે. તું યોગેશ પછવાડે ઘેલી હતી. કેવો કાળ હતો એ? બધુંય નજરે તરે છે, મયૂરી તમારો પ્રેમ અમારાથી ક્યાં છૂપો હતો? પણ તને કદાચ એ ખબર નહિ હોય, હું અને યોગેશ દિલોજાન હતા. શશી, તું યે એ વાત ક્યાંથી જાણે? તું તો અમારા સંપર્કમાં બે વર્ષ પછીથી આવેલો.'

'દિલાવર! શું તું ને યોગેશ પહેલા મળેલા? શશીભાઈ પછીથી? મને તો એમ કે યોગેશ, શશીભાઈ, રઝાક જૂના મિત્રો અને તું પાછળથી આ ટુકડીમાં સામેલ થયેલો હોઈશ.'

'ના, મયૂરી! દિલાવર અને યોગેશ સૌ પ્રથમના મિત્રો. પેલો ભાવિનિયો ખરોને! નહિ પેલો બટકો? અમે એને ભાણાભાઈ કહેતા! એ ભાણો, હું અને વિરમિયો એ અમારી ટુકડી. અમે બધા ભાઈબંધો છેક શાળા સમયના. આ ભાવિનિયાની બહેન દિલુભાની કૉલેજમાં ભણે અને જ્યારે ને ત્યારે દિલાવરની વાતો કરે. શું દિલાવરનો રુઆબ છે? તમે બધાય નમાલા લાગો એવું એવું અમને સંભળાવે.'

'શશી! એ ભાવિનની બહેન અમારા જ ક્લાસમાં હતી. બહુ જ દેખાવડી. આખી કૉલેજની નજરું એની સામે જ મંડાયેલી રહેતી. ત્યારે હું ને યોગેશ જ એવા અલગારી હતા કે એ મારી હાળી બોલાવે તોય જવાબ ના દઈએ. શું નામ હતું એનું? હિના કે એવું કંઈક. યાદ આવે છે?'

'મયૂરી! આ દિલાવર છે જ એવો... બોલ! એ છોકરી દિલાવરની ખાસમખાસ હતી તોયે એને નામ યાદ નથી. હું ને ભાવિન તો એટલા ગુસ્સામાં રહેતા કે આ દિલાવર નામનું કાઠિયાવાડી મીઠડું અમારી બહેનને ભોળવી ગયું લાગે છે.'

'અલ્યા શશી! સાચું કહું? અમને હિનામાં કોઈ જ રસ ન હતો. જેની પાછળ આખી કૉલેજ પડી હોય. એમાં જો આપણે દાણો નાખીએ તો કદાચ સફળ થઈએ પણ ખરા. આપણી સાથે ભાઈબંધી કદાચને થાયે પણ ખરી, અને પછી! એ મહારાણીની પગચંપી અમે કેમે ના કરી શકીએ એવી ગણતરીએ અમે એની સામું ન'તા જોતા. પણ મારી વાલીડી? આવા બુડથલ શશીડાનાં જે વખાણ કરે, જે વખાણ કરે? અમને એમ જ લાગે કે હશે કોઈ રાજ કપૂર બ્રાન્ડ! આ હિનાડીનો કોઈ સગલો! મારી અને યોગેશની ઉત્સુકતા પણ આ શશીડાને ને ભાવિનીયાને મળવાની હતી.'

'તું માનીશ શશી! જ્યારે આપણે પહેલી વખત મળ્યા હતા ને... બોલ ક્યાં મળ્યા હતા?'

'અરે તારી કૉલેજ ઉપર જ તો દિલાવર!'

'ઈ ખરું. પણ શશિયા, મને અને યોગેશને આગલી રાતે તીસરી મંજિલ પર બહુ જ ભયંકર વિચારો આવેલા. સ્ત્રીચારિત્ર વિશે ઘણું વાંચેલું. એની મરજી મુજબનું થાય નહિ તો એ કેટલુંય આડુંઅવળું વિચારે એટલે અમને તો એવું લાગેલું કે ગુંડાઓને બોલાવી અમારી ધોલાઈ તો નહીં કરાવે ને? યોગેશને ડર જેવું ખાસ હતું નહીં પણ હું થોડો વધુ સાવચેત બની ગયેલો. "ચેતતા નર સદા સુખી" એવું મને મારી માએ શીખવાડેલું.'

‘હા... હા... હા... અલ્યા ડરપોક દિલાવર!’ શશી ખડખડાટ હસી પડ્યો.

‘હેઠો બેસ શશી! હેઠો બેસ, મારા બાપ! પૂરી વાત તો સાંભળ! હજુ અમને આ શહેરમાં આવ્યાને માંડ મહિનોક થયો હશે. એટલે અજાણ્યા લોકથી ડરવા જેવું તો વળી હોય જ ને?’ મેં કહ્યું.

‘દિલાવર! તું કહે છે કે તું ને યોગેશ આ શશીને બે વર્ષ પછી મળેલા અને હવે કહે છે કે મહિના પછી જ મળેલા?’ મયૂરી બોલી.

‘મયૂરી! એ અમારી પ્રથમ મુલાકાત તમારા આ શશીભાઈ સાથે. પણ આ તારો રાજ કપૂરીયાં જો, એને જો... એને મળ્યા ને પછી અમારો ફ્યૂઝ ઊડી ગયેલો. કે આવા બબૂચક સાથે ભાઈબંધીયે વળી શું કરવી? એટલે અમે કેટલાય સમય સુધી આ શશ્યા ને તેની ટુકડીના સંપર્કમાં ન’તા આવ્યા.’

‘દિલાવર! અમને પણ એવું જ લાગેલું હોં, અને એટલે અમેય તમને લોકનેને મળવાથી અળગા રહેતા હતા. અમને એમ થતું કે તમે બેઉ ફિલ્મી છો. આ યોગેશ આખો દા’ડો રાજકુમારની અદાથી સિગારેટ ફૂંક્યા કરે ને તમે દિલુભા બાપુ! પેલા ચૉકલેટિયા વિનોદ ખન્નાની સ્ટાઇલ મારવામાંથી કયાં ઊંચા આવતા હતા?’

‘શશી! એ વાતેય તારી સાચી. કોને ખબર, એ સમયે અમારી ઉપર ફિલ્મ કલાકારોનું કેવું ગાંડપણ હતું? અમે બંને – હું ને યોગેશ અમારી સપનાની દુનિયામાં ગળાડૂબ હતા... મયૂરી! એક પ્રસંગ યાદ આવે છે, સાલ હતી ૧૯૭૦ની. મને હૂબહૂ યાદ છે એ દિવસ! કદાચ મને અમદાવાદ આવ્યાને બેએક મહિના થયા હશે. હું મારા કાકાના ઘેરથી હૉસ્ટેલમાં રહેવા જતો રહ્યો હતો. મને એક સવારે યોગેશે કૉલેજમાં કહ્યું કે દિલુભા! આજે તમારે મારે ત્યાં જમવા આવવાનું છે. મેં કીધું કે તારે અહીં ઘર છે યોગેશ?’

‘અરે બાપુ! આવો તો ખરા?’ યોગેશે ભાર દઈ કહેલું.

‘તે દિવસે અમે કૉલેજથી બારોબાર યોગેશની રૂમ ઉપર ગયા. એ મારી પ્રથમ મુલાકાત તીસરી મંજિલની...’



મને આજે પણ હૂબહૂ નજરે ચડે છે...

આસ્ટોડિયા ચકલામાં મેઈન રોડ ઉપર સાંકડા લાકડાનાં પગથિયાં ચડીને ત્રીજે માળે મને યોગેશ લઈ ગયો હતો. કોઈ હિન્દી થ્રિલર ફિલ્મના સીન જેવું લાગતું હતું. એ ભેંકાર ત્રીજો માળ, દાખલ થતાં સામે રસોડું, બાજુમાં એક મોટો ઓરડો, એની બાજુએ બીજો ઓરડો, ઉપર ચાલીએ તો નીચેના માળે અવાજ આવે એટલે દબાતે પગલે ચાલવાનું સૂચન પહેલી મુલાકાતે જ મળી ગયેલું અને ઓરડાની આગળના ભાગે ગૅલરી, જે રસ્તા ઉપર પડે અને અમારી તીસરી મંજિલની સામે બસ્ટૅન્ડ....

‘મયૂરી, તને ખબર છે ને? તું એ જ બસસ્ટૅન્ડે ઊભી રહેતી?’

‘હાસ્તો. યાદ હોય જ ને?’

‘તારી એ પ્રેમસમાધિ તને તો યાદ જ હોય!’

મેં મારી વાત આગળ ચલાવી:

'પણ મયૂરી! પહેલાં મારી વાત સાંભળ... જે દિવસે યોગેશ મને સૌ પ્રથમ તીસરી મંજિલે લઈ ગયો'તો તે દા'ડે મારે નોકરીમાં રજા હતી. મને ગમે તેટલું વહેલુંમોડું થાય ઈની કોઈ ફિકર-ચિંતા ન હતી.'

❋

...અમે તીસરી મંજિલની રસ્તા ઉપરની ગૅલરીમાં ઊભા-ઊભા વાહનોના અવાજ સાંભળતા ઊભા હતા. મને યોગેશે કહ્યું કે, જો સવારે કૉલેજ આવ્યો તે પહેલાં મેં તારા માટે ખાસ રસોઈ બનાવી રાખી છે. આજે આપણે સાથે જમીશું. એમ કહીને મને સિગારેટની ઑફર કરી.

મેં કીંધું કે, 'યોગેશ, તું તો જાણે છે કે હું કયાં પીઉં છું?'

મને યોગેશે કોઈ દબાણ ન કર્યું. થોડીવારે અમે રસોડામાં જમવા બેઠા. એ કહે, 'દિલાવર? એક વાત કરું?'

❋

હું કાંઈ કૃષ્ણ ન હતો અને નથી, પણ યોગેશે તે દા'ડે સુદામાને ઘેર કૃષ્ણ જમવા આવે તે રીતે મને ભાવથી જમાડેલો. એ સ્મરણમાં એમનું એમ પડ્યું છે. ભાખરી-શાક, છાશ, મરચું, ગોળ. મોટેભાગે બટાકાનું શાક હતું અને ભાખરી ગોળમટોળ હતી.

મેં પૂછેલું કે, 'અલ્યા યોગેશ! તું કઈ રીતે જાણે? આટલી ગોળ ભાખરી બનાવવાનું?'

યોગેશે મને એક મોટો વાટકો કે છાલિયા જેવું દેખાડેલું અને કહેલું કે, 'જો આનાથી ગોળ ભાખરી બનાવી છે.' આ રીતે યોગેશે મને ભોજન કરાવેલું.

૨

તીસરી મંજિલના બાળ સખા – હું ને શશી, વરસતા વરસાદે મુંબઈથી કામ પતાવ્યા વગર અમદાવાદ તરફ કોરા ધાકોર આવતા હતા ને બોરીવલીથી મયૂરી મળી. મયૂરી અકસ્માતે મળેલી તે વાત સાચી, કારણ કે મયૂરીને મેં મારી મુંબઈ યાત્રાની જાણ કરી ન હતી.

હવે મૂળ વાત પર આવું. અમારો ભાઈબંધ યોગેશ હાલ આ દુનિયામાં નથી. જે ન હોય તેની વાતો કરવી વધુ ગમે. તેથી જ રેલવેના પાટે રોકાયેલી ગાડીમાં અમે યોગેશનો ભૂતકાળ વાગોળતા હતા. ત્યાં શશ્યો બોલ્યો, ‘દિલાવર! યોગેશના તો એટલાં સંભારણાં છે ને કે તેની વાતો કરીએ તો એક દસ્તાવેજ તૈયાર થાય.’

બોરીવલી વટાવ્યા પછી મયૂરી અમારી વાતોમાં ઓતપ્રોત થઈ ગયેલી. એ બોલી, ‘હું જ્યારે સૌ પ્રથમ વખત યોગેશને મળેલીને, એ વાત દિલાવર તને અને શશીને ખબર છે?’

‘મયૂરી! તીસરી મંજિલના બસસ્ટૅન્ડ સામે જ તો તમે સૌ પ્રથમ મળેલા ખરું ને?’

‘ના, શશીભાઈ! અમે પહેલવહેલાં ત્યાં નહોતાં મળ્યાં.’

‘તો કયાં મળ્યા’તા?’

‘અમે મારા ઘરની બાજુના બસસ્ટૅન્ડ ઉપર એક વહેલી સવારે મળ્યાં હતાં...’ એમ કહીને મયૂરી પણ અતીતમાં ખોવાઈ ગઈ.



એ દિવસ સોમવાર હતો. હું કૉલેજ જવા માટે ઘેરથી ઢોરબજાર કાંકરિયાના બસસ્ટૅન્ડ ઉપર આવી ત્યારે યોગેશ બસસ્ટૅન્ડના આગળના સળિયા ઉપર એક હાથ ટેકવી અને બીજા હાથે સિગારેટ ફૂંકતો ઊભો હતો.

‘મયૂરી! એ વખતે એ રાજકુમારની ઍક્ટિંગ મારતો હતો ને?’ શશીએ મયૂરીના વિચારને ખંડિત કરતાં કહ્યું.

‘અલ્યા શશી! આમ વચ્ચે ડફાકા શેનો મારે છે? પહેલા આ બાપડીની વાત સાંભળને? આટલાં વર્ષે યોગેશને યાદ કરીને પ્રથમ મિલનની વાત સાંભળવાની તાલાવેલી નથી થતી?’ મેં શશીને ટોક્યો.

‘દિલાવર! મેં શરૂમાં યોગેશ સામું ન જોયું. હું પાછળ બાંકડે બેસીને મારું પ્રિય પુસ્તક “મળેલા જીવ” વાંચતી હતી. થોડીવારે ભાઈ સાહેબે પાછળ ડોકું ફેરવ્યું. અમારી નજર મળી એકબીજા સામે. અમે હસ્યાં. સદ્ભાગ્યે એ વહેલી સવારે હજુ અમારા બે સિવાય બસસ્ટૅન્ડ ઉપર કોઈ ન હતું. પણ એ તો સોમવારની સવાર! એટલે આ એકાન્ત ક્ષણિક જ હતું તેની મને અને યોગેશને ખબર જ હતી.

‘મને ઓળખતી બે-ચાર છોકરીઓ આવી અને મેં યોગેશ તરફથી નજર હટાવી લીધી. પાંચેક મિનિટ મેં પેલી છોકરીઓ સાથે વાત કરી ત્યાં બસ આવી. અમે બસમાં ચડી ગયાં. હું જાણી જોઈને બસમાં છેલ્લી દાખલ થઈ. સદ્‌નસીબે મને યોગેશની બાજુમાં જ બેસવાનું આવ્યું.

‘એ અમારો સૌ પ્રથમ સ્પર્શ! થોડાં સંકોચાયાં. બંને એકબીજાથી માત્ર દેખાડા ખાતર જ. યોગેશે ‘બે ટિકિટ આસ્ટોડિયા’ એમ કહ્યું, પણ કંડક્ટરે એક કન્સેશન અને એક ટિકિટ આપી. મારો તો બસનો પાસ હતો એ કંડકટરને ખબર જ હતી.

‘બસમાં યોગેશે પહેલ કરી. કોઈ જાતનું બહાનું કાઢ્યા વગર મારા હાથ ઉપર તેનો હાથ મૂકી દીધો. મને તેની હથેળીનો ગરમ ગરમ સ્પર્શ બહુ જ ગમ્યો. મેં હાથ હટાવવાની કોઈ જ કોશિશ ન કરી. મેં કહ્યું, ‘તમે ઘરમાં કોણ કોણ છો? તમારાં બા ક્યારેય ગૅલરીમાં દેખાતાં નથી!’

‘હું ને મારો નાનો ભાઈ બંને એકલા જ “તીસરી મંજિલે” રહીએ છીએ. અમારું વતન તો હાલોલ છે. મારા પિતાશ્રી ગોરપદું કરે છે. ત્યાં મારે એક નાની બહેન અને એક બીજો નાનો ભાઈ છે.’

‘તમારા ઘરનું નામ “તીસરી મંજિલ” છે? સરસ નામ છે!’

‘ના, અમે આ મકાનને તીસરી મંજિલ કહીએ છીએ. એ ત્રીજા માળે છે ને!’

‘આ ઘર કોનું છે?’

‘મારા પિતાશ્રીના ભાઈબંધનું. મારા પિતાશ્રીના મિત્ર કૉર્પોરેશનમાં એકાઉન્ટન્ટ છે અને તેમની કને બે ઘર છે. તીસરી મંજિલ ખાલી હતું એટલે અમને રહેવા આપ્યૂં છે.’

‘તમે અહીં શા માટે આવ્યા છો?’

‘ગામડેથી બાપુજીએ અહીં મોકલ્યા છે. બાપુજીને એમ કે અમે અહીં ભણીશું-ગણીશું.’

‘તમે શું ભણો છો?’

‘હું એફ.વાય.બી.એ.માં છું ને મારો ભાઈ પ્રભાકર એફ.વાય.બી.કોમમાં.’

‘ઓહ! તમારા ભાઈનું નામ પ્રભાકર છે?’

‘હા!’

‘અને તમારું?’

‘યોગેશ!’

‘બંને જોડિયા છો?’

‘ના, હું મોટો છું.’

‘મારું નામ મયૂરી- છે. હું એસ.એન.ડી.ટી. ગર્લ્સ કૉલેજના પ્રથમ વર્ષમાં છું. મારી સવારની કૉલેજ છે અને તે આસ્ટોડિયામાં આવેલી છે.’

‘એટલે જ તમે ૧૧થી ૧૧-૩૦ વચ્ચે અમારા ઘરની સામેના બસસ્ટૅન્ડે ઊભાં હો છો ખરું ને?’

‘હા, અમારી કૉલેજ લગભગ સાડા દસ-પોણા અગિયારે છૂટી જાય.’

‘પણ યોગેશ! તમારે પણ સવારની જ કૉલેજ છે ને?’

'ખરું! પણ અમારું તો એવું ને કે મનમાં આવે તો જઈએ નહીંતર રામેરામ.'

'યોગેશ સાથેનો એ મારો સૌ પ્રથમ વાર્તાલાપ....' મયૂરી સ્વગત બબડતી હતી.

❋

હું ને શશી એક ધ્યાને મયૂરીની વાત સાંભળતા હતા. અમને વર્ષો પહેલાના યોગેશનો ચહેરો સ્પષ્ટ દેખાવા લાગેલો.

'શશીભાઈ! બસ તે ક્ષણે માત્ર આટલી જ વાત થયેલી. બસસ્ટૅન્ડ આવતાં હું મારી સખીઓ સાથે કૉલેજ બાજુ ગઈ ને યોગેશ બસ એમ જ ત્યાં ઊભો રહ્યો. મેં પાછળ વળીને જોયું તો પણ તે ઊભો જ હતો.

'આ રીતે જ તમારી પ્રથમ મુલાકાત પતી ગઈ?'

'ના, દિલાવર! ના, સાંભળ! હું તો કૉલેજથી અર્ધા કલાકમાં ગુલ્લી મારીને પાછી આવી ગઈ ચકલાના બસસ્ટૅન્ડે. તું માનીશ દિલાવર! યોગેશ સામેની ફૂટપાથ પર એમ જ ઊભો હતો. હું ઝડપથી રસ્તો ક્રૉસ કરી તેની પાસે ગઈ અને મેં પૂછ્યું કે તમે અત્યાર સુધી ક્યાં હતા?'

યોગેશે પાછળની બાજુ ડોકું ફેરવીને એક હોટેલ બતાવી. તેના ઉપર 'અમદાવાદ હિન્દુ હોટેલ' એવું બોર્ડ બતાવ્યું અને કહ્યું કે, 'હું ત્યાં ચા- નાસ્તો કરવા ગયો હતો.'

મેં કહ્યું, 'એકલા એકલા!'

તો યોગેશે મને કહ્યું કે, 'ત્યાં તમારાથી મારી સાથે ન અવાય. ત્યાં સારા ઘરની છોકરીઓ નથી આવતી. હોટેલનો માલિક વળી મને ઓળખે છે. મારી છાપ એક સીધાસાદા છોકરાની છે.'

મેં કહ્યું, 'કશો વાંધો નહિ, તો આપણે ત્યાં નથી જવું ને મારે પણ ચા-નાસ્તો નથી કરવા.'

'અરે... શા માટે કોઈ વાંધો હોય! ચલો તીસરી મંજિલે આવો. આપણે ત્યાં ચા-નાસ્તો કરીશું.'

❋

'કોણ જાણે કેમ! પણ યોગેશની પાછળ પાછળ હું યંત્રવત ચાલતી તેની રૂમ પર પહોંચી દાદરા ચડી ગઈ.

'અરે... વાહ! તો તું મયૂરી પહેલે દા'ડે જ તીસરી મંજિલમા પ્રવેશી ગઈ, ખરું?'

'હા, અમારા મિલનના પ્રથમ દિવસે જ.'

❋

અમે જ્યારે તીસરી મંજિલમાં પ્રવેશ્યાં ત્યારે ત્યાં કોઈ જ ન હતું. યોગેશે તાળું ખોલ્યું. હું યોગેશ પાછળ ખેંચાતી અંદર પ્રવેશી. વચ્ચેના ઓરડામાં બે ખુરશી હતી અને સામેના ભાગમાં એક ટેબલ અને ટેબલની બાજુમાં નીચે ગાદલું પાથરેલું હતું.

'અરે... મયૂરી! તું તીસરી મંજિલનું વર્ણન કરવાનું રહેવા દે ભઈ! અમે આંખ બંધ

કરીએ ને તો અમને આખીયે તીસરી મંજિલ હૂબહૂ દેખાય જ.'

'સૉરી... સૉરી... હું કોની જોડે આ વાત કરું છું એ તો વળી ભૂલી જ ગઈ. યોગેશે તે દા'ડે મારી સાથે જે વાતો કરેલીને? તે ખૂબ જ ગંભીર હતી. આજે એ વાતો યાદ આવતાં હસવું આવે છે.'

'યોગેશ દેશની વાત કરતો હતો. ૧૯૭૦નો એ સમયગાળો હતો. ભગતસિંહની જેમ અણીદાર મૂછવાળા પોતાના બે-ચાર ફોટા મને બતાવ્યા, પણ મને કંઈ જ સમજણ ન પડી. એક બાજુથી સતત સિગારેટો ફૂંક્તો અને બીજી બાજુથી દેશદાઝની વાતો?'

'પણ મને તો યોગેશમાં જ રસ હતો. મેં તો કંઈ જ ધ્યાન ન આપ્યું.'

'યોગેશ સતત કંઈક ને કંઈક બબડતો જ હતો. વચ્ચે વચ્ચે મને પૂછતો: – કંઈ ખાઈશું? નીચેથી ફરસી પૂરી મગાવું? બહુ જ સરસ મળે છે હો? સવાર સવારમાં આપણે કશુંક ખાઈ તો લેવું જ જોઈએ. પેટને ખાલી ન રખાય. એસિડિટી થાય. આપણે તબિયત તો સંભાળવી જોઈએને? આવો બડબડાટ ખૂબ જ ધીમેથી કરતો હતો. મને વિચાર આવ્યો કે આ કેવો છોકરો છે? પ્રેમની કોઈ વાત જ નહિ ને એસિડિટીની વાત? નાસ્તો મગાવું મગાવું કરે છે પણ કંઈ જ મંગાવતો તો નથી? કેવો છે આ છોકરો?'

'જો મયૂરી! એવું છે કે મને મારી બા બહુ ગમે છે. મારા બાપુજી કડક સ્વભાવના છે, પણ બા છે ને એ બહુ જ લાગણીશીલ છે. તું મળીશ ને ત્યારે તને સમજાશે.'

'અને હા... દિલાવરભાઈ, યાદ આવ્યું તમારી પણ વાત કરી હતી તે સમયે. તમે ને યોગેશ જ સૌથી જૂના મિત્ર!'

'યોગેશે મને કહેલું કે મારે એક મસ્ત ફ્રેન્ડ છે. એનું નામ એ જ એનો ગુણ! કાઠિયાવાડી છે. ઊંચો, પડછંદ. તું મળીશને તો ઇમ્પ્રેસ થઈ જઈશ. દિલાવર નામ છે, મારા અહીંના એકમાત્ર દોસ્તનું...

'દિલાવર! તું માનીશ? મને યોગેશ સાથે પ્રથમ નજરે પ્રેમ થયેલો. મને એમ કે એ પ્રેમની વાતો કરશે. કોઈક રોમૅન્ટિક અદા કરશે. એકાન્ત મળ્યું હોવા છતાં એક યુવાન કોઈ હિંમત ન કરે? મને ઘણી જ નવાઈ લાગતી હતી. હું કેટલી તરસતી હતી! જીવનમાં કોઈક પુરુષ સાથેનું આ સૌ પ્રથમ એકાંત હતું.

'બસ, આમ ને આમ કલાકેક થયો હશે. પછી મેં કંટાળીને કહ્યું કે, યોગેશ તો હું હવે જઉં?' તો કહે – 'બસ, તમે જશો? બેસોને? વાતો કરીએ. નથી ગમતું? મારી સાથે વાત કરવાની મજા નથી આવતી?' એમ કહેતો યોગેશ મારી એકદમ નજીક આવ્યો.

મારી આંખમાં આંખ પરોવીને મને કહેવા લાગ્યો: 'બસ જવું છે? થોડીવાર રોકાવને? તમે આવ્યા છો તે મને ઘણું જ ગમ્યું છે.'

'યોગેશના શ્વાસ મારા નાકને અડક્યા. હું થોડી વધુ નજીક ગઈ. પછી યોગેશે મને બાથમાં ભીડી દીધી. મેં આંખ બંધ કરી. યોગેશ એમ ને એમ જ ચીપકેલો રહ્યો. થોડીક ક્ષણો અમારા વચ્ચે મૌન આવી ગયું. અમે મૌનથી થોડી વાતો કરી. એ પછી અમે ક્યારે નીચે પાથરેલા ગાદલામાં સરકી ગયાં તેનું ભાન ન રહ્યું.

'યોગેશ એકદમ આવેશમાં આવી ગયો. તેના હાથ મારા શરીરના જુદા-જુદા અંગો ઉપર ક્યારે ફરવા લાગ્યા તેની મને કોઈ જાણ ન રહી. અમે એકમેકનાં થઈ ગયાં. પ્રથમ મુલાકાતે અમે જિંદગીની તમામ ક્ષણો માણી. મને કોઈ જ ડર જેવું ન લાગ્યું. કોણ જાણે કેમ પણ મને યોગેશને મારું શરીર સોંપતાં કોઈ સંકોચ, શરમ કે બીક ન લાગી. આ મારો

પ્રથમ પ્રેમ હતો.

'દિલાવર, જીવનની આ પ્રૌઢ અવસ્થાએ તમારી બંને પાસે આ કબૂલાત કરતાં સંકોચ એટલે નથી થતો કે મારા પતિનું અવસાન થયાને ય દસેક વર્ષ થઈ ગયાં છે. બાળકો એમના સંસારમાં છે. આ ઉંમરે મને યોગેશ ઘણીયે વાર યાદ આવે છે અને મારી આ અવસ્થાએ તમે લોકો અનાયાસે મળી ગયા.

'મયૂરી! આ આપણું જીવન છે ને એ કેટકેટલાય જીવનરસોથી ભરેલું હશે. આપણને શી ખબર? તું ને યોગેશ જો પરણ્યાં હોત ને તો કદાચ યોગેશ આજે આપણી સાથે હોત...'

'દિલાવર, વાત તો તારી સાચી. જિંદગીમાં એવાં વાવાઝોડાંય આવે છે કે કયું ઝાડ ક્યારે ક્યાં ધરબાઈ જાય એની શું ગતાગમ પડે? આજે આટલાં વર્ષે કેવું કેવું યાદ આવે છે? મને તો એ પણ ખબર નથી પડતી કે આવી વાત હું તમારી સાથે શા સારુ કરતી હોઈશ? કોઈ સ્ત્રી આવું કરે? આટલાં વર્ષો પછી આવાં હાડપિંજરો ઉખેડવાથી શું મળવાનું?'

'મયૂરી! આવું ન વિચાર. આપણે કૉલેજકાળના દોસ્તો છીએ ને?

'ચલ, જવા દે!

'મયૂરી! તને ખબર છે ને!' જ્યારે તારા પપ્પાએ લગ્નની ના કીધેલી ત્યારે યોગેશે તને ભગાડી જઈને લગ્ન કરવાનું નક્કી કરેલું?'

'હા, શશીભાઈ! મારા પપ્પાને ખબર પડી પછી મારે ને યોગેશને મળવાનું સાવ જ બંધ થયેલું.'

'મયૂરી, તને ખબર છે? તારા ઘરનું સરનામું યોગેશે કઈ રીતે મેળવેલું? અને ઘરનું સરનામું શા કારણે શોધવું પડેલું?'

'આ વાતની શશીભાઈ, મને કશી જ ખબર નથી. પણ એટલી ખબર છે કે મને ભગાડી જવા માટેની મને જાણ કરવા, મારે ઘેર બહાનું કાઢીને કોઈકને મોકલવાનું હતું.'

'મયૂરી! તને યોગેશે ભગાડી જવાના પ્રસંગની અને તારા ઘરનું સરનામું શોધવાની વાત નહોતી કરી? એ તો બહુ રોમાંચક ઘટના હતી. દિલાવર! બોલ! કરીશું આ મયૂરીને એ પ્રસંગની કડવી-મીઠી વાતો?' એમ કહીને શશીડાએ પગ પર પગ ચડાવ્યા.

'એમાં દિલાવરને શાનું પૂછવાનું શશીભાઈ?'

'મયૂરી! પૂછવું પડે તેવું જ છે. આ ઊંચો પડછંદ દેખાતો દિલાવર મારો બેટો? કેવું કર્યું'તું આ કાઠિયાવાડીએ તે સમયે?'

'કઈ વખતે શશીભાઈ! અને દિલાવર! આ શશીભાઈ શું વાત કરે છે?' મયૂરીએ જિજ્ઞાસાથી પૂછ્યું.

'કંઈ જ નહિ મયૂરી. ખાસ કંઈ નવું નથી તેની વાતમાં. તું તો જાણે છે ને કે આ શશીડો બકવાસ છે? આ... આ... બહાર જો કેવો ખાંડાની ધારે મેહુલો વરસી રહ્યો છે! મને તો લાગે છે કે કદાચ રાતભર પોરો ખાવાનું નામ નહિ લે.'

'હા... હા... દિલાવરિયા! વાતો બદલ... તારી નીચે રેલો આવ્યો તો કેવો આઘોપાછો થાય છે? અરે આ ઉંમરે હવે શેનું શરમાવાનું?'

'જો શશી! એ વાતમાં કોઈ દમ નથી. હું શેનો શરમાઉં? બાકી તારે વાત કરવી

હોય તો કર. મને કાંઈ ફરક નથી પડતો. પણ જોજે તું છું સાલા ફાટેલી નોટ! જરા જલદી તારી લવારી પૂરી કરજે.'

'દિલાવર, આ બહુ કહેવાય. તું કેટલું અપમાન કરે છે શશીભાઈનું?'

'મયૂરી! આ જ અમારી દોસ્તી છે. દિલાવરનું બોલેલું મને ક્યારેય ખરાબ નથી લાગતું. એ ગરમ થાય ને, ત્યારે કેવો ખીલી ઊઠે છે?'

'શશી? શેની હોંશિયારી ઠોકે છે? મારું ખરાબ લગાડવું હોય તો એક-બે ને સાડા ત્રણ...'

'હા... હા... હા... જોયું મયૂરી! મજા આવી ગઈ.' શશી ફરી ખડખડાટ હસી પડ્યો.

'શેની શશીભાઈ?'

'આ દિલુભાબાપુની ખોપરી તપાવવાની.'

'અરે... જા ભઈ જા. તારી તપેલી ચડે, મારી નહિ સાલા શશ્યા?'

'દિલાવર! એ તો તું મયૂરીને પૂછને? કોની તપેલીએ ગરમી પકડી છે?'

'એમ તો શશ્યા તારી ઘણી આવી વાતો મારી કને છે. જો હું યે એ બધી કહુંને તો ફાટી પડીશ...'

'જો દિલાવર! બહુ થીંગડાં ન માર અને હિંમત રાખી સાંભળ થોડીવાર.'

'હા, શશીભાઈ થવા દો.' મયૂરીએ કહ્યું.

'થવા દે ત્યારે શશી ઘોંચુડા? એક તો તારાથી કંઈ થાય નહિ અને બીજાનાં કપડાં ઉતારવાની તારા જેવાને મજા આવે... આ તો તારો સ્વભાવ છે એમાં વળી નવાઈ જેવું શું છે?'

'દિલાવર! તારે જે કહેવું હોય એ કે'વાની છૂટ પણ હું તો મયૂરીને આ વાત કરવાનો ને કરવાનો જ. સાંભળ મયૂરી! આ યોગેશ તને કેટલાય દિવસથી તીસરી મંજિલની ગૅલરીમાંથી ઝાંખ્યા કરતો'તો. તારી સાથે યોગેશને પ્રથમ નજરનો પ્રેમ થયેલો. તારા ઉપર શાયરીઓએ બબડતો'તો. એક તો હજુ મને યાદ છે.

'તૂ હૈ તો ચાંદ હૈ ફીઝા હૈ. મ્હેકી હવા ભી!
તૂ નહિ તો યે ચાંદ, ફીઝા ભી હવા હૈ!!'

'તને યોગેશ માટેનું જે ખેંચાણ હતું તેટલું જ યોગેશિયાને પણ તારા માટે હતું જ. એ પણ તારા ખ્યાલોમાં જ ખોવાયેલો રહેતો હતો.'

'અલ્યા શશી! તું શું વાત કરે છે? અને તારે શેની વાત કરવી છે? ઈનું કંઈ ભાન-બાન છે? આ મયૂરીને યોગેશના પ્રેમની ખબર ન હોય? સાલા ગધેડા!'

'દિલાવર, શાંતિ પકડીને બેસ ને મારા ભઈ? યોગેશની વાતો સાંભળવાની મજા આવે છે. મયૂરીએ રસભંગ ન થાય એટલે મને આમ પ્રેમથી કહ્યું.' શશીએ વાતનો દોર ફરી પકડયો અને વાર્તા ચાલુ કરી...



શશી બોલ્યો: '...એક દિવસ યોગેશે આ દિલાવરને કહ્યું કે, દિલાવર પેલી કેડી

સામે રોજ ઊભી હોય છે ને? બસસ્ટૅન્ડ ઉપર?’

‘હા, યોગેશ! તારા ઉપર લટ્ટુ હોય એવું લાગે છે.’ દિલાવરે કહેલું.

‘દિલાવર! આ કેડી એટલે શું?’

‘કાલુ દાદા. મયૂરી તારું નામ અમે કાલુ દાદા – કેડી રાખેલું.’

‘તમે તો જબરા! અમારાં આવાં નામો રાખવાનાં હોય?’

‘અરે મયૂરી! હવે શું વિચારવાનું? તારો વાન કનૈયાને મળતો આવતો’તો અને યોગેશ કાનુડાને કાલુ કહેતો... પણ તું શશીની વાત સાંભળને?’

શશીડાએ આગળ ચલાવ્યું.

‘મયૂરી, એક દિવસ તારી સાથે તારી બસમાં વેશપલટો કરીને ભાઈ સાહેબ બેસી ગયા. ટિકિટ છેલ્લા સ્ટૅન્ડ સુધીની લીધી. તું જે બસસ્ટૅન્ડે ઊતરી અને ભાઈસાહેબ પણ ઊતરી પડયા. ધીમે-ધીમે તારી પાછળ પાછળ ખેંચાયા. થોડે સુધી ગયા ને તને કોઈક મળ્યું. તું એના સ્કૂટર પર બેસીને પલકવારમાં કઈ ગલીમાં જતી રહેલી તેની યોગેશને ખબર ન પડી.

‘બીજા દા’ડે સાંજે યોગેશે બધા ભાઈબંધોને આ આખીયે ઘટના જણાવી. અને કાલુદાદાનું ઘર ક્યાં આવ્યું છે તે કઈ રીતે શોધી કાઢવું એ બાબતે લાંબી ચર્ચાઓ કરી. તને ભગાડીને લગ્ન કઈ રીતે અને ક્યાં કરવાં – લગ્ન કરીને તમારે ક્યાં રહેવું – એ બધી વાતો લંબાણથી થયેલી.’

‘અલ્યા શશી! તું વારે વારે વાતમાં મોણ શેનું નાખે છે? બકી મારને, જે મૂળ વાત માડવી છે ઈ કરને બાપ?’

‘બાપુ! ધીમા ખમો – ઉતાવળા શીદને થાવ છો? મયૂરી આટલા વખતે મળી છે તો માંડીને વાત કરવા દોને? પ્લીઝ!’

‘હા, દિલાવર સાંભળને? તું આ ઉંમરેય ખરો ઉતાવળિયો છું.’

‘મયૂરી! આ બાપુડીને પૂછ કે રેણુ કરીને આ બજરંગને એક બહેનપણી હતી તે યાદ છે?’

‘તો હેં શશીભાઈ! દિલાવર બજરંગ હતો? કોઈ બહેનપણી ન હતી? તો પેલી મારા નામવાળી મયૂરી કોણ હતી? અને આ રેણુ વળી કેટલામી સખી હતી?’

‘વાત જ ના પૂછીશ, મયૂરી! આ ભાઈ તો રંગરેલિયાં કરવા માટે જ સૌરાષ્ટ્રથી અહીં આવેલા. જે એના કહ્યામાં અને દાબમાં રહે એ ભાઈસાહેબની ગર્લફ્રૅન્ડ.

‘શશી, મારા ભાઈ! તને મારા ઉપર કેમ કોઈ દયા નથી આવતી? આજે આટલું હેત શાથી ઊભરાયું છે? મેં કોઈ છોકરીની મરજી વિરુદ્ધ કાંઈ કર્યું છે ખરું? યાદ આવતું હોય ને શશી, તો બકી માર!’

‘દિલાવર! તું કયારેય છોકરી સાથે સાચુંયે બોલ્યો છે ખરો?’

‘શશ્યા બંધ કર તારી લવારી અને હાંભળ જે જુઠ્ઠાણું કોઈને નુકસાન કરે એવું ન હોય તે બોલવામાં વળી વાંધોયે શું? માનનીય શશીભાઈ! મને કહેશો કે સત્ય એ વળી શું?’

‘દિલાવર, જે સાચું હોય તે સત્ય. જેમ કે, અત્યારે રાત્રીનો એક વાગ્યો છે તે સત્ય. મારું યોગેશ સાથે લગ્ન ન થયું તે સત્ય. આપણે હાલ મળ્યાં તે સત્ય. અત્યારે ટ્રેન વરસાદે

અધવચ્ચે રોકાઈ પડી છે તે સત્ય. સત્ય એટલે બીજું શું?' મયૂરી બોલી.

'મયૂરી! આપણે આવાં સત્યોની વાત નથી કરતાં. આ બધાં તો સનાતન સત્યો છે. મારે આપણા શશી માસ્તરને જે સત્ય પૂછવું છે એ બીજું, આ નહીં.'

'દિલુભા બાપુ! સત્ય વિશે ચર્ચા કરવી છે કે પછી મયૂરીના ઘેરથી તેના કિડનેપિંગના પ્રસંગની વાત કરવી છે?'

'શશી, વાત તો આપણે મયૂરીની જ કરવી છે. પણ એમાં એવું છે ને ભાઈ! કે તારા મોંએ સત્યની વાત થાય એટલા માટે મારે પહેલા સત્યની વ્યાખ્યા તમને શિખવાડવી પડશે. નહીંતર તમે આ ઉંમરેય કોઈ સ્ત્રીને જુઓ છો તોય સંયમની સાંકળ ક્યાં પકડી શકો છો? વળી તમે જે રજૂઆત કરવાના છો ને, એમાં સત્યની જે તોડફોડ તમે કરવાના છો ને એનાથી મયૂરીને મારા માટે ગેરસમજ તો ન થવી જોઈએ ને? સમજ્યા શશીકાન્ત?'

'દિલાવર! તો પછી આપણે સત્યની પરિભાષા મૂળથી સમજી લઈએ અને પછી જ પ્રસંગની વાત?'

'છોડોને શશીભાઈ! તમેય ખરા છો હોં? દિલાવરની વાતમાં આટલા ગંભીર કેમ થાવ છો?'

'મયૂરી! તું સાંભળે છે ને? મારા ઉપર કેવા કેવા આરોપો કરે છે આ દિલાવર! એ સાચું કે હું છોકરી આગળ ભાઈબંધોનું ઘસાતું બોલું. એનાં ઘણાં-ઘણાં કારણો હોય. પણ તારી આગળ? તું મારા માટે છોકરી કે'વાય કે યોગેશની પ્રિયતમા? આ ગધેડાને સમજાવ મયૂરી? કંઈક તો સમજાવ? કે તું મારે શું થાય?'

'જો શશી! આ તેં કહ્યું ને, કબૂલ્યુંને કે એ વાત સાચી કે હું છોકરી પાસે મિત્રોનું વાંકુંચૂકું બોલું છું. એ તારું કહેવાનું જે છે તે સત્ય, વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું જ કહેવું અને વર્ણવવું તેનાથી વધારે કે ઓછું કે વિપરિત તો નહિ જ. તે જ સત્ય! અને શશી! જો તને આ સત્યની સમજણ પડી ગઈ હોય ને તો હવે મારે સત્યની ચર્ચા નથી કરવી. તારા માટે મયૂરી શું છે તેની મને જાણ છે હોં? તું તારે મયૂરીના કિડનેપિંગની કથા માંડ.'

'મયૂરી! આવી ગયાને બાપુ લાઇનમાં? મિયાં પડે પણ તંગડી ઊચીની ઊંચી જ રાખે.'

'શશી! તું જ્યારે ઊંડા ખાડામાં પડે, અને ત્યારે તારી પાહે તંગડી હોય ને, તો કોશિશ કરી જોજે કે રાખી શકાય છે તમારી તંગડી ઊંચી!'

'દિલાવર! શશીભાઈ! ખરું કહું? પ્લીઝ, તમે આ રીતે દરેક વાતે ઝઘડ્યા વગર યોગેશની વાત કરો ને? એક તો મને અમદાવાદ મારા દીકરાના ઘરની ચિંતા થાય છે. બીજું યોગેશ આટલાં વર્ષે યાદ આવ્યો છે... અને વળી તીસરી મંજિલના મિત્રો આમ અચાનક મળ્યા છે. તો મારા ખાતર પણ તમે ગાડીને અવળે પાટે ના લઈ જાવને? મને જીવન કંઈક જીવવા જેવું લાગ્યું છે.'

'અલી મયૂરી! કઈ ગાડીની તું વાત કરે છે? આ ગુજરાત મેલ તો આમે એના પાટા ઉપરેય ચાલી શકતો નથી. આ શશ્યાની ગાડીયે લંગડાતી ચાલી છે આખી જિંદગી. મારું પણ એવું જ છે ને? આ જીવનમાં કોઈની ગાડી ઈની ઇચ્છા મુજબ ચાલતી તેં જોઈ છે? જીવનગાડીને જેમ ચાલવું હોઈ ઈમ ચાલવા દેવી જ પડે. એમાં આપણું શું ચાલે?'

'દિલાવર! તું કેમ સમજતો નથી? હું વિતેલા સમયની વાતો જાણવા માગુ છું. મેં ક્યાં મારી મરજીએ ગાડી ચલાવવાની વાત કરી છે?'

'મયૂરી, આ ગાંડાલાલ સાથે તું જે ચર્ચા કરીશ ને? એ તારા શબ્દો પકડીને ચર્ચા ચકડોળે ચડાવશે. માટે મગજ ન બગાડીશ. શું દીકરાને ત્યાં કોઇ મોટી તક્લીફ જેવું છે?'

'ના શશીભાઈ! એવું નથી. હું અહીં બોરીવલીમાં મારા એક સગાની ખબર જોવા આવી'તી અને તેમાં અમદાવાદથી ફોન આવ્યો કે મારા દીકરાનો બાબો બહુ જ બીમાર છે અને દાદી દાદીનું રટણ લઈને બેઠો છે, તો મન ત્યાં અટકી ગયેલું હતું. એટલે આવા વરસતા વરસાદે હું તો એમ ને એમ જે ગાડી મળી તેમાં ચડી બેઠી. મન પેલા બાળુડામાં અમદાવાદ પહોંચી ગયુ'તું. આ તમે મળ્યાને તો થોડી વાર ભૂતકાળમાં ખોવાઈ ગઈ.'

'બસ, મયૂરી, આ જ છે ચિંતા! ફિકર, લાગણી, પ્રેમ, સઘળું આવું જ છે. યાદ આવે ને ત્યારે જ ઊભરાયેલા દૂધ જેવું લાગે. સ્મરણમાં ન હોય ત્યારે ક્યાંયે પોટલું વળીને માળિયામાં પડ્યું હોય. એટલે જ મયૂરી! પેલું યાદ રાખવું કે, ચિત્ત તું શીદને ચિંતા કરે હરિને કરવું હોય ઈ કરે.'

'ચલ ત્યારે મયૂરી, આ દિલાવર મને એ વાત નહિ જ કરવા દે. માટે છોડ! આ ઉંમરે હવે દિલાવરના કપડાં ઉતારીને નગ્ન કરવાથી શું મળશે?'

'જો મયૂરી! બહાર કેવો વરસાદ જામ્યો છે? અટકવાનું નામ જ નથી લેતો. અલ્યા દિલાવર! મુંબઈના વડા-પાંઉનો સ્ટોક છે? ખાઈશું થોડું?'

'હા, શશીભાઈ. ભૂખ તો મનેય લાગી જ છે. બળ્યું ચિંતા કરેય શું વળવાનું? ભગવાન કરે ને બાબલાને સારું હોય...'

'મયૂરી, લે તું આ વડા-પાંઉ ખાઈ લે. આ સાથે લિમ્કા છે. શાન્તિથી ખાઈ લે. શશ્યા તારી બાટલી જુદી છે. હેંડ આપણેય એક એક ચટકાવીએ. મયૂરી! પેલી વાત હવે હું જ તને કહું છું. સાંભળ...'

⁕

'...આ શશ્યો એમ માને છે કે મને તારી શરમ આવે છે. ખરું કહું? શશ્યાની વાત સાચી હતી, થોડી શરમ યે આવતી હતી... વાત પણ એવી છે ને કે મારે ડૂબી મરવું પડે... આમ ભાઈબંધી શેં ટકે? ખરી મુશ્કેલીના વખતે જો જીગરી ભાઈબંધ પીઠ બતાવે એ થોડું ચાલે?'

'તો દિલાવર, તેં પીઠ બતાવેલી? તારા જેવો બળુકો? પહાડ જેવો પડછંદ દિલાવર! આ શું વાત છે?' વડા-પાંઉ ચટકાવતાં મયૂરી આશ્ચર્યચકિત થતી બોલી.

'ના મયૂરી, સાવ એવું યે નથી. દિલાવરની એટલી મોટી ભૂલ પણ ન હતી પણ એટલું ચોક્કસ, કે દિલાવરે એવું કરવાની જરૂર ન હતી.' શશીએ મમરો મૂક્યો.

'આ તમે બન્ને મભમ વાતો કરો છો તે ફોડ પાડોને? ચલ દિલાવર, કહી દે. હવે તો મારે તારા મોંએ જ સાંભળવું છે.'

⁕

મને ય લાગ્યું કે હવે મારે જ આ વાત ટૂંકમાં કહી દેવી જોઈએ એટલે મેં જ મયૂરીને કહ્યું, 'જો મયૂરી, યોગેશ તારી હારે બસમાં બેસીને તારું ઘર જોવા આવ્યો હતો બરાબર! અને તું કોઈકના સ્કૂટર પર બેસીને જતી રહેલી એટલે ઈ બાપડો પાકું સરનામું ન

મેળવી શક્યો. બરાબર!'

'ઈ કોઈક ન'તું દિલાવર! એ મારો બાપ હતો. રોજ બસસ્ટૅન્ડ પરથી મને લેવા આવતો.'

'હા એ જે હોય તે પણ સાંભળ... પછી આ શશ્યો જે રેણુની વાત કરતો હતો ને? ઈ રેણુની મદદ લઈને અમે તારે ઘેર પહોંચેલા. પણ ઈ તારો બાપ બહુ જ પહોંચેલો. ઈને પાકી ગંધ આવી ગયેલી. છટકું ગોઠવેલું. જેવા અમે તારા ઘર પાસેના ચાર રસ્તે પહોંચ્યાને, થઈ શરૂ અમારી ધોલાઈ. હવે આખું ટોળું યોગેશ અને શશ્યા ઉપર તૂટી પડ્યું. મને તો માહિતીગાર ગણીને કોઈએ ટપલીયે ન મારી. ખરી વલે કરી પેલી બાપડી રેણુની. ઈના બાપે એનીયે ધોલાઈ કરેલી. એટલે મેં આ બંનેને માર ખવડાવેલો એવો આરોપ આજ લગી ભૂંસાયો નથી, મયૂરી!'

'દિલાવર, આ કાંઈ તેં માર ખવડાવ્યો એમ ન કહેવાય.'

'શશીભાઈ! તમે અને યોગેશે તમારા લખ્ખણે માર ખાધો ગણાય. હા... પેલી કોણ? રેણુ. એ વગર વાંકે ધોવાઈ ગઈ તેમ કહેવાય.'

'શું મયૂરી તું પણ આ દિલાવરની વાતમાં આવે છે? એણે જે કહ્યું એ બધું એમનું એમ તેં માની લીધું?'

'દિલાવર! હું ને યોગેશ પહેલી મુલાકાતે મળેલાં તે વાત મેં તમને આજે કહી તેની તમને ખબર હતી? વળી આ તોફાનની તમે જે વાત કરો છો તે મારા અને યોગેશના મળ્યા પહેલા થઈ ગયેલું હતું ને?

'હા... હા... પહેલા જ તો, પછી તો તમે ક્યાં જુદાં જ પડેલાં?'

'યોગેશે માર ખાધાની વાર્તા મને ક્યાં કરી હતી? ખેર! જવા દો. આજે તો આજે. ખબર પડી તો ખરી ને? અને હા શશીભાઈ! પણ દિલાવરે તો કહી જ દીધું છે ને કે તેને માર ન પડ્યો અને તમારી ધોલાઈ થઈ. આમાં ક્યાં વિપરીત રજૂઆત થઈ?'

'જો મયૂરી, વાત એમ છે કે દિલાવરે ધાર્યું હોત તો ત્યાં ઊભેલા કોઈની તાકાત ન હતી કે કોઈ અમારી આ હાલત કરે.'

'અલ્યા શશ્યા! તું બુડથલનો બુડથલ જ રહ્યો. તારામાં હજુય અક્કલ આવી નથી? તને શેં સમજાવું કે જો તે ટાણે મેં જોર કર્યું હોત તો વાતનું વતેસર ન થાત? આપણે મુખ્ય બાબત આઈ મીન, યોગેશ અને મયૂરીનાં લગ્નની બાબત વિચારવાની હતી. અને યાર! તું યે ખરો છે શશ્યા, પ્રેમમાં કોઈ થોડો ફૂલોનો વરસાદ વરસાવે? એમાં તો કાંટા જ હોય ને? કોક બચારૂં બચી જાય અને કોકને વધુ મળે એ હંધુયે ભૂલી જવાનું.'

'જોયું મયૂરી! આ તારો દિલાવર વાતોમાં તો હાથમાં નહીં જ આવે. માટે છોડને ભઈ?'

'અરે દિલાવર! જો તો કોઈક આપણી બાજુ પીટ માંડીને બેઠું બેઠું આપણી વાતો સાંભળતું હોય એવું લાગે છે.'

મયૂરીએ ત્રાંસી આંખે બાજુમાં જોયું. મેં બેફિકરાઈથી એમ જ કહ્યું. 'હશે. આપણે શું?'

મયૂરી ધીરેકથી બોલી, 'ના ભઈ! તપાસ તો થવી જ જોઈએ. શશીભાઈ, જુઓ તો ખરા કોણ છે એ?'

'કેમ શશી! શું ચાલે છે ભાઈ? શું વાત છે? સાથે દિલુભા બાપુયે છે ને વળી?'

'અરે બટાકી તું? આવી ગયો ભાઈ?'

'અરે બટુક! આપણો બટુક છે! શશીભાઈ! હા એની જમણા હાથની ટચલી આંગળી દેખાઈ? જરા ધારીને જો ને મયૂરી...'

'કોણ કેડી દાદા પણ છે દિલાવર? શું છે ભઈ? તેં કેડી દાદાનેય આમંત્રણ પાઠવેલું આ વરસતા વરસાદે? હિલાવર! જીવનનું સૌથી મોટું અચરજ આજે જોયું. મેં મારા હાથને ચૂંટી ખણી. મને થયું કે આવું યે હોય? ગધાપચીસી વખતના મિત્રો આ ઉંમરે આ રીતે ગાડીમાં ભરચોમાસે તું ભેગા કરી શકે? મને વિશ્વાસ ન'તો બેસતો. મારું અજ્ઞાત મન ભૂતકાળમાં જતું રહેલું. મારે તને ને શશ્યાને નક્કી થયા મુજબ મળવું તો હતું જ અને અમદાવાદ પણ પહોંચવું હતું તેથી ગાડી બદલતો બદલતો અહીં આવી ગયો. દિલાવર! સૌ પ્રથમ તું ઓળખાઈ ગયો યાર!'

'અલ્યા બટુક! શું છે બોલ? હજુ નિવૃત્ત નથી થયો?'

'ના યાર! સાઉથમાં એક સ્પીનિંગ યુનિટમાં માસ્તર છું. દીકરો અમેરિકા છે. ઘરવાળી અમદાવાદમાં જ છે. આ તારું નિમંત્રણ મળ્યું એટલે એમ થયું કે આ બહાને ઘરવાળીનેય મળી શકાશે.'

'અલ્યા તારે હજુ નાણાંની જરૂર ખરી? બામણ થઈને આવી નોકરીની મહેનતો અને વળી આ ઉંમરે તમારે તો મહેનત વગરના ધંધાયે ખરા જ તો?'

'અલ્યા દિલુભા, જુવાનીમાં તારા જેવાની ભાઈબંધીએ અમારા ખાનદાનના ધંધામાં શે રસ રહે? માસિક પચ્ચાસ હજાર, ખાવું-પીવું-રહેવું મફત. તો શાથી ના કરીએ આવી રૂડી નોકરી?'

આ બટુક પણ અમારી તીસરી મંજિલનું એક અટકચાળું ફરજંદ. યોગેશનો કાંક સગો થતો હતો અને વળી બાળ-સખોયે ખરો જ.

'બટુક, સારું કહેવાય. પણ છોડ! અમે તો આજે યોગેશને બહુ જ યાદ કરીએ છીએ અને આપણા મિલનનું કારણ પણ આ યોગેશ જ છે.' એમ કહીને મેં જ થોડી વાર પહેલાં મયૂરી અને શશી જોડે કરેલી વાતો બટુકને ટૂંકમાં કીધી.

3

આ રીતે રેલવેના ડબ્બામાં વર્ષો પહેલાંનાં ભાઈબંધો ઢળતી ઉંમરે મળે અને એમની જોડે યુવાનીની ખટમીઠી વાતો થાય, ટેસડો પડી જાય મારા ભઈ!

ઘણીવાર એવું યે થાય કે આપણે ગધા-પચ્ચીસીના કાળે આપણા બાળપણની જે વાતો ભાઈબંધો હારે ન કરી હોય ને, ઈ વાતો આ ઉંમરે ઠાવકા થઈને કરીએ તો નોખી જાતની મજા લૂંટીએ.

❋

કોઈ પ્રકારની ચિંતા કે પરિસ્થિતિની ગંભીરતા વગર બેફિકરાઈથી અમે અમારી યુવાની ગાળેલી. પ્રૌઢવયે એ સઘળી વાતું એ સમયના ગોઠિયા હારે વાગોળવા મળે ત્યારે જેમ મહારાજા કૃષ્ણ સુદામાને મળવા ઉઘાડા પગે ભરબજારે દોટું મૂકે અને પેલો નટખટ કાનુડો સમૂળગો અતીતમાં ખોવાઈ જાય તેમ અમે પણ 'એલા તને યાદ આવે છે? કેવું થયું'તું તે દાડે?' એમ કહીને ત્રીસ-પાંત્રીસ વરસ જૂની બનેલી ઘટનાની વાત જાણે આજે જ આંખ સામે બની હોય તેમ કહીએ. તો વળી આપણાંમાંનો કોઈક વળી એમ પણ કહે કે અલ્યા ગપ્પું શેનું હાંકે છે? વાત એમ ક્યાં હતી?

આજે અચાનક મને ને શશીને પહેલાં મયૂરી મળી ત્યાર પછી બટુક મળ્યો. અમે પણ બની ગયા કાનુડાઓ અને સુદામાઓ.

❋

બટુકની શી વાત કરું? મારું હાળું બટુકિયું? સાડા ચાર ફૂટિયું? પણ ઈથી બમણું ભોંયમાં. કાયમ હસતું ને હસતું. બીડીયે પીતું'તું અમારી હંગાથે ને વળી વરલી મટકાના આંકડાયે ગોઠવતું'તું, પણ ખાલી મજાક ખાતર. બટુકનું તે કાળે જીવન પાણી-પારાના સંબંધ જેવું. અમારી સોબતે બધાયે કાળા કામો થાય, પણ ઈની કોઈ અસરો તેના ચારિત્રમાં પેસી ન શકે. બટુક અમારા બધાયમાં સૌથી વધુ ભણેલો હતો.

મારું યે થોડું ઘણું એવું જ હતું, જોકે હું જુગારની બદીથી દૂર રહેલો. પણ બાપુએ બીડી-સિગારેટ છાંટોપાણી કરેલા ઈની ના નહીં. પરમાટી ખાધેલી નહિ એ ય સોળ આની સાચું.

અમારી વાતો આગળ ચાલી...

❋

'અલ્યા બટુક, તને ખબર છે? આ દિલાવરે પને ને યોગેશને ભરપેટ મેથીપાક ખવડાવેલો?'

'હા, ખબર છે! પણ એનું અત્યારે શું છે? યોગેશે મને બધુંયે ડિટેલમાં જણાવેલું. પણ એમાં દિલાવર કરતાં યોગેશની ભૂલ વધુ, હતી.'

'કેમ... કેમ... બટુકભાઈ! યોગેશની ભૂલ કેમ કહેવાય?' મયૂરીએ એકદમ છણકો કર્યો.

'મયૂરી, તને હવે આ ઉંમરે શું કહું! તારી જોડે યોગેશનો પ્રેમ સાચો ખરો, પણ આ તારો યોગેશ ખરો ને, એ બાળપણથી અળવીતરો તો વળી ખરો જ. આપણને કોઈ છોકરી ગમી જાય એનો અર્થ એવો તો નહિ ને કે એના ઘેર ચોરીછૂપીથી જઈએ? એ બધું ફિલમમાં સારું લાગે.'

સિગરેટનો ઊંડો કશ ખેંચી સામેની સીટ પર પગ લાંબા કરી બટુકે આગળ ચલાવ્યું.

'જો મયૂરી! મેં અને યોગેશે બાળપણ સાથે જ ગાળેલું. નાનપણથી યોગેશ અને પ્રભાકરની કોઈ ટેવો સારી નહિ. જે મા-બાપે આપણને બાળપણથી ઉછેર્યા હોય એમની હારે તો આપણી વર્તણૂક સારી હોવી જ જોઈએ ને? આપણે બહુ જ્ઞાની, આપણને બધીયે ખબર પડે એ થોડું ચાલે? ઘર એ તો ઘર છે. તેના નીતિ-નિયમો તો વળી હોય જ ને? કેમ દિલાવર! મારી વાત ખરી કે નહીં?'

'બટુક! હાડી હત્તરવાર હાચી. તે સમયે આપણને આ વાત હમજાતી ન હતી. પણ આ ઉંમરે જયારે આપણે દાદા થયા છીએ ત્યારે તારું કહેવું મનમાં બેસે છે; કેમ શશી, ખરું ને?'

'એકદમ સાચું, બાપુ!' શશીએ હકારે હા ભણી.

'પણ બટુક! એવું તું શાથી કહી શકે કે યોગેશ અને પ્રભાકર નાનપણથી અળવીતરા હતા?'

'જો શશી, ગામડે અમે બધા બાજુબાજુમાં રહેતા હતા. મારા પિતાશ્રીનું અવસાન થયેલું. મા વિધવા અને અમે બે ભાઈઓ બા સાથે રહેતા હતા. દિલાવર, તને ખબર નહિ હોય પણ મારા બાપુ અને યોગેશના બાપુને બહુ જૂની ભાઈબંધી. એટલે યોગેશના બાપુ મારી બાનું ધ્યાન રાખતા.'

'શું નામ હતું એમનું?'

'એમનું એટલે કોનું?'

'અરે યોગેશના બાપુજીનું.'

'કેમ વળી પ્રાણશંકર જોષી જ ને!' શશી બોલ્યો.

'અલ્યા શશી! ભૂંડા તારી ઉંમર થઈ એ વાત ખરી, પણ તું ભાઈબંધોના મા-બાપનાં નામોય ભૂલી ગયો?'

'દિલાવર! આ વાતમાંય તારે કૂદી પડવું છે? મેં તો ખાલી કન્ફર્મ કર્યું. બાકી મણિબા ને પ્રાણશંકર જોષીનાં નામો હું ભૂલું ખરો?'

'હા, ભઈ શશીકપૂર! તમે શેના ભૂલો? બાકી તમે તો એમ પણ કહો કે નામમાં શું છે?'

'જો બટુક, આ દિલુભા બાપુ ક્યાં ઊડ્યા જોયું? સીધા શેક્સપિયરમાં-What is there in a name? '

'દિલાવર! તું જબરો તો ખરો જ હો? શશીભાઈની વાત મને તો હવે સાચી જ

લાગે છે. તું વાતમાં મોણ નાખ્યા વગર રહી શકતો જ નથી. મારી જેવીએ જો તારી સાથે લગ્ન કર્યાં હોત ને તો મારું તો છટકી જ જાત.'

'છોડ મયૂરી! તારી સાથે જો મારે પ્રીત હોત ને તો કોનું છટકત તે તને શું ખબર?'

'એટલે... એટલે... શું? મારી જેવી છોકરી તને ગમે નહિ એમ કહે છે?'

'ના... ભઈ... ના... એમ મેં ક્યાં કીધું છે?'

'તો વળી બીજું શું?'

'હા, મયૂરી! આ દિલાવરિયાનું કહેવાનું એવું જ છે.'

'લગાડ શશ્યા, લગાડ, દિવાહળી લગાડ. તને બીજું આવડે પણ શું?'

'દિલાવર! તું ન'તો કહેતો કે તારે મારા જેવી જ મયૂરી નામની એક બહેનપણી હતી?'

'અને દિલાવર બાપુ, તમે એમ પણ કહેતા કે મયૂરી, તને જોઉં છું ને મને મારી મયૂરીની યાદ આવે છે.'

'મને મારી મયૂરી યાદ આવતી હતી એની ક્યાં ના છે?'

'પણ તમે ક્યારેય પૂછેલું ખરું કે આ મયૂરીને જોઈને મને મારી મયૂરીની કેમ યાદ આવતી હતી?'

'માનનીયશ્રી દિલાવરસિંહજી બાપુ, તમારું પ્રવચન પૂરું થયું હોય તો મારી વાત શરૂ કરું?'

'ના, બટુક. પહેલાં મારે જાણવું જ છે કે, હું તે સમયે દિલાવરને ગમતી હતી કે નહીં?'

'અલી મયૂરી! તું યે ખરી છું. આ દિલુભાને તે સમયે તું ગમતી હતી કે નહિ એનું અત્યારે શું છે?' શશીએ વચ્ચે મમરો મૂક્યો.

'શશીભાઈ! તમે ધરપત રાખો. ખુલાસા તો થવા જ જોઈએ! કોઈ સ્ત્રી તેનું આવું, અપમાન કેમ સહી શકે?'

'અરે મયૂરી! હું તો મજાક કરું છું, મારી બહેન! તને કેમ આવા વિચારો આવે છે?'

'વાહ, દિલુભા વાહ! મયૂરીબહેન! વટ છે તમારો. બાપુ! તમારી પાઘડીના વળ જેમ જેમ ઊકેલે છે તેમ તમારાં નવાં નવાં દર્શન થાય છે, બાપુ!'

'ભાઈશ્રી શશી! તને આ વાત કેમ સમજાશે?'.

'કઈ વાત દિલાવર?'

'બોલ મયુરી! અને બટુકેશ્વર તમેય સાક્ષીમાં! માથે હાથ મૂકીને બોલ! તે ઘડીએ આ દિલાવરને તું ભાઈ ગણતી હતી કે નહિ?'

'હા... દિલાવર... હા! તું સાચો. અને તું નહિ માને આજ દિન સુધી રક્ષાબંધનને દા'ડે મને તીસરી મંજિલના મિત્રોમાંથી તું જ યાદ આવે છે.'

'મયૂરી! આ તો સંજોગોની વાત છે.'

'યોગેશના આકસ્મિક અવસાન પછી ઘણા વખત સુધી અમે યોગેશને સાવ જ વીસરી ગયા હતા અને એટલે તું પણ ભુલાઈ ગઈ. પણ ખરું કહું? આજે ફરીથી એ જ લાગણી જીવતી થઈ છે. ઘણાં વર્ષે બહેન તને આજે જોઈ અને વળી કેવી અવસ્થાએ,

આ રીતે? કોને સમજાવું? યોગેશ સાથે લગ્ન થયાં હોત તો પણ આ જ થાત ને? જીવનનાં ઘણાં દુ:ખો એવાં હોય છે જે કોઈની હારે વહેંચાતાં નથી, માત્ર ને માત્ર અનુભવાય છે. બહેન વિધવા થાય એ જોવાનું જે ભાઈના લેખમાં લખાયું હોય એનાથી મોટી કમનસીબી શું કહેવાય?'

'અલ્યા દિલાવર અને મયૂરી, તમે બંને તો ખરાં છો ભાઈ? આ ઉંમરે આવા વેવલા વેડા?

'ના શશીભાઈ! આ ભીની આંખો દુ:ખની નથી પણ સુખની છે. દિલાવરને આટલાં વરસે મળી તેનાં હરખનાં આંસુ છે.'

'છોડ ભઈ! અરે બટુક! તારી જમણા હાથની છેલ્લી આંગળી જે ગતિએ ચાલે છે એના પરથી લાગે છે કે તું પણ ભૂતકાળમાં ખોવાઈ ગયો.'

'હેં શું કીધું? મને કોઈએ બોલાવ્યો?'

'હા બટુક! તને જ કહું છું ક્યાં છે તું?'

'અરે... હા! યાદ આવ્યું. આપણે યોગેશની વાત કરતા હતા ખરુંને મયૂરી?'

'દિલાવર! તેં મને અને યોગેશને મેથીપાક ખવડાવેલો એ વાત ચાલતી હતી.'

'હા બટુક, એ જ વાત ચાલુ હતી. તું અધવચ્ચેથી કંઈક કહેતો હતો, યોગેશના નાનપણની બાબતે?'

'તે હું એ કહેતો હતો કે યોગેશ નાનપણમાં ભરાડી હતો, પણ દિલાવર તું ને મયૂરી હમણાં જે વાત કરતાં હતા ને? ત્યારે મને હંસલી યાદ આવી ગઈ.' નીચું મોં રાખી બટુક બોલ્યો.

'કોણ હંસલી?' મયૂરીએ પૂછ્યું.

'યોગેશની બહેન હંસા. અમે બાળપણ સાથે વિતાવેલું. એ નાનકી હંસલીને ખબર ન હતી કે એને કેટલા ભાઈ છે! મને સગો ભાઈ જ ગણતી'તી. યોગેશે જ્યારે સંસાર છોડી દીધો ત્યારે હું ને હંસલી એક વખત યોગેશને મળવા ગયાં હતાં. યોગેશે હંસા જોડે બહુ સારી રીતે વાત ન'તી કરી. પણ મને કહેલું, કે જો બટુક! આ માઈ તારી સાથે આવેલી છે ને? એ તારી સગી બહેન! એની સઘળી જવાબદારી તારી. ત્યાર પછીની સઘળી વાત મને યાદ આવી ગઈ અને હું યે અંતરથી ઓગળી ગયો, મયૂરી!'

'હા બટુકભાઈ, બહેનની લાગણીનું બંધન એવું છે કે ભૂલ્યું શેં ભુલાય?'

અતીતમાં ખોવાયેલો બટુક બોલ્યે જતો હતો:

'એ પણ સંજોગની વાત છે મિત્રો. યોગેશના બાળપણની, એના અળવીતરાપણાની કડવાશવાળી વાત હવે નથી કરવી. કેમ કે યોગેશ હવે ક્યાં છે અને વળી મારા મન ઉપર હંસલીનાં ચિત્રો આવી ગયાં છે. તેને હવે મારાથી ભુલાશે નહીં.'

'બટુક, કહે તો ખરો કે શું થયું હતું એની જોડે? આજદિન લગી આપણે ક્યારેય યોગેશ્યાની બહેનની વાત નથી કરી.'

'પારેવા જેવી ભોળકી! દુનિયાદારીનું કોઈ જ ભાન નહીં. ફૂલ જેવી નાજુક નમણી હંસલીનાં નાનપણનાં લટકાં અને ટહુકા સ્મરણમાં એમનાં એમ જળવાયાં છે. એક તો મારા બાપુજીનું નાની ઉંમરે અવસાન અને બીજું વિકટ સ્થિતિ. બાપુના અવસાને માની કાળી મજૂરી. વળી કરકસરેય ખરી જ તો! કેમ જીવતા હતા તેનું કાંઈ ભાન ન હતું. બધી

બાજુથી વિટંબણામાં જીવવાનું ઠેકાણું હતું એકલી હસલી. દિવસમાં પાંચ-પંદર વાર માના ખોળામાં આવીને પડે. કાયમ હસતી ને હસતી. એવી ભોળી કે મા એના માથે હાથ ફેરવે એટલે ઘડીકમાં ઊંઘી જાય. જાગે ત્યારે "બટુકભાઈ, બટુકભાઈ કયા છે" નું રટણ ચાલે હું ખવડાવું એટલું ખાય, મારી સાથે જ રમ્યા કરે, લાડ કરે, મારી પાસે કંઈક ને કંઈક માગ્યા જ કરે, અને હું આપી યે શકું એ અચરજની વાત.'

'મારી નજર સામે મારી સાથે હંસલી મોટી થતી ગઈ. યોગેશના ઘરનું વાતાવરણ દિવસે દિવસે બગડતું ગયું. પ્રાણશંકર બાપુ સાથે યોગેશ અને પ્રભાકરના મતભેદો, મનભેદો સુધી વિસ્તરતા ગયા. બંનેની કુટેવો વધતી જ ગઈ. પારેવા જેવી હંસલી મને વળગી પડે અને ચોધાર આંસુએ રડી પડે. ઘરમાં કાંઈક બોલાચાલી થાય તો દોડતીકને અમારા ઘરમાં આવી જાય અને ગભરુડી, મને કે બાને, જે નજીક હોય તેની ગોદમાં ભરાઈ જાય, જેમ ઊંદરડું બલાડાથી ગભરાઈને ગોખલું ખોળે એમ!'

'તે હેં બટુકિયા! યોગેશ અને પ્રભાકરને ગોરમહારાજ હારે વાંધો શું હતો?'

'દિલાવર! બંને પક્ષે પોતપોતાની વાત જ પકડી રાખે. ગોરમહારાજ નિયમથી જીવે અને છોકરાઓને આ કાઠુ પડે. એટલે ગોરમહારાજનું કહ્યું છોકરાને ન ગમે અને છોકરાઓનું વર્તન બાપને અકળાવી મેલે. એમાં મરો મણીબાનો થાય! હંસલી જોયા જ કરે. દોડાદોડ કરે ને ઘૂસે અમારા ઘરમાં. આવી સ્થિતિએ ભલી, ભોળી હંસલી મોટી થઈ જો મેં એને બહેન ન કીધી હોત ને તો મારી માએ મને એની જોડે જ પરણાવ્યો હોત. પણ હંસલી ને હું બંને તો ભાઈ-બહેન. એક માની કૂખે જન્મ્યાં જેવાં. એટલે એ વાત ક્યારેય બેઠી થઈ શકી નહીં. એક દા'ડો મણિબાએ આવીને હંસલીની સગાઈની વાત કરી. મારા જીવનનો સૌથી સુખનો દિવસ ઊગતો મેં દીઠો, જોકે લગ્નનું નક્કી થયું ત્યાં સુધીમાં તો યોગેશ, પ્રભાકર અને હું પણ અમદાવાદ આવી ગયેલા. મારી મા ગામડે હતી અને મારાં બા અને હંસા સાથેના સંપર્કો એમના એમ સચવાયેલા હતા.'

'બટુક! હું એ જ પૂછવાનો હતો કે તને યોગેશે જ્યારે હંસાની જવાબદારી સોંપી ત્યારે તું તો અમદાવાદ આવી ગયેલો ને?' શશીએ પ્રશ્ન કર્યો.

'હા... શશી હા...! હું અહીં જ હતો. ત્યારે તો અમોને અમદાવાદ આવ્યે ઘણો સમય થઈ ગયેલો. હંસલીને લગ્ન કર્યે પણ ટાઇમ થયેલો. પણ મેં કીધું ને કે મારે યોગેશ પેઠે ગામડાનાં સંબંધો અકબંધ રહેલા હતા. દિલાવર, મને અચરજ એ વાતનું થતું કે, યોગેશે મને હંસાની જવાબદારી સોંપવા ખાતર જ સોંપી. એ બાપડો શું ધ્યાન રાખતો હતો બહેનનું?'

'હંસાનું લગ્ન કર્યું હતું અમારા ગામના જ મોહન ભટ્ટ સાથે. મણિબાને ભારે ચિંતા રહેતી હતી હંસલીની. મને પણ મોહનનો કોઈ પરિચય નહીં. સાચું કહું તો મેં પણ મોહનની તપાસ કરી ન હતી. લગ્ન તો હેમખેમ પતી ગયાં હતાં. કબૂતર ઊડીને મોહનને માળે ગયાને ખાસ્સો સમય થઈ ગયેલો હતો. પણ કરમની કઠણાઈએ હંસાનો પીછો ન છોડ્યો તે ન જ છોડ્યો. આજે હંસલી ક્યાં છે તેની કોઈ ખબર નથી...'

'અલ્યા બટુક! તેં કદી એ હંસલીને મળવાનો પ્રયત્ન કરેલો ખરો?' મેં પૂછયું.

'ના બાપુ! કદી પણ નહીં.'

'કેમ?'

'કોને ખબર આવો વિચાર જ આવેલો નહીં.'

‘અલ્યા શશ્યા! આ બટુકિયાને જણાવ કે હંસલી હાલમાં ક્યાં છે?’

‘છોડને બાપુ! એ હાલ એના વર સાથે સુખી છે તે શું ઓછું છે?’ શશ્યો બોલ્યો

‘સુખી તો કહેવાય જ. પતિ-પત્ની એકબીજાં સાથે શંતિથી જીવન ગુજારી શકે એ સઘળાં સુખી.’

‘કેમ? તમને કેમ ખબર?’ બટુકે અચરજથી મારી સામે જોયું.

‘શેની?’

‘તે મજામાં છે એની.’

‘બટુક! હું ને શશી યોગેશના ઘેર ગયા’તા.’

‘ક્યારે?’

‘છએક મહિના પહેલાં પ્રભાકરને મળવું હતું. યોગેશના ઘરના હાલ-હવાલ જાણતા’તા. કોઈ ડાયરી કે એવું કશુંક યોગેશનું લખેલું પડ્યું હોય તો મેળવવું’તું.’

‘તે શું તમને કાંઈ મળ્યું ખરું?’ મયૂરીએ અધીરાઈપૂર્વક પૂછ્યું.

‘ના મયૂરી! કશું જ નહીં. પ્રભાકર એવોને એવો જ કોરો ધાકોર છે. હજુ પણ એના મગજનાં કોઈ ઠેકાણાં નથી. મા-બાપ રહ્યાં નથી. ઘરમાં મેડી નીચેનો ઓરડો તેનું ઘર બની ગયું છે. યોગેશના નાના ભાઈએ સંસાર વસાવ્યો છે. એક દીકરો અને એક દીકરી. બંને ભણે છે. દીકરીને હંસલીએ દત્તક લીધી છે અને સારું ભણતર ભણે છે. મોટે ભાગે મેડિકલમાં હશે. પ્રભાકર સાથે વાત થઈ, અમને ઓળખી ગયો, ખૂબ આગ્રહ કર્યો કે જમીને જ જજો, ચા મગાવી. તીસરી મંજિલની ગંધ હજુ તેના બદનમાં અને કપડાંમાં અકબંધ છે. એ જ જૂનું ગાદલું, મેલો ચોરસો, ફાટેલો ટુવાલ, વધેલી દાઢી અને વાત કરવાની એની એ જ રીતભાત. અમે યોગેશ વિશે પૂછ્યું તો કહ્યું: ધર્માત્માએ સંસાર છોડી દીધેલો એટલે સૌ પ્રથમ અમારો સંપર્ક તૂટી ગયેલો. અમે જ્યારે પૂછ્યું કે: તેની કોઈ ચીજ-વસ્તુઓ તમારી કને ખરી? તો કહે કે, ‘ભઈ! કોની વાત કરો છો? અઘોરીઓ વિશે કશું જાણતા નથી? અઘોરીઓનું શું હોય? મા-બાપને છોડ્યાં હોય તેવાઓને ઘેર શું હોય? નાગાબાવાનો લંગોટ?’

ઘડમાથા વગરની વાતો લગભગ કલાકેક ચાલી હશે, પછી અમે જ્યારે કહ્યું કે, તો ચલ પ્રભાકર! અમે હવે જઈએ. ત્યારે તેનો ભત્રીજો હાથમાં કાગળની ચબરખીમાં હંસલીનો ફોન નંબર લખીને લાવેલો તે ચબરખી અમને આપી. અમે ત્યાર પછી હંસલીને ફોન કર્યો. બહુ રાજી થઈ ગઈ, ઘણી વાતો કરી.

‘શું, વાતો કરી?’

‘એ જ, યોગેશ અને પ્રભાકરનો બળાપો, બીજું શું બટુકિયા?’

‘તો પણ દિલાવર, કહે તો ખરો ખાસ શું કહ્યું?’

‘જો મયૂરી! હંસલી હારેની લાંબી વાતનો ટૂંકસાર કહું તો, હંસલી એના ધણી હારે રાજી છે, કોઈ સંતાન નથી. દહેગામ કે તેની આજુબાજુ ક્યાંક રહે છે. ભત્રીજીને દત્તક લીધી છે, ભણાવે છે. યોગેશની માયા ભૂલી નથી. પ્રાણશંકર બાપુની છેલ્લી અવસ્થાએ હંસલીએ ગામના સરપંચને વિનંતી કરેલી કે, મારા ભાઈને લઈને એક આંટો આવો. સરપંચે વચન નિભાવ્યું. તેઓ મેટાડોર કરીને ગામના આગેવાનો યોગેશનંદગીરી મહારાજ સાહેબને લઈને ઘેર આવેલા. ઘરના ઉંબરામાં એક ક્ષણ ઊભા રહી મહારાજ સાહેબ તો

મેટાડોરમાં જઈ બેસી ગયેલા. કોઈ હારે વાત નહિ ને કશું જ નહીં. ગામના મહાજને અને સરપંચે ઘણી વિનવણી કરી પણ બાપુ એકના બે ના થયા. પ્રાણશંકર બાપુની આંખ્યું ગગા માટે તરસતી હતી. મણિબાયે હેબતાઈ ગયેલાં, પણ લાગણીવિહીન અઘોરીને જન્મદાતા કે ભાઈભાંડુની કોઈની ખેવના ન હતી.

'આ તે કેવો ધર્મ? હંસલીએ મને કીધું કે, દિલાવરભાઈ! શોધી કાઢો એ નાલાયકને! જેણે મારા ભાઈને અઘોરીઓને રવાડે ચડાવ્યો છે. એકવાર એની હારે મારો મેળાપ કરાવો. મારા મા-બાપે કેટકેટલું સહન કર્યું છે તેની તમને ખબર છે? ભાઈએ એકવાર બાપુજીને કહ્યું કે, મારે ફૅક્ટરી કરવી છે. બાપુજી તો કાંઈ કરવા રાજી ન હતા. મેં વિનવણી કરી. મારી બાએ દાગીના વેચીને યોગેશભાઈને નાણાં મોકલ્યા. એ પણ એની ગંદી આદતોમાં ઘરબાઈ ગયાં.'

'મોટો દીકરો તો બાપની હારે ખભો મિલાવી ભાઈબંધ બની સુખ-દુ:ખમાં ઊભો રહે. પણ યોગશ, કોણ જાણે કેમ... એ તો સાધુડાને રવાડે ચડીને મા-બાપ-ભાઈ-બહેન બધાંને ભૂલી ગયો. આ આપણો સાધુસમાજ? આવું તે હોતું હશે? સમાજમાંથી ચબરાક બાળકોને ગુમરાહ કરીને આ સાધુઓ કેટલાં કુટુંબોને બરબાદ કરતા હશે અને દેશને પણ ખરા જ ને?'

'મને હંસલીએ કહ્યું કે, ભાઈ! તમે યોગેશના જીવન પર એક પુસ્તક લખો અને જનતાને ચેતવો કે આપણા દેશનો સાધુસમાજ અને આપણી સમાજવ્યવસ્થા કેટલી પાંગળી, અભણ, અંધશ્રદ્ધાળુ, માયકાંગલી, બિચારી, બાપડી અને લાચાર છે? સમાજને બેઠો કરવા પણ ભાઈ તમે કંઈક કરો. ભગવાને તમને જે સવલતો આપી છે તેનો સદુપયોગ કરો અને સમાજને કંઈક પાછું વાળો. મારા જેવી કેટકેટલી બેનડીઓના આશીર્વાદ તમને મળશે. દુખિયાં મા-બાપના શ્રવણ બનવાની જવાબદારીવાળા કેટલાંયે બાળકો અઘોરી જેવા વિકરાળ રાક્ષસ બનતા અટકી જશે.'

'તે દિલાવર! તેં શું કહ્યું હંસલી ને?'

'બટુક! મેં ઘણી વાતો કરી. યોગેશની સારી બાબતો પણ કહી. યોગેશ સાથેના સંબંધો પણ કહ્યા.'

'દિલાવર! હંસલીને તેં મારા પ્રેમની કોઈ વાત નથી કરી ને?'

'ના મયૂરી ના, હંસલીને મેં એવું કશું જ કહ્યું નથી. તે એકવાર મને મળવા આવવાની છે. મેં તેના હૃદયમાં ઘરબાઈને પડેલા દાવાનળને થોડો ઠંડો પાડ્યો છે. મેં તેને વચન આપ્યું છે કે, કંઈક જરૂર કરીશું. પણ મયૂરી! આ કરમનું કામ એવું છે ને કે એ કોઈનોય પીછો છોડતું નથી. કરમનાં લેખાં-જોખાંથી જ આ સંસાર ચાલે છે. ઘણી વાર આપણને લાગે છે કે, એક સીધોસાદો છોકરો આમ ઊંધા રવાડે શેં ચડી ગયો હશે? યોગેશના પિતાશ્રી નજરે દેખાય ત્યારે વળી એમ પણ લાગે કે, આ ભલાએ કયાં કોઈનું ખરાબ કર્યું છે? તો પણ એના માથે આવું દુ:ખ શાથી? ઈશ્વરનો આ તે કેવો ન્યાય? આવું તે હોતું હશે? પણ એવું થાય છે તે હકીકત છે. કયા ભવનાં કર્મો કયારે પરચો બતાવે તેની ગતાગમ આપણને હોત તો જોઈતું'તું શું? છોડો ભાઈ! બીત ગઈ સો બાત ગઈ. ગઈ ગુજરી ભૂલી જાઓ. સઘળી યાદ જે દુ:ખ આપે તે ભૂલવી જ સારી.'

'દિલાવર, શું થશે?'

'શેનું, મયૂરી?'

'અરે ભઈ આ વરસાદનું?'

'જોને ગાડી કયારનીય ઊભી છે, આગળ વધતી જ નથી.'

'અલ્યા શશી, જોતો ખરો ભઈ? શું કોઈ ચાન્સ લાગે છે ગાડી ચાલવાનો? મયૂરી, ખોલીએ પડીકાં?'

'દિલાવર! તેં હંસલીની વાત કરીને ભારે કરી!'

'ભૂલી જા મયૂરી! સઘળું ભુલી જા. ભૂલવામાં જ બધાયનું હિત છે.'

'ચલ ત્યારે કંઈક ખાઈએ. પણ આ ઠંડાગાર વડાંપાંઉ ગળે નહિ ઊતરે.'

'અરે...મારી પાસે પણ નાસ્તો છે જ ને?'

'શું છે બટાકી તારી પાસે? બાફેલાં બટાકાં?'

'ના ભઈ! આ ચવાણું અને સાઉથની મીઠાઈ છે.'

'અરે... વાહ!'

'લાવો ત્યારે ચટકાવીએ.'

'જો ભઈ, મને તો લાગે છે કે આખીયે રાત અહીં જ વિતાવવી પડશે. વરસાદ અટકતો જ નથી. આપણાથી થઈ પણ શું શકે?'

'કેમ! દિલાવર તું જે કહેતો હતો તે કરમની કઠણાઈ જ ને?'

'હા... ભઈ... હા... આ સામૂહિક કર્મ અને તે ય વળી સામૂહિક કર્મની કઠણાઈ.'

'અલ્યા દિલાવરિયા! તું એમ જાણે કે અમે બધા અલીગઢથી આવ્યા છીએ એટલે તને મનમાં બેસે એ ફિલૉસૉફી અમારા માથે મારે છે?'

'શશી! હવે મારી પાસે તારી મૂર્ખાઈનાં પ્રદર્શનનાં વિશેષ નામોનો સ્ટૉક ખૂટી ગયો છે માટે તને મુરબ્બી શશીભાઈનાં સંબોધને જણાવું છું કે સામૂહિક કર્મ એ બકવાસ નથી, નરી હકીકત છે.'

'દિલાવર, સમજાવ ને! આ કેવું કર્મ કહેવાય?'

'મયૂરી! સાંભળ. તારામાં હજુ અક્કલ બચી છે એટલે તને કહું છું.' મેં વિસ્તારથી સમજાવતાં કહ્યું.

'જો એવું છે ને કે ગામડાની ગામઠી શાળામાં હાથમાં દફ્તર લઈને બાળકો શાળાએ જતાં હોય, રસ્તામાં થોરની વાડમાં નાગ દેખાય. બધાં બાળકો હાથમાં ઢેખાળો લઈને નાગને કાંકરીચાળો કરે અને એના રામ રમાડી દે. આ સામૂહિક હિંસાકર્મ થયું કહેવાય અને એ ઘણે ભાગે સામૂહિક રીતે જ ભોગવાય.'

'એ શી રીતે?'

'આ જ રીતે જેમ આપણે આ રીતે રેલવેના પાટા ઉપર કલાકોથી ફસાયેલા છીએ ને? તે રીતે. જો મયૂરી સાંભળ, આ શાળાનાં બાળકો મોટાં થાય, ઘરડાં થાય, કાળક્રમે અવસાન પામે, ફરીથી જન્મ લે. કોઈ જીવ અમદાવાદમાં, કોઈ બેંગલોરમાં, કોઈ અમેરિકામાં વગેરે વગેરે જગાએ વિવિધ દેહ ધારણ કરે અને એ હંધાય કોઈક વખત એક વિમાનમાં મુસાફરીએ એકઠા થાય અને વિમાનનો અકસ્માત થાય અને એક હારે મરે એ સામૂહિક હિંસાકર્મનું ફળ કહેવાય કે નહીં? બોલ શશ્યા? હવે માનીશ? પણ શશ્યા! આજે જે આપણે મળ્યા છીએ ને, એ પાપ-કર્મનાં ફળ ભોગવવા નહીં હોં? મયૂરી! આ મારા વિચારો છે. હું માનું છું કે, આત્મા અનાદિ અનંત છે. તે શરીર બદલે છે. ચોર્યાશી લાખ

યોનિમાં અનાદિકાળથી ભમ્યા કરે છે, ભટકે છે અને તે પૈકીના જે જીવો તમામ રાગદ્વેષનો ક્ષય કરી શકે છે તે મુક્ત બને છે, મોક્ષ અવસ્થા પ્રાપ્ત કરે છે. પછી તેઓને ફરીથી જન્મ-મરણના ફેરામાં આવવું પડતું નથી. આ મુક્ત થયેલા જીવો ભગવાન કહેવાય છે. આ અને આવી માન્યતા મોટેભાગે વિશ્વના જુદા-જુદા ધર્મોની રહેલી છે.'

'યોગેશને મારા વિચારો સામે સખ્ત વાંધો હતો. તે ક્યારેય આત્માના વારંવારના જન્મ-મરણાના ગુણોને સ્વીકારતો નહીં. તેને આત્માના અસ્તિત્વમાં શંકા ન હતી. પરંતુ તેનું માનવું હતું કે, આત્મા કોઈ અમરત્વ ગુણધારી પદાર્થ નથી, તે શરીરનો એક ભાગ છે તે વારંવાર જન્મ લેતો નથી. આત્માનું બંધારણ શરીરનાં બે તત્ત્વોથી થયેલું છે. એ બે તત્ત્વો છે ચેતના અને સારી નઠારી લાગણી કે ભાવના.

'યોગેશને જયારે ચરસની ચૂસ્કી ચડી જતી ત્યારે તે કંઈક આવું કહેતો આદિ માનવીએ જ્યારે પશુ અવસ્થાએથી તેના વિચારશીલતાના વિશિષ્ટ ગુણથી વિચારવાનું શરૂ કર્યું. તેના મૂળમાં મૃત્યુનો ભય જ હતો. પરંતુ પોતાની શક્તિ અને મૃત્યુ પામેલા માનવીના શરીરના તફાવતની સરખામણીએ તેને તેનામાં મૃત માનવી કરતાં વિશેષ ચેતના નામના ગુણનો અનુભવ થયો. ચેતના નામના ગુણને માનવીએ આત્મા નામ આપ્યું. પછી એણે જોયું કે મૃત માનવી અને તેમાં શું ફરક છે? એણે અનુભવ્યું કે શરીરની કોઈક વિશેષ શક્તિ તેને હલનચલન અને અન્ય ક્રિયાઓ કરાવે છે જે પેલા મૃત શરીરને નથી.

'માનવીએ જ્યારે અન્ય માનવીનાં મૃત શરીરને જોયું, હશે ત્યારે તેને વિચાર આવ્યો હશે કે, આ મૃત શરીર જ્યારે જીવિત હતું ત્યારે જે કામો કરતું હતું તે અને પોતાને જે રીતે મદદરૂપ થતું હતું તે અને તેવી સઘળી બાબતો જોઈને માનવીએ વિચાર્યું કે હલનચલન વગરનાં મૃત શરીરમાંથી એવું કયું તત્ત્વ જતું રહ્યું છે? તેને થયું કે આ શું થયું? આ સઘળું શું હતું? માનવી પહેલાં સઘળું કરી શકતો હતો અને હવે કશું જ કરી શકતો નથી? અને થઈ ગઈ આત્મા નામના પદાર્થોની શોધ!

'માનવી કમનસીબે આ આત્મામાંથી ચેતના અને ભાવના અલગ તારવી શકયો નહીં, પરંતુ અનુભવે તેને ખબર પડી કે જેમ પાણી એ માત્ર પાણી નથી પણ તે હાઇડ્રોજન અને ઑક્સિજનનું સંયોજન છે. તેમ આત્મા એ માત્ર આત્મા નથી પણ તે ચેતના અને ભાવનાનું સંયોજન છે.

'મનુષ્ય શરીરમાં ચેતના અને ભાવના બે સતત વહેતા પ્રવાહો છે. તે શરીરના કોઈ એક ભાગમાં કે ટુકડારૂપે રહેલા નથી, પરંતુ સમગ્ર શરીરમાં એકધારા, એકરસ સતત વહેતા પ્રવાહો છે. જેમ ઇલેક્ટ્રિક વાયરમાં સતત વહેતા પ્રવાહમાં ઇલેક્ટ્રિકનો ગોળો જોડીએ તો તેનું પ્રકાશમાં રૂપાંતર થાય, પણ ઘણા સમય પછી ગોળાની આ ક્ષમતા નાશ પામે, પરંતુ વીજળીનો પ્રવાહ કે તે પ્રવાહનો પ્રકાશમાં પરિવર્તન કરવાનો ગુણ નાશ પામતો નથી.

બસ, એ જ રીતે માનવીના શરીરમાં રહેલી ચેતનાશક્તિ ક્ષીણ થાય, વપરાય, ઘસાય, જ્યારે લાગણીની હંમેશાં વૃદ્ધિ જ થાય. એટલે એમ પણ કહી શકાય કે ચેતનાનું લાગણીમાં પરિવર્તન થાય.

સ્ત્રી-પુરુષના સમાગમથી આ ચેતના નવી ચેતના ઉત્પન્ન કરે છે. ચેતના નામના જીવંત ઘટકો જ નવી ચેતનાની યાને કે જીવની ઉત્પત્તિ કરે છે. શરીર શકિત ગુમાવતાં પહેલાં જ અલગ ઘટકો પેદા કરી લે છે. જે પેઢી દર પેઢી ચાલ્યા જ કરે છે. પરંતુ પોતાની ચેતના અને ભાવના જેને આત્મા નામ અપાયું છે તે શરીર સાથે નાશ પામે છે, નહિ કે

અન્ય કોઈના શરીરમાં, પ્રવશે છે.

'સ્ત્રી-પુરુષના બુદ્ધિ સંસ્કાર અનુસાર તેમનામાં સતત વહેતી ચેતના અને તે વહેતી ચેતનાથી વૃદ્ધિ પામેલ ભાવના અનુસારની સ્ત્રી-પુરુષના સમાગમથી તેઓ નવી ચેતના ઉત્પન્ન કરી શકે છે, જેના થકી સંસારચક્ર ચાલ્યા કરે છે.

'બસ, જો આ સમજાય તો પુનર્જન્મની ભ્રમણા રહેતી નથી. જેમ કોડિયામાં પૂરેલું તેલ દીવો બળી જતાં પાછું મેળવી શકાતું નથી. એ જ રીતે ચેતના-પ્રવાહની વાત સમજતાં એની શકિતનો અંત સમજાય છે અને સ્ત્રી-પુરુષના સમાગમથી પેદા થતી નવી ચેતના અને તેનું ભાવનમાં થતું રૂપાંતર જોઈ શકાય છે. તેથી જ માનવીને ભાવના વધારવાની સારપ કેળવવાની લાલસા જાગ્રત બને છે.

'આ વિચાર સમજાતા આત્મા, અનેક આત્મા, અનાદિ અનંત આત્મા, મુક્ત આત્મા, પરમાત્મા એ સઘળી ભ્રમણા રહેતી નથી અને માનવી પોતાને પરમ ચેતનાના મૂળ પ્રવાહનો અંશ માને છે. જેનાથી સ્વાભિમાન જાગૃત બને છે અને ફરી ફરી જન્મ લેવાનો છે તે ભ્રમણાનો નાશ થાય છે. બસ, યોગેશ આવું આવું બબડયા કરતો. મારુ હાળું મારા ભેજમાં આમાનું કાંઈ જ ઊતરતું નહીં.

'અલ્યા ઓ! આ યોગેશના વિચારો મેં કહ્યા – કેવું અલ્યા! તમારા બધાનું મન ચકરાવે ચડી ગયું ને? હવે બંધ કરીએ આવી વાતો. બટુક! તેં નાસ્તો કેમ કાઢ્યો નહિ? કાઢ ભાઈ કાઢ, ભૂખ લાગી છે, ખઈએ તો ખરા. આ ભોગવવાનું છે ઈ ભોગવ્યે જ છૂટકો.

'યોગેશના વિચારો સાચા કે દિલાવર બાપુનું કર્મનું તત્ત્વજ્ઞાન?' શશીએ પ્રશ્ન કર્યો.

'જો ભઈ! શશી! મારું તો માનવું છે કે, આત્મા અનાદિ છે. તે પુન: જન્મ લે છે તે હકીકત છે. વળી જીવનની ઘટમાળ અને બનતા, તમામ બનાવો એ અલગ અલગ પ્રકારનાં કર્મોના ફળરૂપે બને છે. તે સમયે આપણે જે રીતે વર્તન કરીએ છીએ એનાથી નવાં કર્મો આપમેળે ઉપાર્જિત થાય છે. તે ભોગવવા માટે આપણે વારેવારે જન્મવું પડે છે. આ રીતે આપણું સંસારચક્ર ચાલ્યા કરે છે. કર્મનો ક્ષય થાય તો જન્મમરણના ફેરા ટળે બાપુ!'

'સત્ય વચન દિલુભા મા'રાજ!' બટુક હાથ જોડીને બોલ્યો.

જેવું બટુકે સંબોધન પૂરું કર્યું કે તુરત જ શશી બોલ્યો, 'ભલે પ્રભુ ભલે. તમે દિલુભા કહો તે ખરું બાપ? પણ બાપુ! હવે કથાના ચોપડા બંધ કરો અને ખોલેલા નાસ્તાના પડીકામાં હાથ નાખો.'

'કથા તો બંધ કરીએ મારા ભઈ! પણ આ હંસલીની વાત સોળ આની સાચી જ છે. દુકાન ખોલીને બેઠેલો આપણો સાધુ સમાજ આપણા સામાજિક જીવનની અધોગતિનું મુખ્ય કારણ છે. પણ આપણે આજે લોકોની વાત ક્યાં કરવી છે? આપણે તો યોગેશની વાતો કરીએ છીએને?'

નાસ્તો કરતાં કરતાં મયૂરીએ વાતો ચાલુ જ રાખી. કહે, 'શશીભાઈ, આપણો યોગેશ પણ સાધુ જ બની ગયો હતો ને?'

મેં તરત વાતનો દોર સાંધી લીધો 'જો મયૂરી, આપણા દેશમાં મોટેભાગે નાગરિક સંસાર છોડે અને સાધુ બને તેના મુખ્ય કારણમાં આર્થિક ભીંસ, ગૃહક્લેશ, પ્રેમભંગ વગેરે વગેરે. સાધુ સમાજમાં આ સિવાયનાં કારણો મોટેભાગે જોવા ન મળે. યોગેશ પણ મજબૂરીથી સાધુ બન્યો હતો. યોગેશને તો સંસાર ભોગવવો જ હતો. પણ એનું ધાર્યું ન થયું ને મિયાં પડે પણ તંગડી ઊંચી તેમ પોતાનો અહમ્ સંતોષાય તેવી પોઝિશન મેળવવાનું

તરકટ, બીજું શું? બની ગયા યોગેશનંદગિરિ!!'

'દિલાવર! તને કાયમ યોગેશની કોઈને કોઈ વાતમાં ભૂલો જ દેખાય છે. એના જીવનમાં પણ ઘણું સારું કહી શકાય તેવું હતું હો. શા સારુ જે મિત્ર હયાત નથી તેની ખોદણી કરવી? કદાચ હંસલી સાથે વાત થયા પછી યોગેશ માટેના તમારા વિચારો બદલાયા હોય?'

'ના... ભઈ... ના! હંસલી એની જગાએ સાચી. વળી આ કાંઈ યોગેશની ખોદણી નથી, સત્ય હકીકત છે મારા ભાઈ શશી! એક કામ કરીએ, ચલ આપણે બટુકને જ પૂછીએ. અલ્યા બટુક! તું યોગેશ અને પ્રભાકરનાં નાનપણની વાત કરતો હતો ને? તારું શું માનવું છે આપણા યોગેશનંદગિરિ મહારાજ બાબતે?'

૪

બટુકે સહેજ અકળાઈને કહ્યું:

'મહાનુભાવો! વાત તો મારે યોગેશની કરવી હતી, પણ અહીં મારી વાત સાંભળે છે કોણ? હું કંઈક કહેવા જાઉં છું ને મારા શબ્દોને પકડીને દિલાવર એવા મરોડી નાખે છે કે વાતનો વળાંક કઈ દિશાએ જાય છે તેની આપણને કોઈને ખબર જ પડતી નથી.'

'અલ્યા બટુક! જો અમે તારો નાસ્તો ખાધો. હેં? બરાબર? તો હવે અમારે તને સાંભળવો તો પડશે જ ને? બોલી નાખ મારા ભઈ, થઈ જાય! એલા આ સાઉથનું ચવાણું લાગે છે જબરું હોં?'

'દિલાવર, તું આવું શાથી કરે છે? મને યોગેશની વાતો કરવી ગમે છે ને તું જરાયે સિરિયસ જ નથી?' હવે મયૂરી પણ થોડીક અકળાઈ.

'સૉરી... સૉરી... મયૂરી! ચાલ હવે મારે વધુ ખાવું નથી. તે હવે હું શાંતિથી લંબાવું છું અને શશ્યા, તું પણ હવે કોઈ આડીઅવળી અવળચંડાઈએ ચડતો નહીં ને બટુકને સાંભળજે. નાસ્તો ખૂટે નહીં ત્યાં લગણ તારી ટેવ મુજબ હંગાથ છોડતો નહીં પાછો.'

મયૂરી: 'બટુકભાઈ તમે યોગેશના લંગોટિયા ભાઈબંધ ખરું? તમે બાળપણ સાથે વિતાવેલું ખરું?'

બટુક: 'હા મયૂરી! અમે શાળાએ પણ સાથે જ જતા. ક્યારેક વાંચતા પણ સાથે. હોમવર્ક કોઈવાર કરેલું એ પણ સાથે. મોટેભાગે હું યોગેશના ઘેર જ પડ્યોપાથર્યો રહેતો. હું એ લોકોથી એટલો નજીક હતો ને, કે આજે આ ઉંમરે મયૂરી તું દિલાવર અને શશી મળ્યા તો યોગેશ નજરે થયો. વળી પાછી વાતો યે એવી ચાલી કે અમારા બાળપણની યાદોયે તાજી થઈ...'

'મયૂરી! મને બરાબર યાદ છે એ દા'ડે શાળામાં રજા પડી ગયેલી. કોઈક મોટા માણસનું અવસાન થયેલું. મોટેભાગે અને ચોથા ધોરણમાં હોઈશું. વર્ગમાં જાણ થઈ અને થોડીક જ વારમાં છુટ્ટીનો ઘંટ વાગ્યો.

'હું, યોગેશ અને પ્રભાકર દોડતાકને શાળામાંથી બહાર નીકળ્યા. મને ઘેર પહોંચવાની ઉતાવળ હતી પણ યોગેશ અને પ્રભાકરે મને કીધું કે ચાલને અમારી સાથે, ઘેર જઈને શું કરીશું? મેં પૂછ્યું કયાં જઈશું? મારી બા રાહ જોતી હશે અને મણિબાયે આપણા બધાની વાટે ઓટલે બેઠાં હશે.'

'એલા બટુક, શાળા છૂટવાનો સમય કયાં થયો છે? મણિબાને તો રાહ જોવા સિવાયનું કોઈ કામ છે? તારી બા પણ હાલ આપણી વાટ નહીં જુએ, એટલે કોઈ ફિકર નથી. ચાલ અમારી સંગાથે, તળાવે જઈશું ને તને આજે નવી મજા કરાવું...' બેઉએ મને ખૂબ આગ્રહ કરવા માંડ્યો. મેં ઘણી હા ના-હા ના કરી પણ એ બેઉ પાસે મારું કંઈ જ ચાલ્યું નહીં. અમે તો ભઈ પહોંચ્યા ગામને આથમણે છેડે લીમડા તળાવની પાળે.

'થોડી વાર થઈ હશે ને પ્રભાકરે તળાવની પાસેના પીપળાના ઝાડની બખોલમાંથી

બીડી ને બાકસ કાઢ્યાં અને એક બીડી સળગાવી. કશ ખેંચ્યો. મોંએથી ધુમાડા કાઢ્યા. બીજી બીડી યોગેશે સળગાવી. એણે તો નાકમાંથી ધુમાડા કાઢ્યા. થોડીવાર સુધી બંને મશગૂલ બની ગયા. હું બંનેને બીડી પીતા જોતો રહ્યો. એકીટશે બંનેની સામે મારી નજર મંડાયેલી હતી. અંદરથી ધક-ધક થતું હતું. મનેય બીડી મોંમાં નાખવાની તલપ થતી હતી. યોગેશ મારી સામું જોઈને એ રીતે કશ ખેંચતો હતો કે મને લાલચ રોકાતી ન હતી. થોડીવાર એમ જ ચાલ્યા કર્યું.

'મયૂરી! આજે મને એ ઘડીનો યોગેશનો ચહેરો હૂબહૂ દેખાય છે. કાતીલ મારકણી આંખોએ મારી સામે એ રીતે જોતો હતો કે જાણે હું એની પાસે એક બીડી માંગતો ન હોઉં? હું મનોમન મૂંઝાતો હતો. મને ઘડીકમાં મારી બા ને ઘડીકમાં મણિબા યાદ આવતાં હતાં, તો ક્યાંક હંસલી મને બીડી પીતી જોતી હોય તેવું લાગતું હતું. પ્રાણબાપુનો ગુસ્સાથી લાલચોળ ચહેરોય વળી વચ્ચે દેખાય. એ બધાય મને બીડી પીતો હોઉં એમ જોતા હોય તેવું લાગે અને મારા ધબકારા વધ્યે જાય.

'આ બાજુ યોગેશની આંખમાં મને બીડી હાથમાં લેવાનું આમંત્રણ હોય તેમ મારી સામે જોઈને અવનવી અદાથી બીડીના કશ લે.

'ખરું કહું મયૂરી! મને એક બાજુ બીડી માગવાનું મન થાય અને બીજી બાજુ બા-મણિબા, હંસલી, પ્રાણબાપુ, મારો ભાઈ એ સઘળા દેખાય.

'તું માનીશ મયૂરી! યોગેશે એક બીડી પૂરી કરી અને બીજી હાથમાં લઈને સળગાવી જેવો કશ ખેંચવા ગયો ને ઉધરસ ચડી. એવી તો ઉધરસ ચડી કે રોકાય જ નહીં. હાથનો ઈશારો કરી સળગતી બીડી મારા હાથમાં પકડાવી દીધી. મેં માન્યું કે એને ખોં... ખોં... થાય છે એટલે મને ઘડીક ઝાલવા આપી છે પણ એનું મગજ તો જો! ત્રાંસી આંખે મને ઇશારો કરીને કહે છે કે, લગાવ બટુકિયા કર મજા! અને યંત્રવત મેં બીડી મોંમાં નાખી, ફૂંક અંદર લીધી અને મને પણ ઉધરસ ચડી. માથું ભમવા લાગ્યું પણ ફરીથી મોંમાં નાખી. બંને ભાઈઓએ મારી પીઠ થાબડી અને ખંધું હસ્યા. દસ-અગિયાર વરસના છોકરાની કમાલ કે મને પણ બીડી પીતો કરી દીધો.'

બટુક એટલું એક શ્વાસે બોલતો બોલતો અટકી ગયો અને સિગારેટ કાઢીને લાઇટરથી સળગાવી ઊંડો કશ ખેંચી બોલ્યો –

'આટલી નાની ઉંમરે આવી આદત પડી ગયેલી છે તે આ ઉંમરેય પણ છૂટી નથી. હવે તબિયતનાં ઠેકાણાં છે નહીં, ડૉક્ટર પણ કહે છે કે સ્મોકિંગ બંધ કરો તો તમારા માટે સારું નહીંતર દુ:ખી-દુ:ખી થઈ જશો. આજે યોગેશ, પ્રભાકર અને એ અમારા ગામના લીમડા તળાવની પાળ – બધું મને નજરે તરે છે.'

'અલ્યા બટુક! તારે તો રજત જયંતી ઊજવવી જોઈએ.' મેં કહ્યું.

'શેની દિલાવર?'

'મયૂરી! બટુકભાઈને સ્મોકિંગના પચાસ વર્ષ થયાં તેની.' મેં ઉમેર્યું.

'હા દિલાવર! બીડી, સિગરેટ હું છેલ્લાં ૫૦ વર્ષથી ફૂંકું છું. ડૉક્ટર કહે છે કે, ફેફસાં કયારે ખરી પડશે તે કહી શકાય નહીં.'

'ફેફસાં બગડી જાય તેનો વાંધો નહીં પણ સિગારેટ કેમ છૂટે? ખરું ને બટુક?' મયૂરીએ ટોણો માર્યો.

'મયૂરી, આ કુટેવ છે તે છોડી છૂટતી નથી. ઘણીયે વાર પ્રયત્ન કરી જોયા પણ કંઈ

વળે તો ને? દિલાવર! તું યે બીડી તો પીતો હતો ને? હજુ પીએ છે ખરો?' બટુકે મને વાતમાં ખેંચ્યો.

'જો બટુક, છોડવું હોય ને તો છૂટી જ જાય. હું તને કંઈક કહીશ તો આ શશ્યો બોલશે – "થઈ શરૂ બાપુની કથા?" અને મયૂરીને મજા પડશે.'

'ના દિલાવર! દરેક વખતે હું થોડું એવું કહું? થાવા દે ભઈલા!' શશીએ મને લીલી ઝંડી આપી.

'મયૂરી, તને ખબર છે? રામકૃષ્ણ પરમહંસે થાંભલાને બાથમાં ભીડીને શિષ્યને સમજાવેલો કે થાંભલો મને છોડતો નથી. આ વ્યસનનું પણ એવું જ છે. આપણે બાથમાંથી થાંભલાને વેગળો કરીએ તો? એવું જ સિગારેટનું! મક્કમ મનોબળ રાખો એટલે છૂટતાં શું વાર લાગે?'

'વાહ... બાપુ! તમારું કહેલું સો ટકા ખરું.' શશીએ મને પાનો ચડાવવા માંડ્યો.

'તે શશ્યા? તું હંઘાયની વાતું હાચી હાચી એમ બોલવાનું બંધ કરીને આ પાનપરાગનાં પડીકાં ને સિગારેટો બંધ કરતો હો તો? મયૂરી, કહે ને યોગેશના આ એક્સ બિઝનેસ પાર્ટનરને?'

મયૂરીએ તરત મારો બોલ ઝીલી લીધો: 'શશીભાઈ! તમે સિગારેટ-તમાકુ છોડી દેતા હો તો?'

'મયૂરી! આ શશ્યો છે ને એ તો મારો બેટો જબરો છે. જો મેં એકવાર સિગારેટ-તમાકુને તિલાંજલિ આપી પણ તારા શશીએ તો કેટલીયે વાર છોડી છે.'

'હા... હા... હા... દિલાવર! તેં કેમ એક જ વાર છોડેલી?'

'વાહ... મયૂરી... વાહ! તારા સવાલનો મારી કને કોઈ જવાબ નથી પણ હું તને વચન આપું છું કે જો હું ફરીથી સિગરેટ પીશ કે તમાકુ ખાઈશ તો શશ્યાની જેમ ફરીથી છોડીશ, આ મારું વચન.'

'દિલાવરસિંહ જાડેજા બાપુ! શા સારું આ ભલી બઈની મશ્કરી કરો છો?'

'મશ્કરી હું કરું છું કે તું શશ્યા? વારે વારે સિગરેટ-તમાકુ છોડવા એ મશ્કરી નથી? મેં તો એક વાર છોડી ઈ છોડી. ત્યારની ઘડી અને આજનો દી!' ગઈ ઈ ગઈ. આજે ઈ વાતને સત્તર-અઢાર વર્ષનાં વાણાં વહી ગયાં.'

'દિલાવર તેં કઈ રીતે આ વ્યસન છોડેલું? તારી તબિયત બગડેલી એટલે?'

'ના મયૂરી! પ્રભુકૃપાએ એવું ન હતું. પણ બન્યું એવું કે મારી બૈરીને મોટી બીમારી આવી. ઑપરેશન થિયેટરમાં હું હાજર રહ્યો. ઑપરેશન સાડા-ત્રણ કલાકે પૂરું થયું. દર પંદર મિનિટે બહાર આવીને ફૂંકે રાખી પછી મેં નક્કી એવું કર્યું કે આજ પછી આ રૂપસુંદરીને હોઠે ક્યારેય લેવી નથી, જેટલી બચીઓ થાય એટલી કરી લીધી! ત્યારની ઘડી ને આજનો દિવસ! મેં ત્યાર પછી કયારેય સિગારેટ-તમાકુને હાથ અડાક્યો નથી.'

'ભઈ એ તારો કૉન્ફિડન્સ છે. પણ અલ્યા દિલાવર કેવું લાગે છે આ વ્યસન છોડ્યા પછી?'

'સાચું કહું શશી? દૂધીનો સ્વાદ માણી શકું છું. ખાવાની દરેક ચીજવસ્તુના મૂળ સ્વાદ અનુભવી શકાય છે. આ સિગારેટના ધુમાડા અને તમાકુથી મોંની અંદરના ભાગની ગ્રંથિઓ ચેતના વગરની થઈ ગયેલી. ધીરે ધીરે સજીવન થઈ અને હું બચી ગયો શશી!

બટુક અને શશી તમારેય હજુ ચેતી જવા જેવું છે.'

'તારી વાત સાચી દિલાવર! પણ તારા જેવું મનોબળ જોઈએ ને?'

'એમાં મનોબળને વચ્ચે ના લાવ, બટાકી! હાંભળ! આ વ્યસન છોડ્યા પહેલાં હું એકવાર મારા એક ઓળખીતા ઑર્થોપેડિક સર્જન હારે ઘૂંટીના રિપ્લેસમૅન્ટનું ઑપરેશન જોવા થિયેટરમાં ઘૂસી ગયેલો. ઈ મારો વાલો જે મસ્તીથી ઑપરેશન કરતો હતો ને, ઈ જોવાની મને તો મજા પડી! ચરબીના ધોળા ધોળા ટુકડા મને તો પનીરના પીસ જેવા લાગ્યા. મને દૂર ઊભો રાખેલો. વચાળે હવાનો પડદો હતો એટલે ગંધ મારા લગણ ન આવે અને મને ઈ ટુકડાઓ જોઈ મોંમાં પાણી છૂટે...'

મયૂરીથી રહેવાયું નહીં: 'છી...! દિલાવર બંધ કર! મને તો ઉબકા આવે છે.'

'મયૂરી! હાચું કહું છું. છોડ આપણે મૂળ વાત કરીએ. ઑપરેશન પત્યું એટલે ડૉક્ટર કહે કે બાપુ! હાલો કૉફી પીવા! ઈ અમે જાતા'તા તંઈ હામે એક બીજું ચાલતું'તું!'

'શુ?'

'અરે ઑપરેશન? હૉસ્પિટલમાં બીજું શું હોય?' મેં પૂછ્યું ડૉક્ટરને કે અહીં શું ચાલે છે?'

'તો ડૉક્ટર કહે – બાપુ! અહીં બાયપાસ સર્જરી ચાલે છે. મેં કીધું ડૉક્ટર હાલોને આંટો મારીએ? તમને તો કોણ ના કહે? મને જોવા મળે ને? અમે ઘૂસ્યા હૃદયની સર્જરીના થિયેટરમાં. શિલ્પકાર નીચો બેસી પોતાની ખુરશીથી થોડે ઊંચે આરસપહાણનો પથ્થરો રાખી મગ્ન બની અવનવી મૂર્તિની કોતરણી કરતો હોય એમ દર્દીના હૃદય સાથે ઈ મારો વાલો પ્રેમ કરી રહ્યો હતો. એની ઉપર બે પાંખિયાં જેવું ફરફર થાતું'તું. મેં કીધું કે આ શું હલ્યા કરે છે કાળું કાળું? ઑપરૅશન કરતાં કરતાં ડૉક્ટર કે'છે કે ઈ ફેફસાં છે. મેં કીધું ફેફસાં કાળાં હોય? ડૉક્ટર કે ના, બ્રાઉન હોય. તો મેં બીજો સવાલ કર્યો કે, આ કાળા કેમ?' ત્યારે ડૉક્ટરે મને કીધું કે આ કોડાએ આખી જિંદગી ફૂંક ફૂંક કર્યું છે. એટલે જ જુઓ બાપુ, આ નળી બ્લોક થઈ ગઈ છે. સમયસર અહીં પહોંચ્યો અને વિજ્ઞાને શોધો કરી મૂકી છે એટલે જેમ હાઈ-વે પર નાળું તૂટે ને ડાયવર્ઝન કરીએ એમ આનું બાયપાસ કરીને હૃદયમાં લોહીનું પરિભ્રમણ એટલે કે આવન-જાવન ચાલુ રાખવાનો રસ્તો કરી રહ્યો છું. આ બ્લોક થયેલી નળીને કાપું છું ને બાજુમાંથી બીજી કાપેલી હારે જોડું છું. મેં હાડકાના ભાઈબંધ ડૉક્ટરને કીધું કે ભારે કરી આ કોડાએ. હવે તો મારેય ફૂંકવાનું છોડ્યે જ છૂટકો!

'બસ, આ જ પ્રસંગ પછી રોજ રોજ વિચારતો ગયો કે આ વ્યસન મારું હાળું છે તો ભૂંડું જ અને લાગ આવ્યો તે છોડી જ દીધું. આખરે ના છૂટકે શશીએ કબૂલ્યું – 'તું સાચો દોસ્ત! તારા જેવું અમે વિચારતા હોત તો?'

'શશ્યા, તું વાતો બહુ ડાહી ડાહી કરે છે, ને અમલના નામે જો! આટલાં વર્ષે આપણને મયૂરી ને બટુક મળ્યાં છે એ પણ બહુ મોટી વાત છે. આ વાત ઉપર તો કરને નક્કી?'

'શેનું?'

'અલ્યા કાલો થા મા...'

'શશીભાઈ લો પ્રતિજ્ઞા કે હવે પછી સિગારેટ નહિ જ સળગાવું.' મયૂરીએ આગ્રહ કરવા માંડ્યો. મેં એને ટોકી – છોડ મયૂરી! એના નસીબમાં હશે ત્યારે જ એનાથી નક્કી

થશે, પરાણે પ્રીત્યું થોડી થાય?'

'મિત્રોં! આ દિલાવરિયાનું યે પેલા રામની કથા કહેનારના જેવું છે. મૂળ વાત બાજુ પર રહી જાય ને આપણી કથા શરૂ થાય. જાત-બડાઈમાંથી બારું નિકળાય જ નહીં. હે ભગવાન! તેં માણસને આવો કેમ ઘડ્યો હશે?

'અલ્યા બટાકી! યોગેશે તને ચોથા-પાંચમા ધોરણથી બીડીના રવાડે ચડાવ્યો એની વાત કરી. તમે તો છેક અગિયારમા ધોરણ સુધી ગામમાં જ હતા ને? તો બીજા કયા કયા રવાડે ચડ્યા ભઈલા!' મેં ઉલટતપાસ આરંભી.

'દિલાવર! અમારે ત્યાં મેટ્રિક સુધીની શાળા ગામમાં જ હતી. અગિયારમા લગી અમે સાથે જ હતા. આ સમયગાળા સુધીમાં તો હું પાકા પાયે વંઠી ગયેલો જ હતો... છોડને હવે, યોગેશના બાળપણની વાત કરીશું ફરી ક્યારેક વળી...' બટુકે વાત વાળી લીધી. ત્યાં મયૂરી બોલી:

'અરે શશીભાઈ! જુઓ તો ટ્રેન ચાલી કે શું?'

'અલ્યા શશી! ઊભો થઈને બારણા લગણ જઈને જોતો ખરો?' મેં પણ મયૂરીની વાતમાં ટહુકો ક઼ર્યો.

શશીએ જોયું કે ધીમે-ધીમે ટ્રેન ચાલી રહી હતી. વરસાદ અટકી ગયો હતો. બોરીવલીથી આગળ ખાસ્સી ચાલી હતી. વલસાડ-નવસારી જતાં રહેલાં. હવે તો હુરત (સુરત) આવશે. ત્યાં પહોંચી જવાય તો હરિ... હરિ...

મને મયૂરીના ચહેરા ઉપર કંઈક અંશે ચિંતાના ભાવો દેખાતા હતા. શશી અને બટુકને લાંબો ફેર પડતો હોય તેમ લાગતું ન હતું. જોકે મયૂરી પણ એટલી બધી ચિંતામાં દેખાતી ન હતી.

'યોગેશ અમારો એક એવો મિત્ર હતો કે જે અમને બધાને છોડી આ ફાની દુનિયાની માયાજાળમાંથી મુક્ત થયો હતો. અમે બધા મિત્રો જુદા જુદા ઠેકાણેથી અમદાવાદ સ્થિર થયા હતા. હું સૌરાષ્ટ્રથી આવ્યો હતો. યોગેશ, પ્રભાકર, બટુક પંચમહાલથી આવ્યા હતા. શશીના પિતાશ્રી ઘણા સમય પહેલાં ભરુચ જિલ્લાના કોઈ ગામડેથી અમદાવાદ આવીને સ્થાયી થયેલા હતા એટલે શશી અને ભાવિન વર્ષોથી અમદાવાદ સ્થાયી થયેલા હતા. રઝાકમિયાં પણ ઘણાં વર્ષોથી અમદાવાદમાં હતા જ. વિરમ અને રેણુ પણ મૂળ અમદાવાદનાં જ હતા.

અમે બધા એટલે કે હું, દિલાવર, શશી, યોગેશ, પ્રભાકર, ભાવિન, વિરમ, બટુક, રઝાકમિયાં આટલા તો ઈ.સ. ૧૯૭૦ પછીથી લગભગ રોજ મળતા હતા.

રોહિત (સનમ), તેનો ભાઈ પ્રવીણ, શીઘ્ર શાયર વિરેન આંતરે દા'ડે તીસરી મંજિલની મુલાકાતે આવી જતા. આ ઉપરાંત અમારા મિત્રમંડળમાં રેણુ અને મયૂરી જોડાયાં હતાં. ખૂબ મોજમસ્તી હતી અમારી તે વખતની લાઇફમાં હું નોકરી કરતો હતો. શશી, ભાવિન બાપકમાઈવાળા હતા.

'યોગેશને ખાસ આજીવિકાનું સાધન ન હતું. યોગેશ, શશી અને રઝાકમિયાં નાનો મોટો ધંધો કરતા હતા પણ શેનો ધંધો કરતા હતા તેની મને વિગતે ખબર ન હતી. રઝાકને માણેકચોકમાં સૂટકેસની અને પર્સની પોતાની અલાયદી દુકાન હતી. અમને બધાયને નવાઈ એ વાતની હતી કે અમે કઈ રીતે ભેગા થયા હતા? પણ મિત્રતાનાં કારણો નથી હોતાં, એ લાગણી જ અલગ હોય છે.

'યોગેશ અને પ્રભાકર તીસરી મંજિલ ઉપર ફક્કડપણે રહેતા હતા. મા-બાપથી દૂર. અને તેથી જ અમારું મળવાનું જંકશન તીસરી મંજિલ થયેલું. રોહિત અને પ્રવીણ બંને સગા ભાઈઓ હતા, જેના થકી અમે બધા તીસરી મંજિલે પહોંચ્યા હતા. વિરેન એ શશી, ભાવિનનો જૂનો મિત્ર હતો. શેરો-શાયરીના શોખથી તીસરી મંજિલે આવતો હતો.

'અમારા જીવનના કંઈ કેટલાયે બનાવોનું સાક્ષી આ મકાન હતું. અમારા દરેકના અંગત જીવનમાં આવેલા વળાંકો આ જંક્શનથી જોડાયેલા હતા. અજીબ માહોલ હતો. તીસરી મંજિલની અમારી આ જિન્દગીમાં.

'અમારી વચ્ચે મતભેદો થયેલા ન હતા, કે અમે એકબીજા સાથે ઝઘડતા ન હતા એવું યે ન હતું. અમારા વચ્ચે ગ્રુપીઝમ જેવું ન હતું. હું ને યોગેશ એક કૉલેજમાં હતા અને એક જ દા'ડે આ શહેરમાં આવેલા હતા એટલે બહુ જ અંગત હતા.

શશી, રઝાક અને યોગેશ કંઈક આડોઅવળો અને નાનો મોટો ધંધો કરતા હતા એટલે એ લોકો પણ અંગત હતા. જોકે તેઓ વચ્ચે નાણાકીય આપલેના વ્યવહારમાં પરસ્પર ખટ્ટી-મીઠી ચાલતી જોવા મળતી, પણ એમના હિસાબની વાતો તેઓ પૂરતી જ સીમિત હતી. અમને તેની કોઈ જ જાણ ન હતી.

ભાવિનનું ચારિત્રલેખન હજુ આ ઉંમરેય હું કરી શકતો નથી. બોલવામાં ખૂબ જ ચપળ હતો. ભાવિન અને યોગેશ સાહિત્યના મિત્રો હતા. ભાવિનને વાચનનો શોખ હતો અને યોગેશને પણ વાંચન-શેર-શાયરી-ગઝલ જેવા રજવાડી શોખો હતા. વિરેન, ભાવિન, સનમ અને યોગેશની ચંડાળ ચોકડી જ્યારે મૂડમાં હોય ત્યારે તીસરી મંજિલમાં એક મહેફિલનું વાતાવરણ જામી પડે. મોટે ભાગે શેરો-શાયરીના શોખીનો અલગારી હોય. યોગેશ, સનમ, વિરેન એવા જ હતા. પણ ભાવિન! તે ઓળખાવો અઘરો હતો. આવો સાહિત્ય રસિક ભાવિન ન ઓળખી શકાય તેવો કેમ હશે? તે મને આજેય સમજાતું નથી.

અમારા બધામાં કેન્દ્રસ્થાને યોગેશ જ હતો. યોગેશ અને પ્રભાકરના સંબંધો અમે સમજી શકતા ન હતા. પ્રભાકર માનસિક અસ્વસ્થ જણાતો હતો. એકાઉન્ટમાં બાહોશ હતો.

હાલ પ્રભાકર ક્યાં છે તેની મને ખબર નથી. યોગેશ બધા સાથે જોડાયેલો હતો એટલે અમે યોગેશના માધ્યમે મિત્રો બનેલા હતા, જોકે ત્યારપછી હું શશીના સતત સંપર્કમાં હતો અને આજે પણ છું જ. બીજા મિત્રોમાંના એક-બે મને કોઈક કોઈક વાર મળે છે.

આજે કંઈ કેટલાંય વર્ષો પછી મને અને શશીને યોગેશ યાદ આવેલો હતો. એમાંયે અકસ્માતે મયૂરી અને બટુક મળ્યાં અને તે કારણે તીસરી મંજિલ અને તે સમયની તમામ વાતો આજે માનસ ઉપર પ્રગટ થઈ હતી.

મયૂરી મળી તે મોટી નવાઈની વાત હતી અને બટુકની તો કલ્પના કરવી જ અશક્ય હતી. મારી ઢળતી ઉંમરે મને વર્ષો જૂના ગોઠિયાઓ મળ્યાનો આનંદ અનેરો હતો.

ટ્રેન ધીમે ધીમે ગતિ કરતી હતી. થોડા સમય સુધી વાતોમાં વિરામ એટલે આવ્યો હતો કે લાંબા સમય પછી વરસાદ વરસતો અટક્યો હતો ને અટકેલી ટ્રેન આગળ વધી રહી હતી.

મારું મન અવનવા વિચારે વિહરી રહ્યું હતું. ઘડીકમાં તીસરી મંજિલની બાલ્કનીમાંથી સામેના બસસ્ટૅન્ડ ઉપર ઊભેલી મયૂરી ઉપર તો ઘડીકમાં બાજુમાં ઊભા

ઊભા સિગારેટના કશ ખેંચતા યોગેશ બાજુ નજર કરી રહ્યું હતું. વળી અચાનક માણેકચોકની ભાજીપાંઉની લારી ઉપર પેલો છગનિયો લસણની ચટણી, લાલ મરચાંમાં ધમધમાટ બનાવીને પીરસતો દેખાતો હતો અને પીરસતાં પીરસતાં આ મુફલિસો પાસેથી નાણાં ઉધારીમાં જશે કે આજે રોકડ મળશે? એવા શંકાના ભાવોવાળી છગનિયાની નજરું મને આજે આ ઉંમરે પણ યાદ છે.

વળી પાછું મનને મેં ભારતી હિન્દુ હોટેલવાળા વલ્લભકાકાની ઝીણી આંખો ને શંકર નોકરની બૂમો વચાળે વાળ્યું અને તુરત જ મોટા રોટલા જેવડી ફરસી પૂરી, ને તળેલા ચીડિયાં મરચાંનાં વઘારેલા ટુકડાનો સ્વાદ પણ એ ચકલાની હોટેલના છેવાડેના ટેબલ પર બેઠા બેઠા ખાતા હોય એમ અનુભવમાં આવતો ગયો.

'વળી અચાનક ભાવિનિયાની હાથમાં નોટ ઉછાળતી બેફિકરાઈવાળી એન્ટ્રી, અને નાટકીય સંવાદ – અલ્યા કે'વુંતું'તો ખરું કે તમે નાસ્તો કરવા અહીં આવવાના હતા! તો યાર હું સમયસર ન આવી જાત? બોલો હવે મારે મારા માટે અલગથી ઑર્ડર આપવો પડશે...

'અચાનક મને ભાવિન વલ્લભાકાકાને ઑર્ડર આપતો દેખાયો. એ જેવું બોલ્યો કે – કાકા મને એક ફરસીપૂરી અને ચા આપજો ને? કાકો તાડૂક્યો – 'ભાવિનિયા! ગજવામાં હાથ ઘાલીને જોઈ લે. પછી તું ખાધા પછી કહીશ કે કાકા સૉરી હોં! પર્સ કયાંક ભુલાઈ ગયું લાગે છે. તારું ઉધાર ચાલતું નથી સમજ્યો?'

હું અચાનક મોટેથી હસી પડ્યો. મને આમ હસતો જોઈને મયૂરી, શશી, બટુકનું ધ્યાન મારી બાજુ ખેંચાણું અને શરુ થયો ફરીથી અમારો વાર્તાલાપ. શશી બોલ્યો – 'અલ્યા દિલાવર! કયાં ખોવાઈ ગયો'તો?'

'શશી! આજે તો વલ્લભાકાકાએ ભાવિનિયાને ફરસી પૂરી ધરાર ન જ આપી અને આપણે અર્ધી ચા પીવડાવી એવું ચિત્ર મગજ પર આવ્યું ને હસી પડ્યો ભઈ!'

'બોલો... બોલો... શું વાત છે? ચકલાની હોટેલમાં પહોંચી ગયાને તમે તો બાપુ?'

'હા બટુક! તમે બધા મળ્યા, ને એટલે એ સમય પણ યાદ આવ્યો.'

'અરે... શશીભાઈ! આ વળી પાછી રિસાઈ! જુઓ ફરી રોકાઈ ગઈ.' મયૂરીએ બારી બહાર નજર ફેરવતાં કહ્યું.

'હવે એને જે કરવું હોય ને એ કરવા દેવું પડે. જેમ બૈરાંને ચડૅલી રીસ ઉતારવા અબોલા શ્રેષ્ઠ ઉપાય કહેવાય એમ આયે અગ્નિદેવીનો રથ કહેવાય.'

'આપણે વળી કરીયે શું શકવાના હતા? તાપીમાં પૂર હોય તો પુલ ઉપર શેં જવાય?' શશીએ જ્ઞાન વિતરણ કર્યું.

'અરે... તાપી પહેલાં તો સુરત સ્ટેશન આવે જ્ઞાનેશ્વર! તો સુરત પહેલાં કેમ અટક્યો હશે આ અગ્નિરથ? જે હોય તે આપણે શું કરી શકવાના હતા? છોડોને આપણે આપણી જ વાતો કરોને ભઈ? હા, તો શશીભાઈ! આ બટુકે યોગેશના બાળપણની વાત કરી એમ તમનેય ઘણી વાતો યાદ હશે ને?'

'મયૂરી! યોગેશ, રઝાક ને હું – અમે ત્રણેય ધંધો સાથે કરતા હતા. એટલે અમારો અનુભવ ઘણો જ જુદા પ્રકારનો હતો. યોગેશ ધંધાદારી ન કહી શકાય.' શશીએ ચોખવટ કરી.

'અરે... યાદ આવ્યું એક જોરદાર વાત યાદ આવી.' બટુક એની જમણા હાથની

સૌથી નાની આંગળી રમાડતો બોલ્યો.

'શું બટુક, એ પણ નાનપણની જ વાત છે?' મેં ટાપસી પૂરી.

'હા દિલાવર! એ ઘડીએ અમે છઠ્ઠા કે સાતમા ધોરણમાં હોઈશું. ત્યારની આ વાત છે. થયેલું એવું કે પ્રાણબાપુને ખબર પડી ગયેલી અમારા રજવાડી શોખની. હું, યોગેશ અને પ્રભાકર એના ઘરની પેલા માળની મેડી જેની બારી રસ્તા ઉપર પડતી હતી ત્યાં વાંચતા હતા. મોટે ભાગે અમે મેડીએ જ હોઈએ. બાપુ છાના છાના અવાજ કર્યા વગર મેડીએ ચેકિંગમાં આવી જાય તો? યોગેશે ગજબનો રસ્તો વિચારેલો.

'શેનો રસ્તો વિચારેલો?' મયૂરીએ સામો પ્રશ્ન કર્યો.

'મયૂરી! જો અમે લોકો બીડી પીતા હોઈએ અને બાપુ આવી ચડે તો? તેને માટે યોગેશે એક વૈજ્ઞાનિક યોજના અમલમાં મૂકેલી. આપણે લાઇટ કરવા માટે સ્વિચ પાડવી પડે છે ને? મેડીના પહેલા પગથિયા ઉપર ચડતાં પહેલાં ફ્લૉર ઉપર પાથરણું રાખેલું. એ પાથરણા નીચે ઇલેક્ટ્રિકના વાયરની સ્વિચ બનાવેલી. જેવા બાપુ પાથરણે પગ મૂકે એવી ઉપર લાઇટ થાય એટલે ચેતવણી મળી જાય કે કોક ઉપર આવે છે. બીડી પીવાનું સ્થળ રોડ ઉપર પડતી ગૅલરી હતું. પાણીનું મટકું પણ રાખેલું.'

મેં કહ્યું, 'મારું હાળુ? ખોટા કામે અક્કલ વધારે જોઈએ. ચોરને ચાર આંખ એ કહેવત કાંઈ એમ થોડી પડી હશે?'

'દિલાવર! ખરી વાત છે.'

'બટુક! આપણા ભાઈબંધોમાં યોગેશ તીવ્ર બુદ્ધિમત્તાવાળો ખરો હો?' મેં ઉમેર્યું.

'દિલાવર! અમે સાથે ધંધો કરતા હતા ને! હવે આજે તમને કહું છું કે અમે શું ધંધો કરતા હતા...'

'અલ્યા શશ્યા! શું તમારો ધંધો દાણચોરીનો હતો?'

'હા, એક રીતે તો એમ જ કહેવાય. દાણચોરી જ તો વળી! દહેજ બંદરેથી પરદેશી પરફ્યુમ, કોસ્મેટિક્સ વગેરે આઇટમો ડયૂટી ભર્યાં વગરની લાવીએ અને અમદાવાદમાં રઝાકમિયાં અમને વેચી આપે. આ કારોબારમાં મોડસ ઑપરેન્ડી યોગેશ નક્કી કરી આપે. પેલો ચકલાવાળો શૈલો રિક્ષાવાળો નહીં? એ અમને નારોલ ચોકડીએથી રિક્ષામાં લઈ લે. અમે બસમાં સુરતથી રાત્રે આવીએ, પણ ગીતામંદિર સુધી કયારેય ન આવીએ. ચોકડીથી રિક્ષામાં, બેસી જઈએ. આ સઘળી યોજના યોગેશ કરે.'

'તે અમને કયાં ખબર નથી? મારા હાળા વહેલી સવારે મોટી બૅગ લઈને શૈલાની રિક્ષામાં તીસરી મંજિલ આવત'તા તે હવે ખબર પડી કે એ બૅગ કાકાની નહોતી પણ રઝાકમિયાં માટેની હતી!' મેં ફોડ પાડ્યો.

'દિલાવર! અમે તને પણ એ વાત ન'તા કરતા એનું એક કારણ કે તું પાછો સિદ્ધાંતવાદી ખરોને?'

'છોડને શશી? સિદ્ધાંતવાદી તો ઠીક છે ભાઈ! હુંયે દૂધે ધોયેલો ક્યાં હતો? પણ એક વાત ચોક્કસ કે મેં આવું કર્યું ન હોત એ નક્કી જ!'

મેં ખુલાસો આપ્યો. બસ, આ જ રીતે હળવા મને અમારી વાતો ચાલતી હતી તે સાથે ગાડીયે ચાલુ થઈ અને થોડી જ ક્ષણોમાં ગાડી સુરત સ્ટેશન ઉપર પહોંચી.

કેટલાંયે પેસેન્જરો સુરત સ્ટેશનથી ગાડીમાં ચડ્યાં. કોણ જાણે કેમ, પણ મેં જ્યારે

એવું કહ્યુંને કે, આ જાતનું ચીટિંગ કરવાનો મારો સ્વભાવ નહિ તે સાંભળીને, કોઈનો એકદમ ઘોઘરો અવાજ પાછળથી આવ્યો – 'તો ભાઈ! તમે કઈ જાતનું ચીટિંગ કરો છો?' અમે બધાએ અવાજની દિશામાં નજર ફેરવી. મેં પણ એવા જ અવાજે કહ્યું – કોણ છો ભાઈ તમે?'

'દિલાવર! તારા જુદી જાતના ચીટિંગોની અમને ખબર હતી એટલે જ અમે તને અમારા ધંધાની વાત ન'તી કરી. તારે તો કંઈ કેટલાયે ગોરખધંધા હતા.' બોલનારો નજીક આવીને મયૂરીની બાજુમાં બેસતાં બોલ્યો.

'શું મયૂરી! કેમ છો તું? મેં તને ઓળખી જ નહિ. કેવી થઈ ગઈ છું?'

'અરે રઝાકિયા!' શશ્યો ઊભો થઈ ગયો અને એકદમ મિયાંને ભેટ્યો.

'પણ શશી! આપણે તો ઠીક પણ આ મયૂરી અહીં ક્યાંથી?'

'અરે રઝાકભાઈ તમે? આજે તો સવારે કોનું મેં જોયું હશે?' મયૂરી રઝાકના બંને હાથ પોતાની હથેળીમાં દબાવી આંખે અડાડતાં બોલી.

'આ શશ્યાનું મોઢું તો કોઈએ નહીં જ જોયું હોય.'

'તારા સિવાય કોઈએ, એમ બોલો બાપુ? તમે તો છેલ્લા બે-અઢી દિવસથી માત્ર મને જ જુઓ છો.' શશીએ ટાપસી પૂરી.

'એટલે તો શશ્યા આ ટ્રેન ઊપડતી જ નથી.' મેં સૂર પુરાવ્યો.

'બોલો! વરસાદ વરસે તોય હું ને ગાડી અટકે તોય હું, મારાં તો કેવાં નસીબ છે?'

'શશ્યા, તું જ, તારા હિસાબે જ.'

'પણ દિલાવર! વરસાદ અટકે અને ગાડી ચાલે તો?'

'તો એ જ કે આ બંદા દિલાવર મૂછાળાનાં દર્શન કર્યાં હશે!'

'જાત વખાણમાંથી બહાર નીકળો બાપુ! રઝાકમિયાં! બોલો! તમારા શું સમાચાર છે ભાઈ?'

'અમારા તો કોઈ નવીન સમાચાર ક્યાંથી હોય? પણ બટુક! તું બેસને યાર? દિલાવરને સાંભળ એ બાપુડીની ટેવ તને ક્યાં ખબર નથી?'

'કઈ ટેવ રઝાકભાઈ?'

'મયૂરી! આ બાપુ જ્યારે બોલવાનું શરૂ કરે ત્યારે આપણે કોઈ જ હાવભાવ વગર નિરાંતે બેઠા રહીએ એટલે દ્રાક્ષ ખાટી છે એમ મનને મનાવી માઇક બાજુમાં મૂકી બાપુ ખુરશીએ ગોઠવાય.'

'અલ્યા રઝાકિયા? બસ કર યાર? તેં તો જબરી ખેંચી 'લ્યા?'

'દિલાવર બાપુ! તમારા વડાપાંઉની હારેની લિમ્કા જબરી છે હો? તમારી આંખો જુઓ તો ખરા? કેવી ઘેરાવા માંડી છે!'

'હા, મિયાં! આંખો તો ઘેરાય છે. પણ તું યે કેટલા દા'ડે આજે મળ્યો ભઈ? એમ થોડું ઊંઘાય છે?' મેં વિવેક કર્યો.

'તે અમે છીએ એની સંગાથે વાતો કરવાવાળા દિલાવરભાઈ! તમ તમારે એકાદું ઝોકું મારી લ્યો, તમે તો છેલ્લા બે દિવસથી આમ ને આમ જ છો.' મયૂરીએ મારો પક્ષ લીધો.

'મયૂરી! તારી વાત સાવ જ સાચી! તું ને રઝાક વાતો કરો. હું ને દિલાવર થોડું ખેંચી લઈએ.' એમ કહીને શશ્યાએ પણ લંબાવ્યું અને વળી મેં પણ લંબાવ્યું. આંખો બંધ કરી પડખું ફેરવ્યું. લિમ્કાની અસર ઘણી હતી. બધું થોડું થોડું ફરતું લાગ્યું. ખાસ ઊંઘ આવી નહિ તોય પડ્યો જ રહ્યો. મન જાત હારે વાતે વળગ્યું. હવે મયૂરીને રઝાકની વાતો પણ સંભળાતી બંધ થઈ. બાજુમાં શશ્યાનાં નસકોરાના ઘરડ ઘરડ અવાજ થયા મોકળા! હું યે વળી વર્ષો જૂનો સમય વાગોળતો વાગોળતો અર્ધજાગ્રત અવસ્થાએ, ઘડીક આંખ ખોલતો ને ઘડીક આંખ બંધ કરતોકને પડ્યો રહ્યો.

૫

હું દિલાવર આવેલો સૌરાષ્ટ્રથી. કૉલેજનું પ્રથમ વર્ષ ભાવનગર સાયન્સ કૉલેજમાં કરેલું. પ્રથમ વર્ગમાં પાસ થયેલો. કરમની પૂરી કઠણાઈએ બીજા વર્ષમાં નાપાસ થયો. વિધાતાના કારોબારમાં શેં ફરક પડે? વિધિના લખ્યા શેં ટળે? કેમ કે મારા લેખાંજોખાં અમદાવાદ હારે લખાઈ ગયાં હશે? કોઈ જ પૂર્વભૂમિકા વગર હું આવી પહોંચ્યો આ શહેરમાં.

અમદાવાદમાં મારી પહેલી મુલાકાત યોગેશ સાથેની. કાળક્રમે મને શશી, ભાવિન, બટુક, વિરેન, રઝાકમિયાં, પ્રવિણ અને રોહિત (સનમ) પણ મળ્યા. અમારી જિંદગીમાં તીસરી મંજિલે બહું મોટો ફાળો આપ્યો છે.

'મારા સળંગ જીવન સફરમાં મેં ઈ જોયું છે કે જેણે જેણે જીવનના સારા-નરસા રંગો માણ્યા છે, જોયા છે અને અનુભવ્યા છે તે મોટેભાગે સફળ રહ્યા છે. જોકે હું સફળતા મેળવેલો નાગરિક છું તેની મને તો ખબર છે જ, કદાચ બીજાને નો પણ હોય. પણ સારા-નરસા અનુભવો ભોગવીને માણસ એટલું તો જરૂરથી નક્કી કરી શકે કે જીવનમાં સારુ શું ને ખરાબ શું? નસીબદાર હોય તે નઠારું છોડી શકે અને સારપ ગ્રહણ કરીને જીવન અમૂલ્ય બનાવી શકે અને વળી સુખી પણ થઈ શકે. મારું જીવન અમૂલ્ય બન્યું છે કે નહિ તેની ચર્ચા કર્યા વગર સુખી તો છું જ તે તો જરૂરથી કહીશ અને તેનાથી ખૂબ ખૂબ સંતોષ છે.

જીવનના પૂર્વાર્ધે મળેલા ખાટા-મીઠા સ્વાદે કોઈક કરમના ફૂટેલાને વળી નઠારી ટેવો કાયમ રહી જાય અને તેનું જીવન બરબાદ પણ થઈ જાય.

આજે આ ઉંમરે ભર્યા ચોમાસે મુંબઈથી પરત આવતાં રાત્રિની ટ્રેનમાં મને મયૂરી, બટુક અને રઝાકમિયાં મળ્યાં તેનો આનંદ હું વર્ણવી શકતો નથી.

'મારા માનસપટ પર એ દિવસો અને એ કાળના બનેલા બનાવો અને જે મિત્રોની હાજરીએ જીવન જીવાયું હતું તેના કંઈ કેટલાયે પ્રસંગો આજે સ્મૃતિમાં તાજા-માજા થતા લાગે છે.

મારા માનસપટમાં નવાઈની વાત એ છે કે તે ઘડીના ગોઠિયાઓ ને જે દેખાય છે ને, તેની હંગાથે હુંયે તે, ઇ ઘડીનો મને હાલ દેખાઉં છું. હું કેવો હતો તે સમયે?

'મારા ઈ વખતના સારાનરસા સ્વભાવની આજે વિગતે વાત કરું તો ખૂબ નિખાલસતાથી કબૂલું છું કે હું ઈ ઘડીએ ડરપોક હતો. મારો સ્વભાવ અંદરથી હવસખોરીનો હતો. મને બહારથી બધા કને સારા દેખાવાની આદત હતી અને હું જ હાચો અને મારી ખરીદેલી ચીજ અને મારી વાત જ હાચી તેવો અહમ્ ચરમસીમાએ હતો. અમે બધા હારે હોઈએ તો હું મને કેન્દ્રસ્થાને જ જોઈ શકતો. મને બહેનપણી બનાવવાના બહુ અભરખા હતા. મને ઘણી સ્ત્રી મિત્રો હતી. હું તેઓ કને બહુ જ જુઠ્ઠું બોલીને તેમને પ્રભાવિત કરી મારી બનાવી લેતો.

આજે જ્યારે હું ઈ કાળના દિલાવરને જોઉં છું તો ઘણી શરમ આવે છે કે આવો હોવા છતાં આજે હું એક સફળ નાગરિક તરીકે કઈ રીતે સુવિખ્યાત બન્યો હોઈશ?

મન વિચારે ચડી ગયું છે અને ઈ કાળના 'મને' હું નજર સમક્ષ રાખું છું તો તે સમયથી આજ લગણ મેં મારામાં કઠોર પરિશ્રમ કરવાની તાકાત જોઈ છે. મારા જીવનનાં કહ્યાં, તે અંગત પાસાંને બાદ કરતાં મને મારી કામ પ્રત્યેની નિષ્ઠા સ્પષ્ટ દેખાય છે. હું ત્યારથી તે આજ ઘડી સુધી મારા કામ પ્રત્યે સજાગ છું.

મેં કામના સમયે ક્યારેય મારા મોજશોખને અગત્યતા આપી નથી. જો મારે અગત્યનું કામ હોય અને સુંદર છોકરી હારે ફિલમ જોવા જવાનું હોય, તો મેં છોકરીને જુઠ્ઠું કહીને ભગાડી જ હોય અને શિસ્તબદ્ધ રીતે મેં કામને અગત્યતા આપી હોય! હું ક્યારેય મારા સિવાય અન્ય કોઈથી પ્રભાવિત થયો જ નથી. મારા આ ગુણોએ પેલા અવગુણો પર વિજય પ્રાપ્ત કરેલો છે, જેથી સમાજમાં આજે દિલાવરસિંહ બાપુનું કંઈક સ્થાન છે અને મારા તે કાળના મિત્રો સિવાય બીજા કોઈને મારા અવગુણોની જાણ નથી.

મારી નજરે હવે શશી દેખાય છે. ત્યારથી તે છેક અત્યાર સુધીના શશીમાં ખાસ કોઈ ફરક દેખાતો નથી, હા, ઉંમરને કારણે શશ્યાનું મોં બોખું થઈ ગયું છે. એ શશ્યો ત્યારથી તે આજ સુધી વિચિત્ર જ લાગ્યો છે. આ અમારો એક એવો ભાઈબંધ છે કે જેણે કાયમથી પોતાનું જ નુકસાન કર્યે રાખ્યું છે.

તેના જીવનમાં દેખાડા અગ્રસ્થાને રહેલા છે. તેનું ચારિત્ર સારું છે. તે ક્યારેય બે પાંદડે થયો નથી. આ ઉંમરે પણ તેની જરૂરિયાત આવક કરતાં મોટી જ છે. મને અને યોગેશને સ્ત્રી મિત્રો હતી અને કૉલેજના બીજા મિત્રોને પણ. તેથી જ આ શશ્યાએ એક કલ્પિત બેનપણીની અમોને ઓળખાણ કરાવેલી. અમારામાંના કોઈએ તેની પ્રેમિકાને ક્યારેય જોઈ નથી. શશ્યાએ અવનવા ધંધા કરવા ઘણા પ્રયત્નો કર્યા છે. પણ સફળ થયો નથી.

આ શશીની બીજી બાજુ સૌથી શ્રેષ્ઠ છે. બીજા માટે કંઈક કરી છૂટવાની લાગણીવાળો શશી શરૂઆતથી જ છે. પોતાના ઇલાકામાં બીજા મિત્રો કયારેય ખર્ચ ન કરી શકે તેવું દરિયાદિલ રાખવાવાળો માત્ર શશી જ! બીજાનું કયારેય પચાવી પાડવું નહિ તેવો મક્કમ નિર્ધાર શશીનો પ્રથમથી જ છે. મિત્રો માટે કાયમ હાજરાહજૂર કોઈ હોય તો તે શશી જ. તેના સિવાય બીજા બધા બહાનાંબાજીવાળા, હું યે એમાંનો જ. પણ શશી! ના, તે કયારેય પીઠ ન બતાવે. કાયમ રેડી જ.

શશી વગર કોઈને પણ ચાલે જ નહીં. બધાય પોતાની હૈયાવરાળ આ વ્યકિત પાસે જ ખાલી કરી શકે. બધા જાણે કે આને વાત કરવાથી કોઈ નુકસાન નહીં જ થાય. જોકે અમારા બધા મિત્રોનું ચારિત્ર મને શશી મારફતે જ જાણવા મળ્યું છે અને બધા મને શશીની કૃપાથી જ જેવો છે એવો ઓળખે છે.

ઉપરથી જોઉં છું તો ભલે આજે યોગેશ હયાત ન હોય પણ મને તો દેખાય જ છે. યોગેશના ચારિત્રની વાત કરું તો તેમાંથી સારી વાતો બહુ નજરે ચડતી નથી. હું આ પૂરી સમજણથી લખું છું. મૃત મિત્ર વિશે કોઈ તેની ખરાબ વાતો શા સારું પ્રગટ કરે? પણ ના! મારે તો મારા મિત્રોની સાચી ઓળખ આપવી છે ને?

યોગેશે જીવન જીવવાની જડીબુટ્ટી કાયમ કાગળ પર જ રાખી છે. વાતોની પ્રગતિમાં યોગેશનો નંબર પ્રથમ આવે, જોકે મારા આ મંતવ્ય સાથે મારી હારેનો બીજો દિલાવર સંમત એટલા માટે નથી થતો કે યોગેશ આજે કયાં છે? એ જાણે કે મને પ્રશ્ન કરે

છે – દિલાવર તું પણ ઈ ઘડીયે કેવો હતો? યોગેશને ઉઠાડો ને તમને બેહાડો બાપુ! યોગેશ જો આજે હોત તો? કદાચ ઈ પણ સમાજનું મોટું માથું હોત?

યોગેશ અને અમારામાંના ઘણાબધા – તેમાં હુંયે ખરો જ – ચરસ-ગાંજાના સ્વાદ ચાખવાવાળા. મારી જેમ યોગેશને પણ સ્ત્રી મિત્રો ખરી જ. મારે એક જુગાર તેનાથી ઓછું. આ બધી કુટેવો વચાળે પણ યોગેશ તો યોગેશ જ હતો.

નવું જાણવાની તીવ્ર લાલસા, ખૂબ ઊંચું સાહિત્ય વાંચવાનો અને મિત્રો હારે ભૂતકાળને વાગોળવાનો જબરો શોખ. ભગતસિંહ, સુખદેવ, સુભાષચંદ્ર બોઝ, ફિલમના અદાકાર રાજકુમાર, જ્હોન એફ. કેનેડી તેના અતિ પ્રિય હીરો. કાયમથી કાંક નવું કરવાની તમન્નાવાળો યોગેશ! જો આઝાદી મેળવવાના સમયમાં યુવા અવસ્થાએ હોત ને, તો જરૂરથી ક્રાંતિવીરોની ટુકડીમાં જ હોત. કારણ, સુખદેવની પેઠે એ પણ બૉમ્બ બનાવવાની કળા હસ્તગત કરી ચૂક્યો હતો.

'ચલો એક બાર ફિરસે'થી શરૂ કરી પૂરા સાહિર લુધિયાનવીને આખી રાત યાદ કરી શકે તેવો ઉર્દૂ સાહિત્યનો ગાંડો ચાહક અને ઊંડો અભ્યાસી, અમારામાંથી માત્ર યોગેશ જ. એટલે જ અમે સહુ આજ સુધી યોગેશને ભૂલી શક્યા નથી.

યોગેશના પ્રેમની શરૂઆત શારીરિક આકર્ષણથી થયેલી. પ્રેમમાં નિષ્ફળ થતાં જીવનથી નાસીપાસ થયેલો. અને અંતે હારી, કંટાળીને અઘોરી પંથના રસ્તે પ્રથમ પાટણ પછી ગિરનાર અને પછી કંઈ કેટલાંયે સ્થળો ફરીને અંતે અમદાવાદ નજીકના એક ગામડે યોગેશનંદ બાપુ તરીકે સ્થિર થયેલો.

ગિરિ યોગેશનંદ બન્યા પછી યોગેશ મને એકવાર શાંતિથી મળેલો. મેં એને પૂછ્યું'તું – અલ્યા યોગેશ! તમે અઘોરીઓ શાથી પશુના અને કયારેક માનવીનાં બંલિદાનો આપતા હશો? શું તેઓને તમારી જેમ જીવવાના હક્કો નથી? ત્યારે મને યોગેશે બલિદાન માટે કહેલું કે –

'અમે અઘોરીઓ માનીએ છીએ કે, જેમ જીવવા માટે ભોજન આવશ્યક છે તેમ સારી રીતે શકિતશાળી બનીને જીવવા માટે બલિદાન અનિવાર્ય છે. શકિતશાળી અને સર્વસત્તાધીશ બન્યા વગર જીવનનો શું અર્થ? સારી રીતે શકિતશાળી બનીને જીવવા માટે જ આપણે જન્મ લીધો છે. આ જ અમારા જીવનનો હેતુ છે, આ જ અમારા માટે ધર્મ છે. અમે સારી રીતે જીવી શકીએ ઈ માટેનાં બલિદાનો બનવા માટે જ નબળાઓ જન્મ્યા છે. અરે...! આપણું જઠર પણ અન્નનું બલિદાન સ્વીકારે છે કે નહીં? સૃષ્ટિ અને સૃષ્ટિમાંથી પેદા થતી ચીજો જેને તમે ખાદ્ય પદાર્થો ગણો છો તે શું છે? તમારા જઠરાગ્નિનાં બલિદાનો નથી તો બીજું છે શું? અરે...! તમારે પણ દીક્ષા આપવાના રિવાજો ક્યાં નથી? તમારા ધર્મમાં દીક્ષા અંગીકાર કરીને પછી દીક્ષાર્થી સંત નથી બની જતો? એક પહેલવાન, ઉસ્તાદ પાસેથી કુસ્તીના દાવપેચ શીખીને અન્ય કુસ્તીબાજોને જેમ પડકારે છે એમ અમે અઘોરીઓ પણ અમારા ગુરુ પાસેથી જ્ઞાન-દીક્ષા લઈ પછી મંત્ર-તંત્રની દીક્ષા લઈએ અને બધું જ શીખી લીધા પછી મંત્ર-તંત્રથી પ્રકૃતિને ભરપેટ ભોગવીએ. અમારામાં અનેક પંથો છે. અમારામાંના અમુક માત્ર ભોગવવાના તત્ત્વજ્ઞાનમાં માને છે અને તેમાં જ જીવે છે. અમુક અઘોરવિદ્યાની સાધનામાં જીવન વ્યતિત કરે છે.'

મને થયું કે આટઆટલી તાર્કિક વાતો કરનાર મારો દોસ્ત અઘોરી થયા પછી શું નું શું કરશે? મેં તેને બીજો સવાલ કર્યો કે તમે અઘોરીઓ છો તે અમે ઓળખીએ શી રીતે?

ત્યારે મહારાજે કહ્યું કે, 'વત્સ! અમને અઘોરીઓને ઓળખવા બહુ સહેલા છે.

જેના આખાયે શરીરમાંથી તીવ્ર ગંધ આવતી હોય, એક હાથમાં ત્રિશૂળ હોય, બીજા હાથમાં પાત્ર હોય, લાલચોળ આંખો હોય, ગળામાં રુદ્રાક્ષની માળા હોય, માથાના વાળ જટા બની વડવાઈની પેઠે ખભા સુધી ઝૂલતા હોય, આખાયે બદન પર રખિયા-ભભૂતી ચોળેલી હોય, શરીર કસાયેલું અને સ્નાયુ લોખંડી લાગતા હોય, જોયેથી જ ભયાનક અને તિરસ્કૃત દેખાતો તે ભગવાધારી બાવો અઘોરી કે વામમાર્ગી છે તે નક્કી જાણવું.'

આ રીતનો યોગેશ મને હાલ સ્મરણમાં આવે છે. આ જ રીતે ભાવિન પણ ઈ સમયનો મને આજે દેખાય છે. હાલ કોઈ કોઈ વખત મળે છે પણ શશી જેટલો નહીં.

ભાવિન શરૂઆતથી જ ભેદી રહ્યો છે તેના મનની વાત કોઈ જાણી શકે જ નહીં. તેનો સ્વભાવ એકલસૂરો, વાક્છટા અદ્ભુત. તમામ મિત્રો મળે ત્યારે વાતો તો ભાવિનની જ બધા સાંભળે. વાચનનો જબરો શોખ. તીસરી મંજિલના ભાઈબંધો સિવાય કંઈ કેટલાય મિત્રોવાળો ભાવિન મહેફિલનો જીવ, અજાણ્યા પર પ્રથમ નજરે છાપ ઊભી તો અમારા બધા કરતાં ભાવિન જ પાડી શકે. એક નંબરનો દંભી, મનમાં જે હોય તેનાથી હજાર કિ.મી. દૂરની વાત આસાનીથી પીરસી શકે. ભાવિનિયાએ ક્યારેય કોઈના માટે વાઢી આંગળી પર પેશાબ બગાડ્યો નથી. ખૂબ કરકસરિયો. ભાવિન પણ તીસરી મંજિલનું અવિભાજ્ય અંગ!

રઝાકમિયાં પહેલેથી જ અંતર્મુખી રહ્યા છે. ખરી રીતે આ રઝાક અમારો ભાઈબંધ ન હતો. પ્રભાકર વહેલો અમદાવાદ આવેલો, જોકે તે વાતની મને હમણાં જ ખબર પડી જ્યારે યોગેશના ગામે ગયો ત્યારે જ. વાત જાણે એમ હતી કે, પ્રભાકર ને રઝાક તે સમયે આડોશ-પાડોશમાં રહેતા હોવાથી મિત્રો બનેલા. યોગેશના અમદાવાદ આવ્યા પછી પ્રભાકરે ભાડાનું મકાન ખાલી કરેલું અને તીસરી મંજિલ આવેલો.

રઝાકમિયાં પણ પછી પ્રભાકરને કારણે તીસરી મંજિલમાં પ્રવેશ પામેલા. પ્રભાકર નામું લખવામાં પાવરધો. મેં એકવાર પૂછેલું કે રઝાકમિયાં! આ અર્ધું, ચસકેલું, તારા ધંધાના ચોપડા કેમનો લખે છે? ત્યારે રઝાકિયાએ મને કહેલું, બાપુ! એનું ચસકેલું તમે માનો છો. તમારા બધાય કરતાં તેનું મગજ ચડે એવું છે, હિસાબનો એક્કો છે. તેની ક્યારેય ભૂલ થતી નથી. રઝાકમિયાંને ધંધારોજગાર સિવાય કાંઈ જ રસની વાત નહીં. અમારા રજવાડી શોખોમાંનો એક પણ શોખ રઝાકમિયાંને અડક્યો ન હતો તે મિયાંની સૌથી મોટી લાક્ષણિકતા.

એકવાર એવું થયું કે, બધાએ નક્કી કર્યું કે આપણે તીસરી મંજિલ ઉપર નગ્ન નાચ કરવો. આ વિચાર પણ યોગેશનો જ હતો. તેને મનમાં શંકા હતી કે, અમારામાંનો એક નપુંસક છે માટે બધાયે કપડાં કાઢીને નાચ કરવાનો. રઝાકમિયાં એટલા ખેલદિલ કે દિગંબર અવસ્થા સૌ પ્રથમ તેમણે પ્રાપ્ત કરેલી. અલ્લાહનો કાયમ ડર. ધંધામાં કાંઈ પણ ખોટું ક્યારેય ન જ કરે. મુસલમાનોમાં આ ગુણ મેં ઘણામાં નજીકથી જોયો છે. ઇસ્લામમાં સંપૂર્ણ શ્રદ્ધા તે મુસલમાનોનું શીખવા જેવું લક્ષણ છે, જોકે કાળક્રમે રઝાકે યોગેશ અને શશી હારે ધંધો શરૂ કરેલો અને પ્રભાકર કરતાં અમારી હારે સંબંધો વધેલા. પણ પ્રભાકર હારેના સંબંધો ક્યારેય ઓછા થયેલા જ નહીં.



વળી પાછો હું વર્તમાનમાં આવું છું ને મને દેખાય છે. વરસાદી મોસમ!

અમે મુંબઈથી નીકળ્યા પછી બોરીવલીથી મયૂરી, મુંબઈથી આ જ ગાડીના બીજા ડબ્બામાં બેઠેલો બટુક – ચાલુ ગાડીએ ડબ્બા બદલી અમારા ડબ્બામાં ભેગો થયેલો તે, અને આ શશી. શશી તો મારી હંગાથે ગઈ કાલે અમદાવાદથી નીકળ્યા ત્યારનો છે જ. સુરતથી રઝાકિયોયે જોડાયો છે.

ગાડી હજુ સુરત પડી જ છે કે શું? આગળ ક્યારે ચાલશે તેના કોઈ જ અણસાર દેખાતા નથી. વરસાદી માહોલ બરાબર તો જામેલો છે જ. જૂના-પુરાણા મિત્રો મળ્યા છે તેથી વાતાવરણની ભયંકરતા ઓછી લાગે છે. મળ્યાનો આનંદ વિશેષ છે.

'અલ્યા દિલાવર! તારું ચસકી ગયું છે કે શું? આમ ઊંઘમાં હસે છે, બડબડે છે આ બધું શું છે?' રઝાકભાઈએ મને ઢંઢોળ્યો.

'શું... શું... રઝાકભાઈ! શું કહો છો?' મયૂરી ચોંકીને બોલી.

'અરે... મયૂરી! આ જો તો દિલાવરને!'

'હવે ઉંમર લાગે છે, બાપડાને ત્રેસઠ-ચોસઠ તો થયાં હશે ને, રઝાકભાઈ!' મને ઊંઘતો જાણીને મયૂરીએ મારી મજાક કરવાની તક ઝડપી લીધી.

'હા મયૂરી! મને ય વળી બાસઠ તો થયાં. તને કેટલાં હશે, મયૂરી? ના, ખાસ ખબર નથી, પણ હશે ૫૦-૫૫...'

'અલ્યા રઝાક! સ્ત્રીને ઉંમર પૂછાય ખરી?' શશ્યાએ પડખું ફેરવતાં કહ્યું.

'હા શશી! સ્ત્રીને કેમ ન પુછાય? એ થોડી જિન્દગીભર યુવાન રહેવાની હતી?'

'તોયે રઝાક અમુક બાબત સમજવી જોઈએ.'

'અલ્યા શશ્યા! આ તારો વાણીવિલાસ બંધ કર!' મેં શશીને લલકાર્યો.

'હવે તો બાપુચે જાગ્યા ખરા કે?'

'એલા એય! આપણે ક્યાં આવ્યા?'

'દિલાવરમિયાં, તમે તો હજુ સુરતની આજુબાજુ જ છો.'

'તે કાંઇ વાંધો નહિ હુરત તો હુરત!'

'દિલાવરભાઈ! તમારી આખી જિંદગી અમદાવાદમાં ગઈ અને તમારે કોઈ કાઠિયાવાડી મિત્ર ન હોવા છતાં તમે કેમ વારે વારે કાઠિયાવાડી લહેકા કરતા હશો?'

'મયૂરી! આ દિલાવર કાઠિયાવાડી બોલે છે ને? ત્યારે જ મરદ લાગે છે.'

'નથી બોલતો ત્યારે હું કેવો લાગું છું શશ્યા! તારા જેવો?'

'હા... હા... હા...'

'બાપુ, હું તારા હાથમાં આવ્યા વગર ન જ રહું ખરું ને?'

'અરે... શશ્યા એવું નથી ભઈ!'

'પણ જ્યારે હું વધુ પડતો રાજી થાઉને ત્યારે મને મારી અસલ ભાષામાં વાતો કરવી બહુ જ ગમે, બલકે એ ભાષામાં મારાથી કુદરતી બોલાઈ જ જવાય.'

'શશ્યા જો તો ખરો? કેવો જોગ ઊભો થયો છે?'

'શેનો જોગ?'

'મયૂરી-બટુક... અરે! આ બટુક ક્યાં ગયો?'

'એ સામે ઊભો ઊભો ફૂંકે છે જો!'

‘આજે મયૂરી, બટુક, રઝાક, શશી, તું અને હું તીસરી મંજિલના કેટલા બધા અનાયાસે મળી ગયા છીએ!’

‘અનાયાસે નહીં બાપુ! એમાંયે કાંઈક લેખાંજોખાં જેવું હશે જ ને?’

‘અલ્યા રઝાક! તું શું માને છે?’

‘પરભવની વાતમાં રઝાકિયો શું કહેવાનો?’

‘જો ભઈ! અમે તો સારાં કામો કરીએ ને તો અલ્લાહ અમને તેમની પાસે જ રાખે, ફરીથી જન્મવાની વાત અમારે ન ચાલે!’

‘રઝાકમિયાં! ઈ બધું એકનું એક જ છે ભઈ અને મિયાં! તમે જાણો છો ઇસ્લામ એટલે શું?’

‘તમે જ કહોને ઇસ્લામ એટલે શું?’

‘ઇસ્લામ એટલે શું? એ તો રઝાકને જ ખબર હોય ને, મયૂરી! પરંતુ ધર્મનું તત્ત્વજ્ઞાન બધા ધર્મોમાં એક સરખું. એની રજૂઆતો જુદી-જુદી રીતે! પછી હિન્દુ ધર્મો જેવા કે જૈન, વૈષ્ણવ, શિવપંથી, રામપંથી હોય કે પછી પારસી કે ક્રિશ્ચન કે ઇસ્લામ હોય! બધાંય મુકિતની વાતો અલગ અલગ રીતે કહે છે.’ બટુકિયાએ બફાટ કર્યો.

‘મેં તો ખાલી યોગેશ કયાં હશે? એટલું પૂછ્યું ઈમાં બટુકેશ્વર સ્વામી તો ક્યાં ના ક્યાં જતા રહ્યા?’

‘દિલાવર! તારા મતે ક્યાં હશે, યોગેશ?’

‘શશી! હું માનું છું કે અહીંતહીં. ક્યાંક આપણા બધાયની આજુબાજુ હોવો જોઈએ મોટેભાગે.’

‘મયૂરીની વધુ નિકટ હોવો જોઈએ.’

‘દિલાવરભાઈ! એવું શાથી કહો છો કે મારી આજુબાજુ હોવા જોઈએ?’

‘મયૂરી, દિલાવરનું કહેવાનું એવું છે કે તારા માટે તેને અધૂરી વાસના, ઇચ્છા બાકી રહી ગયેલીને?’ શશીએ ગંભીર સ્વરમાં કહ્યું.

‘શશી! પહેલી વખત તારી વાતમાં કાં’ક સાંભળવા જેવું લાગ્યું ભાયડા?’

‘અચ્છા? શું લાગ્યું?’

‘એ જ કે જીવાત્મા તેનાં લેણાં-દેણાંના હિસાબો ક્યારેય પૂરા કરી શકતો નથી! કંઈક તો બાકી રહી જ જાય! કોઈ ગમે તેટલી કોશિશ કરે કે મારી હયાતીમાં બધું ચોખ્ખું કરીને વિદાય લેવી છે, પણ એમ આ કાળા માથાના માનવીથી થાતું નથી! ઈ ધારે છે કંઈક ને વળી થઈ જાય છે બીજું કંઈક! એટલે જે લેખાંજોખાં બાકી હોય ઈ પૂરાં કરવા વારે વારે જન્મવું જરૂરી છે, ભાઈ!’

‘વાહ... બાપુ! વાહ... શું વાત કરો છો ને ભઈ?’

‘અરે... ખરેખર કહે તો ખરો કે ઇસ્લામનો શું અર્થ છે?’

‘જો ભઈ! એક શબ્દમાં કહેવું હોય તો ઇસ્લામ એટલે આત્મસમર્પણા, અલ્લાહને સરેન્ડર.’

૬

'અલ્યા શશ્યા! જો તો આ વરહાદ રોકાયો કે?'

'બાપુ! નાહકની ફિકર શીદને કરો છો?'

'રઝાકિયા! આ મયૂરીને અમદાવાદ ઈના ગગાના ગગાને જોવા જાવું છે. ઈની ચિંતા છે.'

'દિલાવર! ફિકર તો થાય જ ને?'

'મયૂરી! દિલાવરના મોંએથી ચિંતાની વાત નીકળે ને તને ચિંતા શરૂ થાય?'

'વાહ...ભાઈ વાહ...'

'અલ્યા બટાકી! પડ્યો રેને મારા હાળા!'

'કેમ?... કેમ...? દિલાવર! શાથી ગુસ્સો?'

'અલ્યા શશ્યા! તું શું કરતો હતો?'

'કંઈ નહીં. ખાલી એક ફૂંકી આયો.'

'ડોહા! ફૂંક! ફૂંક! તારે હવે વધનું ક્યાં જીવવું છે? પણ ઘેલા! જીવતાં જીવતાં રોજ મારે ને વળી મારતાં-મારતાં જિવાડે એવી આ અવળચંડી છે હોં?'

'કોની વાત કરે છે દિલાવર?'

'મયૂરી! હું તો આ સિગારેટની વાત કરું છું.'

'દિલાવર! તું ભલે સિગારેટની જ વાત કરતો હો! પણ શશી એક ઊછીની માગીને લઈ આવેલો ઈ યાદ છે?'

'કોની વાત કરે છે રઝાકમિયાં!'

'ઈ પેલી રેણુની નાની બહેન! બળ્યું શું નામ હતું ઈનું? મારું હાળું નામ યાદ શેં નહીં આવતું હોય? શશી મા'રાજ યાદ કરાવો ને?'

'શું યાદ કરાવું? દિલાવર! આવી વાતો યાદ કરાવીને તું તો મને કનફ્યુઝ કરે છે.'

'એલા ઘેલા! અમે તને માર ખવડાવેલો ઈ યાદ કરાવવું કેવું લાગ્યું'તું? તો રેણુની બહેનનું નામ કેમ બકતો નથી? ઈ કાંઈ તારી ઘરવાળી ક્યાં હતી?'

'ના દિલાવર! હતી તો ખરી જ. છોને એક દિવસ માટે પણ ઘરવાળી તો ખરી જ ને?'

'અરે...હા, શશીભાઈ! તમારો લગ્ન પ્રસંગ યાદ કરી રહ્યા છે. બટુકભાઈ ખરું ને?'

'તો મયૂરી તારી ટયૂબલાઇટ ઝબકી ખરી?'

'પણ મયૂરી! આ દિલાવરને તો હું રેણુની બહેન જોડે સંબંધ કરું એય ક્યાં ગમ્યું'તું?'

'શશ્યા! તને મારી લાગણીની શી ખબર?'

'શેની લાગણી દિલાવર? તારે રેણુને અને એની બહેન હારે ઇશ્ક લડાવવું હોઈ અને બીજો ભાગ ન પડાવે એ મનમાં રમતું હોય અને વળી નામ આપે તને શશ્યા માટે લાગણી?'

'જો ભઈ રઝાક! એમાં એવું છે ને કે હું રેણુને જાણું. ઈ મારા એકલાની થોડી હતી? ઈને તો ઘણા ભાઈબંધો હતા તે ઈ જો આવી અવળચંડી હોય તો, વળી ઈની બુન કેવી હોય? એની હંગાથે શશ્યો લગન કરે ઈ વાત મને કેમ ગમે? અને વળી મેં તો રેણુને મોઢામોઢ જ કહેલું કે આપણી ભઈબંધી લગન લગણ નથી હોં?'

'અને તેથી જ તો અમારે તરકટ કરવું પડેલું દિલાવર! તને સૌથી છેલ્લે કહેલું કે ભઈ હું આની હારે આજે પરણું છું.'

'હુંયે વિચારું છું કે... આ શશ્યાએ તે દા'ડે મને ખરો છેતર્યો તો હુંયે ભૂલી ગયેલો કે એ તો એપ્રિલની પહેલી તારીખ હતી. મને જબરો એપ્રિલફૂલ બનાવેલો.'

❋

'તીસરી મંજિલના મિત્રોની યારી આવી હતી. એકબીજા માટે મરી પડીએ. કોઈનું નુકસાન થાય તેવું અમને ગમે જ નહીં. મજાક એક બાજુ, ઠઠ્ઠામશ્કરી પણ ખરી. કૂટેવોનીયે વળી ક્યાં ના હતી? પણ કાયમી ધોરણે કોઈ આવી રખડેલ હંગાથે ફેરા ફરી લે ઈ હુંયે ન સહન કરું કે અમારામાંનો કોઈ પણ શેનો કરે? મારા આવા લાગણીશીલ સ્વભાવની બધાને સારી પેઠે જાણ અને તેથી જ મને ખાસ એપ્રિલફૂલ બનાવવાનો તાયફો ઘડેલો મારા વાલીડાઓએ! મને આજે એ બનાવ હૂબહૂ નજરે તરે છે. રેણુ મને કહે – દિલાવર! તને શું વાંધો છે? શું શશી સારો છોકરો નથી? હુંયે રેણુને શું કહું? કે શશી તો ઠીક પણ તારી બુન...? અને મારું બેટું યોગેશિયું? જાણે મોટું પરાક્રમ કર્યું હોઈ ઈમ કન્યાનો ભાઈ બની બેઠેલો. બહેનને પરણાવવા હાલી નીકળેલો. ઈ છોડીનો હાથ પકડીને હોટેલે લઈને આવેલો તે કેવો લાગતો'તો? અને પેલી રેણુની બહેન દુલ્હન બનીને આવી'તી. શશ્યાએ પણ કોણ જાણે કોનો સૂટ માગીને પહેરેલો હશે? એક તો કાળિયો કંદ! એમાં લાલ કલરનો સૂટ! વાહ! વાહ! કેવો માહોલ બનેલો!'

આજે આટલાં વરસે એ પ્રસંગને યાદ કરું છું તો શું નું શું થાય છે? અને આ રઝાકિયો ને ભાવિનિયો? મારા બેટા! વડીલની અદાએ ઠાવકા થઈને કેવા ગોઠવાઈ ગયા'તા? આગલી હરોળમાં?

અને વળી પેલી હોટેલનો માલિક પટેલિયો? જાણે ઈની હોટેલમાં સાચુકલાં લગન ન થતાં હોય?

'જો પાછા દિલાવર બાપુ કશેક ખોવાઈ ગયા? બાપુ! ક્યાં છો?'

'હેં... હા, મારું હાળું હમણાંથી આવું કેમ થાતું હશે? મન ચકરાવે ચડી ગયું'તું. અતીતમાં ઓગળી ગયો તો બટુક! તે શશ્યા! એક વાતની ચોખવટ કરવાની તો આજ લગણ બાકી રહી ગઈ છે ભાઈ!'

'કઈ ચોખવટ કરશો બાપુ? આ ઉંમરે?'

'એ જ કે અમે બધાયે તને રોકડમાં ચાંદલો કરેલો અને તેં કહેલું કે ભઈ! હનીમૂનમાં જવું છે તો રોકડ ઠીક રહેશે. એ રકમનું શું કરેલું શશ્યા? હનીમૂનમાં તો તું ક્યાં ગયો'તો?'

'દિલાવરસિંહ દરબાર! અમારે ઘરબાર હતાં પણ આવી મહેફિલની રકમોની છૂટ

ક્યાં હતી? અમે તે દા'ડે તમને નહોતા જમાડ્યા?'

'તો શશ્યા! ઈ મારા વાલીડા પટેલિયાએ તારી કનેથી ખાવાનાં નાણાં લીધેલાં?'

'હા, બાપુ! લીધેલા જ તો? તમે બધાયે ચાંદલાના આપેલા તેનાથીયે વધારે! એ કંઈ મારા બાપનો દીકરો ન હતો કે જાણે ભાઈનાં લગ્ન કરતો હોય?'

'બોલો! આવું છે મારા ભઈ! શશ્યાને જિન્દગી આખી આવા ને આવા જ ખર્ચાઓ! કેમ રઝાકિયા?'

'હા દિલાવર! ખરું છે, શશીનો એકેય ખર્ચો ઊગી નીકળ્યો નથી. સઘળા માથે જ પડ્યા છે! એ જ તો તેની કમબખ્તી છે ભાઈ!'

'એ જે હોય તે, હું યે સ્વમાનભેર જ જીવ્યો છું, દિલાવર! તારી કને ભલે કરોડો હોય અને મારી કને ના હોય પણ તારા જેટલી જ ખુમારીથી જિન્દગી ગુજારી છે.'

'શશી, આં વાતમાં નો-કોમેન્ટ. તારી કને હોય કે ન હોય ખર્ચા કરવાની ખુમારી તો બાપુ તારી જ હોં?'

'શશી! ખરું કહું? ઘણી વખત મન વિચારે ગોથાં ખાય છે કે, દોમ દોમ સાહ્યબી હોય તોયે શું? આખરે આપણું પેટ કેટલું? બે રોટલી ને શાક જેટલું જ ને? બીજું શું જોઈએ? આપણને બધા બહુ ગમે પણ બધાને આપણે ગમીએ છીએ ખરા? જો લોકોનાં દિલમાં રહીને જીવન જિવાતું હોય ને તો નાણાં વધુ કે ઓછાં, જીવનમાં સફળતા કે નિષ્ફળતા, કંઈ જ ફરક પડવાનો નથી. આપણી પ્રગતિ કે આપણી હાર! કોને શું ફરક પડશે? દરેક પોતાનું જીવન જીવે છે એ તો આપણે સ્વીકારવું જ પડશે. શશી! આપણે નથી જોતા કે કોઈ હોટેલમાં જમવા જઈએ અને બાજુના ટેબલ પર કોઈ મસ્તીથી જમતો હોય અને વેઇટર ઑર્ડર લેવા આવે તો આપણે કહીએ કે, બાજુના ટેબલવાળાએ જે મગાવ્યું છે તે જ મારા માટે લાવો. બોલો! આવું છે! સુખી કોણ? એ નક્કી થઈ શકે ખરું? નાણાંથી તો નહીં જ! એટલે શશી પ્રભુ! તમે સાચા સુખી જ છો?'

'પણ દિલાવર! એમ હાર શેનો માને છે? તું શશ્યાને પૂછ તો ખરો? નાણાં વગર એ રાજી છે ખરો?'

'બટુક! તારી વાત ખરી હોં? પણ શશી જો તેના અંતરથી જવાબ આપે ને? તો જ.'

'મયૂરી! જેને જે ન મળ્યું હોય ને એનો જ અફસોસ હોય! અને જે મળે ને તે માણી શકાય નહીં! મનુષ્યના સ્વભાવમાં આ જ વણાઈ ગયેલું છે.'

'દિલાવર કહે છે કે, "તું દિલાવરથી વધુ સુખી" તે સાચું? બોલ શશી!'

'બટુક! ખરું કહું? મારા મતે તો આ બાપુ જ વધારે સુખી છે. એના સુખની તોલે મારું કહેવાનું સુખ શેં આવે? આપણી આજુબાજુ લોકો નાણાંની છૂટે મોજમસ્તી કરતાં હોય અને આપણે વાત કરીએ કે અમને તો અમારામાં જ સુખ છે. કોઈનું જોઈને આપણાં ઝૂંપડાં થોડાં બળાય? આ સઘળું માત્ર ને માત્ર બોલવા માટે જ! હું ને મારી પત્ની નાટકીય જીવન જીવીએ છીએ છેલ્લાં ચાલીસ વર્ષથી, અને એટલે જ હું નાણાંવાળાઓની સરખામણીમાં નીચો ન દેખાઉં એટલે અર્થ વગરના ખોટા ખર્ચાઓ કરું છું. મારું પણ સ્ટેટસ લાગવું જોઈએ ને?

'આ મારા સ્ટેટસના દેખાડા માટે હું જે કારણ વગરના, કશો જ વિચાર કર્યાં વગર જ્યાં ને ત્યાં જ્યારે ને ત્યારે ખર્ચ કરું છું ને? તેના પછી મારી જે નાણાકીય હાલત થાય છે

તે મને જ ખબર હોય છે. કોઈક કનેથી ઉછીના-પાછીના કરીને મારે ગાડું ગબડાવવું તો પડે જ ને? ઘરવાળી પાસે પણ ક્યારેય સાચું બોલ્યો નથી! પણ એ ભલીને મારી સાચી સ્થિતિની બરાબર જાણ છે. એટલે જ્યારે હદ બહારની નાણાકીય ભીડ વધી પડે ત્યારે એ બોલ્યા વગરની ના રહે અને હું સાંભળી શકું નહિ અને થઈ જાય તૂ તૂ-મૈં મૈં.'

'અલ્યા શશ્યા તારે પણ તૂ તૂ-મૈં મૈં ખરું?'

'હા દિલાવર! ખરું જ તો! પણ દિલાવર, એક વાત કહું? મેં અને મારી પત્નીએ તારો દિલથી આદર કર્યો છે હોં?'

'અલ્યા શશી! આમાં વળી આ આદર ક્યાંથી ટપકી પડ્યો? આપણે તીસરી મંજિલના બધા મિત્રો એકબીજા હારે લાગણીનાં બંધને તો બંધાયેલાં છીએ જ ને?'

'એ વાત ખરી, પણ તારી વાત નિરાળી છે, દિલાવર!'

'અરે શશીભાઈ! આ શું? તમે દિલાવરના વખાણ કરી રહ્યા છોને કાંઈ!'

'હા, મયૂરી હા! મારી ખરી સ્થિતિની સાચી ખબર દિલાવરને હતી જ! એટલે જ એ મારી કને ક્યારેય ખર્ચ કરાવતો નહીં. પોતાના ખર્ચા પોતાના ગજવામાં હાથ નાખી ચૂકવી આપતો. એકલો મળે ત્યારે કહેતો પણ ખરો કે શશ્યા ઘર બાળીને તીરથ કરવા શાનો નીકળે છે? મયૂરી! ત્યારે મને દિલાવરની વાત કડવી ઝેર જેવી એટલે લાગતી કે એ ઘડીયે બધા શશી... શશી... કરતા હોય. મારા ગુણગાન ગાતા હોય અને દિલાવર મને કટુ વચન કહેતો હોય! હુંયે મૂરખનો સરદાર! દિલાવરની વાત માનવા જેવી હોવા છતાં ઈર્ષા પ્રભાવથી બધા કને જાણતાં અજાણતાં દિલાવરની બૂરાઈ બસ કર્યા જ કરું...'

'છોડને એ કાલીઘેલી વાત્યું. એ ગદ્ધાપચ્ચીસીની વાતોને હવે શું છે? પણ મને ઈ ઘડીએ એક કામની વાત કરી'તી યાદ આવે છે? આપણે ડોહા થઈશું ત્યારે તું એક ચિઠ્ઠી લાઈશ અને તેમાં જે લખ્યું છે તે વાંચીશું. તો હેં શશ્યા! તેં ખરેખર એવું કંઈક લખીને મેલેલું છે ખરું કે પછી વાતોનાં વડાં જ?'

'દિલાવર! વાતને ઊંધે પાટે શેનો લઈ જાય છે? મારું કન્ફેશન હજુ પૂરું થયું નથી. મારે આજે તમને બધાને આ શશીની ઘણી વાતો કરવી છે, શશીના જ મોંએ, કે તમને બધાને સૌથી સુખી દેખાતો શશી સૌથી દુ:ખી જીવન જીવી ગયો છે!'

'અરે... છોડને શશ્યા! આવી લાગણીવેડાની વાતો શીદ ને? જે જીવ્યા તે જીવ્યા! હવે જીવેલું પાછું થોડું વળવાનું?'

'હા શશી! એવી વાતોને યાદ કરીને શું ફાયદો? ગયું તે ગયું જ તો?'

જમણા હાથની ટચલી આંગળીને સતત હલાવતાં-હલાવતાં અને મરક-મરક હસતાં બટુકિયાએ ગંભીર બનીને જ્યારે આમ કહ્યું ત્યારે મારાથી બધાના ચહેરાના હાવભાવ જોવાઈ ગયા. રઝાકમિયાં શાંતિથી સાંભળતા હતા. શશીની આંખો ભીંજાયેલી હતી. બટુકને કંઈક બીજું યાદ આવી ગયું હોય. તેમ લાગતું હતું. અને મને? મને શશ્યાના ઘરનું એક દૃશ્ય આંખ સામે દેખાતું હતું.



ઘણાં વર્ષો થયાં ઈ વાતને પણ એ ન ભૂલી શકાય તેવું દૃશ્ય હતું. શિયાળાની સાંજનો સમય હતો, લગભગ સાતેક વાગ્યા હશે. કોને ખબર મને શું થયું કે હું બસ એમ

જ રિક્ષામાં બેસીને કશી જાણ કર્યા વગર શશ્યાને ઘેર પહોંચી ગયો. શશી અને તેની પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી ચાલતી હતી. બંને બાળકો ખૂણામાં ભૂખ્યાં લાગતાં હતાં અને જમવામાં ખીચડી ને દૂધિયું પાણી દેખાણાં. ઘરવાળીએ ગણી ગણીને શશીને શબ્દબાણ મારેલાં. શા સારું છોકરાં પેદાં કર્યાં? આપી દેવા'તાને મને છૂટાછેડા? કમાવાની તાકાત ન હોય તો શાને આવા વટ મારતા હશો? ભાઈબંધોને ચા-પાણી-નાસ્તા-સિગારેટ-બીડીમાં આખો ને આખો પગાર ખર્ચી નાખો છો ત્યારે તમને અમે નથી દેખાતાં? કેટલું દેવું કરી મેલ્યું છે. મને બધી જ ખબર છે પેલો બૅન્કનો તમારો ભાઈબંધ ઘેર આવ્યો'તો એણે મને બધું જ કહ્યું છે, હવે તો હદ થાય છે. બસ, હું તો આજે જ છોકરાને લઈને મારા બાપના ઘેર જતી રહું છું'

જોકે હું આ સીન જોઈને દરવાજેથી જ બારો નીકળી ગયેલો. મેં આજ દિન સુધી આ વાતની શશ્યા હારે ચર્ચા કરી નથી, પરંતુ મેં ત્યારથી જ નક્કી કરેલું કે આ બળદને ઠેકાણે તો લાવવો જ પડશે. જે માનવીને પોતાના ઘરબારની ફિકર-ચિંતા નો હોય, તેનામાં અને યોગેશનંદગિરિ મહારાજ જેવા અઘોરીઓમાં શું ફરક? મારું મન ફરીથી વિચારે ગોથા ખાવા લાગ્યું. જેમ આપણા સમાજમાં નબળા મનવાળા વિકૃત માનવીઓ છે, તેમ આ લોકો પણ છે જ ને? અરે...! યુરોપ-અમેરિકાથી આવતા હિપ્પીઓને જોયા છે? અહીંના સાધુ-સંતો-બાવાઓ એમ માને છે કે, આ ગોરી ચામડીવાળા આપણા અનુયાયી બન્યા છે. પણ ખરી હકીકત ઈ છે કે, સતત ગાંજા-ચરસનું સેવન કરવાથી એમનાં મન નબળાં થયેલાં છે. નબળા મન ભ્રમણાને સુખ માને અને રખડ્યા કરે. લોકો આવાઓને હડધૂત કરે. આપણા દેશના અઘોરીઓ પણ આ જ રીતે એમની ગંદી હરકતોથી સમાજમાં સ્થાન પામી શક્યા નથી અને એમનો તિરસ્કાર થયો છે.'

'જો પાછા બાપુ ક્યાંક ખોવાઈ ગયા...'

'અરે... દિલાવર! તું કોઈ સારા ડાક્ટરને બતાવી જોને? આમ વારે-વારે તને શું થાય છે? વાત વાતમાં અધવચ્ચેથી તું વિચારમગ્ન બનીને કયાં ખોવાઈ જાય છે? ગાંડપણનાયે ઘણા પ્રકાર હોય છે. તેમાંનો એકાદ તને લાગુ તો નથી પડ્યોને?'

'હા રઝાક! તારી સલાહ માનીને હું માનસિક રોગના ડૉક્ટરને બતાવી દઈશ, બરાબર! પણ જો તો ખરો મિયાં! વરસાદનું કેમનું છે ભ'ઈ?' એમ કહીને મેં મારા મનની ગડમથલને મનમાં જ ધરબી દીધી.

'છોડને દિલાવર! હવે તો ગાડી ચાલે કે ન ચાલે, આપણે તો તીસરી મંજિલમાં બેઠા છીએ ને? આપણને શું ફરક પડવાનો?'

'પણ યોગેશ-ભાવિન વગરની તીસરી મંજિલ લૂખી લૂખી લાગે છે. મહેફિલમાં કંઈક ખૂટતું હોય તેમ લાગે છે.' બટુક બોલ્યો. 'દિલાવર! મને તો તીસરી મંજિલનો અંદરનો ઓરડો દેખાય છે. નીચે મેલું દાટ ગાદલું પાથરેલું છે, બાજુમાં હોકો પડેલો છે, યોગ્રેશ બંને પગને વાળીને મહેફિલમાં બેઠેલો છે. આંખે કાળું આંજણ છે, મૂછોને તલવાર કટ કરેલી છે. બંને આંખો ચહેરાની સરખામણીએ ખાસ્સી મોટી લાગે છે. ચરસ-ગાંજાવાળી સિગારેટો બાજુમાં પડેલી છે, સામે સનમ છે. રોહિતને અમે 'સનમ' કહેતા. યોગેશનું તખલ્લુસ "બેબસ" હતું. ભાવિન "હમરાઝ"થી ઓળખાતો એ તો દિલાવર યાદ છે ને?'

'અરે બટુકિયા! બધું જ બરાબર યાદ છે. થાવા દે ત્યારે મહેફિલની રમઝટ.'

'રઝાક! કેવો માહોલ જામેલો? જાણે કોઈ હિન્દી ફિલ્મની કવ્વાલીની મહેફિલ

ચાલી રહી હોય તેમ?'

'બેબસે મેક-અપ બરાબર તેના નામને મળતો જ કરેલો હતો. મહેફિલની શરૂઆત કંઈક આ મુજબની હતી. બેબસે હૃદયના ઊંડાણથી ભરેલી સિગારેટનો ઊંડો કશ ખેંચી 'અર્ઝ હૈ...' કરીને લલકાર્યું:

'કર દો મુજે ફિર કીસી તુફાં કે હવાલે,
સાહિલ કે આસપાસ મેરા જી નહીં લગતા.'

'એલા બટાકી! આ તો "હમરાઝ" ભાવિનિયાનો શેર છે. એ વળી બેબસે શેનો કહ્યો હોય?'

'અલ્યા શશ્યા! ઍડિટર થાવું રેવા દેને મારા ભાઈ! જેનો હોય ઈનો! તને યોગેશિયાનું "શુક્રિયા યારો શુક્રિયા" નથી હંભળાતું? યોગેશે ફરીથી સિગારેટનો કશ ખેંચેલો પછી સનમનો વારો આવેલો. સનમે ઠાવકાઈથી માથે રાખેલી ટોપીને સરખી કરી, અદબવાળી થોડો ટટ્ટાર થયો ને બોલ્યો, 'અર્ઝ કિયા હે...!'

સુનાઓ સનમમિયાં સુનાઓ...

'સજાઈ ઉસને ભી મડેફિલ,
સજાઈ હમને ભી મહેફિલ!
વહાં પર જામ છલકતે હૈ,
યહાં નજરે છલકતી હૈ!'

'વાહ...! ક્યા બાત હૈ? અને શશ્યા! તેં ઊભા થઈને હાથમાં ચોક લઈને, સામે રાખેલા પાટિયા પર સનમનો શેર લખી નાખેલો, યાદ આવે છે?'

'દિલાવર! યાદ કેમ ન હોય? આપણે તીસરી મંજિલમાં કોઈ સારો શેર બોલે એટલે એસ્બેસ્ટોસના પાટિયા ઉપર એ શેરને લખી નાખતા હતા!'

'હા... હા... બટુકિયા! જો, જો, આટલાં વર્ષે કેવું યાદ છે આ શશ્યાને?'

'મને પણ સનમનો એક ગુજરાતી શેર યાદ છે દિલાવર!'

'અરે શશી! તને પણ? બોલ યાર આજ તો મહેફિલ જામી છે દોસ્ત!'

'અર્જ હૈ –

'સમયનું લક્ષણ છે કે, તે અટકતો નથી,
પ્રેમનું લક્ષણ છે કે, તે ટકતો નથી.'

'શું વાત છે શશી? તું તો યાર સનમની ભાષામાં જ બોલે છે ને કાંઈ!'

'મને પણ સનમની એક ગુજરાતી કૃતિ યાદ છે.'

'દિલાવર! તને પણ!'

'હા મયૂરી! હું યે સાવ હૃદય વગરનો નથી જ તો?'

'બોલી નાખ! આજે તો મારેય મહેફિલને માણવી છે તમારી સંગાથે.'

'પાર સામે પહોંચવાની ઘેલછા ભારે પડી,
રેતનો દરિયો હતો અને નાવ કાગળની હતી.'

વાહ... વાહ...! કે'વું પડે મારા ભઈ!

'મને પણ એક યાદ આવે છે યારો! ફરમાવું કે?'

'અરે મિયાં, હો જાય!'

'અર્જ હૈ –

'આંખોમાં ઝળઝળિયાં આવ્યાં, કાગળ તારો વાંચ્યો,
ખેતર સીમને ફળિયાં આવ્યાં, કાગળ તારો વાંચ્યો!'

'ત્યાં મયૂરીએ શીઘ્ર કવિ વિરેનની કૃતિ કહી સંભળાવી –

'તું હૃદયમાં, હૃદય મારું, આટલી
શી વાત છે, કથાઓ શી?'

'રેલવેના ડબ્બામાં વરસાદી મોસમે મહેફિલમાં જો યોગેશની કોઈ કૃતિ યાદ ન હોય તો? હું આમ વિચારતો હતો ત્યાં મને યાદ આવ્યું. હંસલીએ મને યોગેશની લખેલી એક કવિતા આપી હતી તે મારી કને જ હતી.

'મેં વાંચી...

કાલે...
તું યાદ આવી ત્યારે...
વધ્યું ક્ષણોના
અવકાશમાં અંતર બાસ્સું,
રહી ગયું ખુલ્લું
સમયનું બગાસું
થયા પડછાયા
બધા સ્થિર,
થંભ્યા'તાં નદીનાં નીર,
રહી ગઈ કોયલની 'કૂ'
એના કંઠમાં
કોઈના અટક્યા ચરણ
અહીં પંથમાં.
હવા ફેફસાંમાં ઘેરાય
દીવાલ અસ્તિત્વની તરડાય
અને
ટીપું એક આંખમાંથી
નીકળે
જઈને નદીનાં નીરમાં
ભળે,
વલયો થાય.
વધતાં જાય.
વધતાં જાય
વધતાં જાય
શ્વાસ, ચરણ, પડછાયા, સમય.
વિસ્તર્યા કરે સઘળાં વલય

જઈ જઈને
તૂટે નદીની પાળે
કાલે સંધ્યાકાળે...!

'કવિતા વાચન પૂરું. હું બધાના હાવ ભાવ જોતો હતો. બધાના ચહેરામાં યોગેશ દેખાતો હતો. અચાનક તીસરી મંજિલના મિત્રો યોગેશમય બની ગયા. થોડી ક્ષણો સન્નાટો છવાઈ ગયો. ત્યાં જ હેબતાઈ ગયેલ મહેફિલમાં સામેલ સિવાયનો એક શિસ્તબદ્ધ અવાજ આવ્યો,

'સિર્ફ એક કદમ ઊઠા થા, ગલત રહે શૌકમે!
ઉમ્ર તમામ મંજિલ મુજે ઢૂંઢતી રહી!!'

'શશી! આ શેર માત્ર તમારા માટે જ!'

હાથમાંની સળગતી સિગારેટની રાખ ખંખેરતાં એક બેઠી દડીનો જણ અમારી નજીક આવ્યો.

૭

'ઓળખો નાલાયકો ઓળખો! તમે તો ત્યારથી જ મને ભૂલી જવા ટેવાયા છો! હોટલે ફરસીપૂરી ખાવા જાવ તો યે કહેવાનું નહીં. માણેકચોકમાં છગનિયાનાં ભાજીપાંઉ ખાવા જવાનું સવારથી ગોઠવેલું હોય તેમ છતાં મને જ ખબર નહિ આપવાની! કશો વાંધો નહિ! અને આજે? આમ બધા ભેગા મળીને પિકનિક કરવા નીકળી પડ્યા છો તેની પણ જાણ નહિ જ કરવાની? તમારા લોકોની આ ટેવ મને જરાયે પસંદ નથી. એક યોગેશ અને વિરેન મને સમજી શકતા હતા. યોગેશ તો છે નહિ અને વિરેન આ મહેફિલમાં હાજર નથી એટલે તમારો શું ધોખો કરવાનો? ચલો માફ કર દિયા. હેંડો હવે, છે તમારી કને કશું નાસ્તામાં બાકી? તો લાવો મનેય ભૂખ લાગી છે.'

'ભાવિન!'

'હા... હું "હમરાઝ" ભાવિન. મને ન ઓળખ્યો?'

'ભાવિનભાઈ... તમે? શું વાત છે?'

'હા, મયૂરી! હું ભાવિન જ છું. પણ તું આ લફંગાઓ સંગાથે આટલાં વર્ષે ક્યાંથી? અરે... સૉરી હોં? દિલાવરબાપુને હવે આવા શબ્દો ન કહેવાય. એ તો આજકાલ સમાજનું મોંઘું માથું છે ભઈ!'

ભાવિને મને ટોણો માર્યો. મેં કહ્યું:

'ભાવિન! કહેવાય, ગમે ઈ કહેવાય. આજે આપણે આપણી ગદ્ધાપચ્ચીસમાં ફ્લૅશબેક થયા છીએ. ઓગણીસો પંચોતેર આસપાસનો સમયગાળો ચાલી રહ્યો છે. આપણે તીસરી મંજિલમાં શેરો-શાયરીની મહેફિલમાં આપણા અંદાજથી ગોઠવાયેલા છીએ, એટલે કશો વાંધો નહીં. ગમે ઈ કહેવાય.'

'દિલાવર! તું નાહકની યાદ અપાવે છે એ સુખના સમયની, દોસ્ત! વળી આપણો સરતાજ યોગેશ આ મહેફિલમાં ક્યાંથી મળવાનો?'

'ભાવિન! છેલ્લા કલાકોથી અમે યોગેશને અમારી સાથે જ આ રેલવેના ડબ્બામાં જ અનુભવ્યો છે. આજે તો સાચે જ આપણી સાથે છે, માટે તું એવું શાથી ફીલ કરે છે કે, યોગેશ હાજર નથી? તું પણ કલ્પના કર ને? જેમ અમે આટલાં વર્ષો પાછા જતા રહ્યા છીએ તેમ તું પણ વિચારને, કે આ તારી બાજુ જે ખાલી જગા છે ત્યાં જ યોગેશ બેઠો છે?' બટુકે વધુ ચોખવટ કરી. મને પણ એ ગમ્યું:

'ખરું બટુક! તું કહે છે તેમ જ છે, યોગેશ આપણી બાજુમાં જ છે.'

શશીએ અમારા બન્નેના સૂરમાં સૂર પૂરાવ્યો:

'અલ્યા ભાવિન! એ તો કહે કે, તને સંદેશો સમયસર મળી ગયો હતોને? મને એમ કે આટલા ધોધમાર વરસાદે તું નહિ આવી શકે પરંતુ તેં વાયદો પાળ્યો હોં?'

'જો શશી! એમાં એવું છે ને કે, જ્યારે આપણે મળવાનું નક્કી હોય ને તો બધા

મળવાના જ. આ જ અને આને જ મૅનેજમૅન્ટ કહેવાય. તમને આ વિષયનો અભ્યાસ અને વાંચન ન હોવાને કારણે અચરજ થાય, થઈ શકે, થવું જ જોઈએ. એ સામાન્ય ઘટના છે. અજ્ઞાનીઓને આવું જ થતું હોય મને નવાઈ નથી લાગતી. યોગેશ આજે આ રીતે સાથે હોત ને તો તેને પણ કોઈ જ નવાઈ ન લાગી હોત. કારણ અમારા લેવલની આ ઘટના છે. તમારા લેવલની નથી. આ બેસુમાર વરસાદ! ગાડીનું મોડા પડવું, રસ્તામાં ગાડીનું રોકાઈ જવું, આ બધું શું છે? થોડું વાચન રાખો તો બધું સરળતાથી સમજમાં આવે. આમાં અમને કોઈ ચમત્કારનાં દર્શન થતાં નથી! મળવાનું નક્કી હતું તે મળીએ જ ને? એમાં નવાઈ શેની?'

'અલ્યા મૅનેજમૅન્ટના ગુરુ? તારું પ્રવચન પેલી ખોટ ખાતી ફૅક્ટરીના કારીગરો અને સ્ટાફમાં જઈને કર, અહીંયાં નહીં.'

'અલ્યા ભાવિનિયા! તું જરાયે બદલાયો નથી! એવો ને એવો જ કોરો કટ છે! મને એમ કે, એકલો શશ્યો જ, પણ તુંયે ખરોં હોં? એવરગ્રીન હતા તેવાને તેવા' જ! પણ જાવા દે ને? તું આવ્યો એ મોટી ઘટના અમને લાગે છે. તને ભલે સામાન્ય લાગતી હોય અને એટલે તું તારી સ્ટાઇલમાં વર્ણન કર કે તું કઈ રીતે ટપકયો? જોજે પેલી મૅનેજમૅન્ટ ગુરુની ભાષામાં ન કહેતો! અમારે તો તીસરી મંજિલની બાજુની વલભાકાકાની હોટેલના છેવાડેના ટેબલ પર બેહીને ચાની ચૂસકી મારતા અને જમણા હાથની મોટી આંગળીમાં સ્કૂટરની ચાવીમાં ઘાલેલી કીચેનને ફેરવતાં ફેરવતાં વાતોનાં વડાં કરતાં ભાવિનના મોંએ જાણવું છે.'

અને આખરે 'હમરાઝ' ભાવિને મોં ખોળ્યું:

'દિલુભાબાપુ ત્યારે સાંભળો! થયું એવું કે, હું ને મારી વાઇફ ગયાં'તા બોરિયાવી, મામાને ઘેર. હવે તો મામા-મામી ક્યાં છે? પણ હજુ ત્યાંનું આકર્ષણ અકબંધ છે. મામાનો પેલો સુભાષ નહીં? જેને આપણે ભગાડીને પરણાવેલો? એના દીકરાનું લગ્ન કર્યું છે ભરૂચમાં. તો એ દીકરાની સાસરીમાં અમારે બધાંયે સાથે જવાનું હતું અને અમે બધાં ત્યાં પહોંચી ગયાં. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહેફિલો ચાલે છે. વાઈફ ત્યાં જ છે. બહેન-બનેવી પણ આવ્યાં છે. પણ મેં બાપુને વચન આપેલું કે હું ગમે તેમ કરીને તમને મળીશ જ અને તેથી હું ભરૂચથી ચડ્યો આ ગાડીમાં. તમે ક્યા ડબ્બામાં હશો તેની ખબર નહિ. કોઈ ડબ્બામાં પેસેન્જરના ઠેકાણાં નહીં તે ડબ્બા બદલતો બદલતો અહીં આવ્યો તે મારો શેર કોઈક બોલતું હતું તે મારે કાને પડ્યો.'

'ક્યો તારો શેર?'

'અરે... પેલો "કરદો મુજે ફિર કિસી તુફાં કે હવાલે..." એટલે હું ખૂણામાં ગોઠવાયો. દિલાવર જ્યારે બોલ્યો ત્યારે સૌ પ્રથમ દિલાવર ઓળખાયો પછી શશી અને પછી બાકીના.'

'અલ્યા ભરૂચ જતું રહ્યું? બોલો! ખબરેય નોં પડી. ભાવિન વરસાદનું કેમનું છે?'

'બાપુ, વરસાદ હવે તો કંટ્રોલમાં છે. મારા મતે હવે ગાડી રોકાશે નહીં. કદાચ બે-એક કલાકે અમદાવાદ પહોંચીશું ખરા.'

આ ભાવિન વિશે મારે શું કહેવું? હું વિચારું કે આ ભાવિનિયું ડિપ્રેશનનો કેસ કહેવાય ખરો કે? હું ભાવિનના ઘેર અમદાવાદ આવ્યો, લગભગ ત્યારથી જતો હતો. ભાવિનના સંબંધે નહીં, એની બહેન અમારી હારે ભણતી'તી. અમારા સંબંધો મૈત્રીપૂર્ણ

હતા. શરૂ શરૂમાં અમારા અહમો ટકરાયેલા પણ પછીથી મિત્રો બનેલા.

ભાવિનના ઘેર જવાનું સૌથી મોટું આકર્ષણ તેનાં મમ્મી હતાં. ખૂબ પ્રેમાળ, સરસ મજાની વાતો કરે. લાગણીશીલ. અને અન્નપૂર્ણા. મને ક્યારેય નાસ્તા વગરનો જવા નથી દીધો. મારે અને હિના એટલે કે આ ભાવિનિયાની બહેન હારે બહુ વાતો થાય. એમાં કંઈ પણ અજુગતું નહીં. બે સારા મિત્રો વાતો કરતા હોય એમ જ. પણ એની દરેક વાત મારે માનવી જ એવું નહીં. કોઈકમાં વળી હું હા ભણું, પણ એ હિનાડી! મારી કોઈ વાત સ્વીકારે જ નહીં! દરેક વાતે ક્રૉસ કરે. મમ્મી મારા પક્ષે હોય. અમારી એ ચર્ચામાં મુખ્ય વિષય હિનાના પક્ષે ભાવિન અને મારા પક્ષે મારું કાઠિયાવાડ. ભાવિનને મળ્યા પહેલાં હું એને બરાબરનો ઓળખી ગયેલો, હિનાને કારણે.

સીધાસાદા માણસો, કોઈનું ખરાબ ન કરે તેવાં, કોઈને પણ મદદરૂપ થાય તેવા. ભાવિનના પિતાશ્રી સરકારી કર્મચારી. નોનકરપ્ટેડ માણસ. આવક ઓછી એટલે જીવન કરકસરિયું. સીધાસાદા માણસો પણ તોયે તેમનાં સંતાનો સુખી નહિ જ તો! તેમની દોસ્તી કરોડપતિઓ સાથે, માટે જીવન બે ધારે ચાલે. નાણાંની છૂટ હોય નહિ માટે મિત્રોને આપવું શું? વાતોનાં વડાં, બીજું શું? શશી અને ભાવિનની વાતો કાગળ ઉપર ખૂબ સારી ચટપટી-ગળચટી પણ ત્યવહારમાં ન ચાલે તેવી. હિનાનું પણ એવું જ.

બસ, આ જ કારણે ભાવિનનું વાંચન ખૂબ વધેલું. વાંચનનો શોખ એકવાર લાગે પછી આદત પડી જાય. જો ભાવિનના ફાધરની આવક સારી હોત અને ભાવિનને નાણાંની છૂટ હોત તો કદાચ ભાવિનને સાહિત્યનો રોગ ન વળગ્યો હોત.

હું અમુક માણસોના કહેવાતા સાહિત્યના શોખને રોગ જ ગણું છું. તમારે જે કરવાનું છે કે જે તમારી જવાબદારી છે તે પૂરી કરીને તમે કોઈ શોખ કેળવો તેની ના નથી, પણ તમે તમારી કોઈ પણ જવાબદારી અદા ન કરી શકતા હો અને પછી એમ કહો કે, અમને તો ભઈ એક સારી ચોપડી મળે ને તો બસ, ભયો-ભયો. શું ધૂળ ભયો-ભયો? હા, તમે તે ક્ષેત્રમાં નામ કાઢો, તમે પણ સાહિત્યના શોખથી કંઈક એવું પ્રાપ્ત કરો કે સમાજ તેની ગંભીરતાથી નોંધ લે તો વાત કંઈક અલગ ગણાય. પરંતુ તમે કોઈ જાતનું ક્રિએટીવ કામ ન કરી શકો અને પછી તમારા આત્મસંતોષ કાજે અને તમારી બીજી નબળાઈઓમાં ઢાંકપિછોડા કરવા કાજે અધૂરા ઘડા છલકાય તેમ કહી દો કે અમને તો બસ, આ જ શોખ છે તે શું બરાબર છે?

પણ ભાવિનનાં ફાધર-મધરના પગ મેં ક્યારેય જમીનથી અધ્ધર જોયા નથી. એ ભલાં-ભોળાં સજ્જનોએ એમનું જીવન હિન્દુસ્તાનના મધ્યમવર્ગના દંપતી પેઠે જીવ્યું છે. વાસ્તવિકતાનો સ્વીકાર કરી પોતા કને હોય તે મુજબનું જીવન આ ભલા માણસો જીવ્યા છે તેનો હું સાક્ષી રહ્યો છું.

‘અલ્યા બાપુ! આવ્યો ફરી ઍટેક કે શું?’

‘બટુક! બાપુની ડાગળી છટકી જ લાગે છે. રઝાક, મને તો લાગે છે કે અમદાવાદ જઈને આપણે પહેલો ઇલાજ દિલાવરનો કરાવીએ!’

‘કેમ શું, તકલીફ છે દિલાવરને?’ ભાવિન શશીની જોક સમજી ન શક્યો. શશીએ ખુલાસો કર્યો.

‘ભાવિન! આ દિલાવર છે ને? એ ચાલુ વાતોએ ગુમસૂમ થઈ જાય છે. કોને ખબર ક્યાં ખોવાઈ જાય છે તેની ખબર જ પડતી નથી!’

'એવું ન હોય શશી! એ કંઈક વિચારતો હશે. આજકાલ સાંભળ્યું છે કે, દિલાવર ઘણાં સામાજિક કામો પણ કરે છે. ધંધામાં તો નામ કમાયો જ છે. વર્તમાનપત્રોમાં પણ દિલાવર વિશે કંઈ ને કંઈ સમાચાર છપાતા રહેતા હોય છે. એટલે આ બધું ગાંડપણમાં ન થાય સમજ્યા? એટલે જ કહું છું કે, થોડું વાંચન રાખો. દુનિયા બહુ નાની લાગશે અને મનમાં ઊઠતા પ્રશ્નોના આપમેળે જવાબ મળી જશે.'

'અલ્યા ભાવિનિયા! શેના જવાબો આપે છે?'

'કોને મળશે જવાબો?'

'તું આલીશ?'

'જાવા દે ને? તારા કોઈ જવાબો હાચા નહીં હોય.'

'અરે દિલાવર! હું તો તારી સારી વાત કરું છું અને તું મારું મોઢું તોડી નાખે છે?'

'દિલાવર! ભાવિનભાઈ તારા તો ગુણગાન ગાય છે અને તું... ગમે તેને એક ઘા ને બે કટકા!'

'અલ્યા ઘેલાઓ! ભાઈબંધોના ગુણગાન ગાવાના નોં હોય! ઈ તો જેવા હોય એવા જોવાના! એને તો મિત્રો કહેવાય! બહારનાનાં વખાણ થાય હાચાં કે ખોટાં પણ અંગતોનાં હાચાં વખાણ કરવાનીયે શી જરૂર? હું કાંઈ ગાંડો નથી થયો તે તમે વારે-વારે મને ગાંડાના ડૉક્ટરને બતાવવાની યોજના કરો છો? હું તો આપણા બધા વિશે વિચારું છું'

'શું વિચારો છો, બાપુ?'

'એ જ કે આપણે બધા આવા કેમ હશું?'

'આવા એટલે કેવા?'

'શશ્યા! આવા એટલે આવા! ખરાબ ન લગાડીશ અને એવું યે ન માનતો કે હું બે પાંદડે થયો છું માટે વાણીવિલાસ કરું છું. પણ ખરું કહું? આપણે ગદ્ધા-પચ્ચીસીમાં હતા ને ત્યારે જેવા હતા એમાં, કાંઈ આજે મોટો ફરક પડી ગયો હોય એવું લાગતું નથી.'

'બાપુ! એ તો પ્રાણ ને પ્રકૃતિ હારે જ જાય.'

'ક્યારે?'

'જ્યારે આપણે આ મૃત્યુલોકને છોડીને જઈએ ત્યારે.'

'શશ્યા, કોઈક વાર તું વિચાર કરતો કરી મૂકે એવી ડહાપણની વાતો કરે છે હોં?'

'એટલે એવું બાપુ, કે સારું ઈ બધું તમારું? રજવાડાં ગયાં તોયે દરબારું ન ગયું.'

'અલ્યા શશ્યા! આમાં કયાં રજવાડાંની વાતો આવી?'

'સારું સારું હવે અમદાવાદ નજીક આવે છે. બોલો શું કરીશું? ઘણાં વરસો પછી આમ ભેગા થયા છીએ તો બોલો, શું યોજના વિચારી છે બાપુ તમે?'

'બોલ... દિલાવર, ભાવિન, શું આયોજન કરીએ?'

'સૌ પ્રથમ મારે ત્યાં બધા જમવાનું રાખો. હું જ બધાને આમંત્રણ આપું છું.' મેં હોંશભેર કહ્યું એટલે ભાવિને ફરી ટોણો માર્યો.

'અલ્યા શશ્યા! મને ખાતરી હતી જ કે પે'લો ઘા તો રાણાનો જ થવાનો.'

'તે થાય જ ને? હમણાં જ ન કીધું કે પ્રાણ ને પ્રકૃતિ હારે જ જાય?'

'તો શશ્યા કાઢ કાગળ ને પેન્સિલ અને લખી નાખ બધાનાં સરનામાં અને પછી કરી

લે એની નકલો.' મેં આયોજન આગળ વધાર્યું.

'એ તો કરી લઈશું પણ પહેલી પ્રાયોરિટી મયૂરીના પૌત્રની. ઈની તબિયત હારી થાય પછી બીજા બધા કાર્યક્રમો.'

'દિલાવર! યોગેશે જે ગામ જીવતાં સમાધિ લીધી હતી ને, ત્યાનું સરનામું તો તારી કને હશે જ ને? બોલો ક્યારે જઈશું?'

'મયૂરી! અમે એમ જ નક્કી કરેલું છે. આપણે ત્યાં જ મળવાનું છે. પણ સૌ પહેલાં તું તારા ગગાના ગગલાને મળી લે પછી બીજી વાત, બરાબર?'

✵

આ રીતે ઘણાં વર્ષો પછી અમે એટલે કે હું, દિલાવર, શશી, ભાવિન, બટુક, રઝાક અને મયૂરી તીસરી મંજિલનાં જિગરજાનો, અમારી પ્રૌઢ ઉંમરે મુંબઈથી અમદાવાદ આવતી ગાડીમાં અમાસની અંધારી કાળી રાત્રે મૂશળધાર વરસતા વરસાદે મારી યોજના મુજબ પ્રભુકૃપાએ ભેગા થઈ ગયા. આખી રાત અને અર્ધો દાડો અમોએ અમારો ભૂતકાળ વાગોળ્યો. આ પણ કુદરતી માયા નથી તો બીજું શું છે?

આ તે કેવું મોટું અચરજ? સમય ઘણો પસાર થઈ ગયો છે, અમને સૌને આ રીતે મળ્યાને. આ લાંબા સમયમાં અમારા જીવનમાં ઘણું ઘણું બદલાયું છે. અમારા દરેકના અંગત કુટુંબમાં નાના-મોટા ઘણાં ઉમેરાયા છે કે અમુક અમુક અમને છોડીને પરલોક પણ ચાલ્યા ગયા છે. જીવનની આ જ રફતાર છે જે અમે સૌએ પણ બા-અદબ સ્વીકારી જ લીધી છે!

અચરજ એ વાતનું નથી કે અમારાં જીવનમાં પરિવર્તનો આવ્યાં છે. અમારા સંબંધોમાં ઘણા નવા ચહેરા ઉમેરાયા છે કે અમે જેવા હતા તેવા આજે નથી લાગતા. પણ નવાઈ ઈ વાતની છે કે, જે અમે બધા સાવ અચાનક વર્ષો પહેલાં મળેલા હતા ઈ સમયગાળો આજે અમને ખૂબ યાદ આવે છે. અમને વિહ્વળ કરી મેલે છે, અમને તેનું જ અચરજ થાય છે.

યોગેશ વિશે ઘણી વાતો થઈ. મયૂરી નામની છોકરી સાથે લગ્ન નહીં થવાથી ભાઈએ સંસાર છોડ્યો, તેને અમે પ્રેમની કોઈ પરાકાષ્ઠા નથી ગણતા. એ હકીકત છે ઈ ઘટનાને તો અમે યોગેશની હાર તરીકે જ સ્વીકારેલી છે તેમ મારું અંગત માનવું છે. જો કે શશી તેમ માનતો નથી, ભાવિને આ બાબતે મૌન રાખેલું છે. રઝાક ઈસ્લામમાં શ્રદ્ધા ધરાવે છે માટે અહીં કોઈ કોમેન્ટ કરતો નથી. મયૂરી તો યોગેશના મૃત્યુમાં પોતાને દોષિત ગણે છે. આવી અલગ-અલગ માન્યતાઓ ધરાવતા હોવા છતાં પણ અમે એકબીજા હારે ઝઘડતા નથી.

યોગેશ બાબતે મેં સ્પષ્ટ અભિપ્રાયો આપ્યા છે ઈ હમૂગળા હાચા હોય જ તેવો મારો દાવો ક્યારેય રહ્યો નથી. એનાં કારણોમાં હું એટલું જ કહી શકું કે, હું મારી રીતે જીવવા ટેવાયેલો હતો અને છું તેમ દરેક પોતાની રીતે જીવતા હોય. મારી મોટાભાગની હરકતો મારા મિત્રોને સ્વાર્થી, ડરપોક, હેતુસભર અને અભિમાનથી ભરેલી લાગેલી છે. હું લાગણીશીલ છું તે મારે જ કહેવું પડ્યું છે. મારે વારે-વારે મારી લાગણીશીલતાના ખુલાસા કરવા પડ્યા હોઈ કોઈક વખતે હાળી મનેય મારામાં શંકા આવે છે, કે કદાચ આ લોકો કહે છે તેમ હું ઈમોશનલ નહીં હોઉં?

યોગેશને હું મળ્યો તે દિ'થી શરૂ કરીને યોગેશ મૃત્યુ પામ્યો તંઈ હુધીનાં યોગેશનાં વર્તનો વિશે આજે વિચારું છું તો તેના વિશે એવું ખાસ કંઈ લખવા જેવું લાગતું નથી અને તેમ છતાં પણ મારા માનસપટ પરથી યોગેશ ક્યારેય ભુલાતોયે નથી. આ શું છે?

તેનામાં ભલે મને અસંખ્ય ક્ષતિઓ દેખાતી હોય તેમ છતાં યોગેશમાં એવું તો કાંક જરૂર હતું જ કે જેનો લગાવ, જેનું ખેંચાણ મને રહ્યા કરતું અને તેને મળ્યા વગર મનેય ક્યાં ચાલતું'તું? મને બરાબર યાદ છે કે, જેવો હું નોકરીએથી છૂટું કે મારી સાઇકલ સીધી તીસરી મંજિલ બાજુ જ હંકારી જવાય. યોગેશના આતિથ્ય સત્કારમાં ક્યારેય ઊણપ નોં દેખાય. ગજવામાં કશુંય હોય નહીં તો યે કંઈક તો મંગાવે જ. મારા માટે તે ઘણીવાર કહેતો – 'દિલાવર! ખરેખર હોં, તારું જીવન મને ગમે છે! તને રોજ મા કેવી યાદ આવે છે! તારા બાપુજી, ભાઈ-બહેન બધાંને તું કેવા યાદ કરે છે. એ લોક પણ તને આ જ રીતે મિસ કરતાં હશે ને? આવું કુટુંબ તો કોઈક નસીબદારને જ મળે. જોને અમારું તો બચપણ હિટલર શાસનમાં ગયું છે. બસ, ત્યાંથી માસિક ખર્ચના મળી જાય છે. એ ક્યાં ખલાસ થઈ જાય છે. તેની ગતાગમ રહેતી નથી. હાથ ભીડમાં ને ભીડમાં જ રહેતો હોય છે.'

ત્યારે હું યોગેશને કહેતો – અલ્યા યોગેશ! તને જે પૈસા તારા બાપુ ઘેરથી મોકલે છે, તેનો તારે જે રીતે ઉપયોગ કરવો જોઈએ તે રીતે તું કરે છે ખરો? તું એક કા નવ કરવાનો પ્રયત્ન કેમ કરે છે? આ વરલી મટકામાં કોઈ ગણિતના નિયમો હોઈ શકે ખરા? રતન ખત્રી નામનો આદમી રોજ સાંજે તેના મનમાં આવે તે આંકડા બોલે અને જેને લાગે તેને એકના નવ ગણી આપે. આમાં કયું લોજિક અને કયું જ્યોતિષશાસ્ત્ર? ત્યારે એ કહેતો:

'દિલાવર! તને કેમ સમજાવું? જૈન સાધુઓ પણ આંકડાના જ્યોતિષમાં માનતા હતા. મેં કેટલો અભ્યાસ કર્યો છે તેની તને શું ખબર? જો, વરલી મટકાના આંકડા ન રમતો હોત ને તો મારું તો આવી જ બન્યું હોત. મારું આટલી રકમમાં કેમ પૂરું થાત?'

'પણ યોગેશ તને જે દિ' આંકડો લાગે છે તે દિ' તારે તીસરી મંજિલે મહેફિલ જામે છે. ચાલ એકવાર માની લઈએ કે તારું આંકડાનું ગણિત હાચું અને તારા લોજિકથી કાયમ જીત જ થાય તો યે ભલા એ રકમમાંથી બચાવીને સૌ પ્રથમ જેટલી રકમ રોકી હોય એટલી રકમ જુદી મૂકીને બાકીમાંથી ખર્ચા કરતો હો તો?.'

'અલ્યા દિલાવર! તું દરબાર થઈને વાણિયાની ભાષા કેમ બોલે છે? આપણને તો આપણામાં વિશ્વાસ હોવો જ જોઈએ કે કાલે પણ આપણો નક્કી કરેલો આંકડો જ આવશે. ચિત્ત તું શીદને ચિંતા ધરે કાલની ફિકર શાથી કરે?'

'યોગેશ, જ્યાં હુધી હું જાણું છું ત્યાં હુધી આ રતન ખત્રીની મોડસ ઑપરેન્ડી એવી છે કે, તેના મેઇન એજન્ટ પાંહે રમેલા આંકડાની વિગત નાના-નાના બુકીઓ કનેથી પહોંચી જાય એનું એક સ્ટેટમૅન્ટ બને અને તેમાં જે આંકડો મોટા ભાગનાએ લગાવ્યો હોય. ધારો કે આખા દેશમાંથી પાંચ કરોડ રૂપિયા પંજા એટલે કે ૫ ઉપર લગાવ્યા હોય, તો પાંચ સિવાયનો આંકડો ખૂલે. ધારો કે દુગ્ગી ખૂલે એટલે એમ કે, જેણે દુગ્ગી લગાવી હોય અને ઓપનમાં દુગ્ગી ખૂલે એ જુગારીને એકના નવનું વલણ ચૂક્વાય અને પંજા લગાવેલાના નાણાં ગજવામાં ઘાલવાના. દુગ્ગીના ઘણાં ઓછા ચૂકવવાના આવે, અને પંજાના એક ગણા હરામના ગજવામાં સરકે.'

'દિલાવર! આવી વાતો તો એના દુશ્મનોએ વહેતી મૂકેલી છે. ખરી હકીકત જુદી છે. રતન ખત્રીએ એક મટકું રાખ્યું છે અને તે મટકામાંથી સાંજે ૭ વાગે અને રાત્રે ૧૦ વાગે

ત્રણ-ત્રણ પાનાં કાઢે છે અને એ પહેલા ત્રણ પાનાંનો સરવાળો એટલે ઓપનનો આંકડો અને પછીના ત્રણનો સરવાળો એટલે ક્લોઝનો આંકડો. રતન ખત્રીને તો બીજા ઘણા ધંધા છે. આની કોઈ આવક તેને છે જ નહીં અને અમે જે બુકીને ત્યાં નાણાં રોક્યા હોય ને, તે જ બુકીએ વલણ ચૂકવી આપવાનું અને દિલાવર! આ ધંધાની ઇમાનદારી તેં જોઈ છે? કાગળની એક ચબરખી ઉપર લખીને આપે અને જો તમારો આંકડો લાગેલો હોય તો ઘરબાર વેચીને તમારું વલણ ચૂક્વવાની બુકીની જવાબદારી. રતન ખત્રીની એટલી બીક! આવો નીતિવાળો ધંધો તો તારો રતન તાતાયે નહીં કરતો હોય.'

તે સમયે મારી પાસે યોગેશની આ દલીલના કોઈ જવાબો ન હતા. પણ એટલું યાદ આવે છે કે, ઘેરથી ફીની રકમ આવી હોય અને ઈ સઘળી વરલીના મટકામાં ઓગળી ગઈ હોય ત્યારે મારા પગારમાંથી મેં ફીની રકમ ચૂકવી છે જ્યારે વરલીના મટકાએ યોગેશને ઈ રકમ પરત કરી છે ત્યારે મને અચુક પાછી પણ મળી ગઈ છે.

યોગેશ જે વિષયનો અભ્યાસ કરતો ઈ ખૂબ ઊંડાણથી કરતો. મને બરાબર યાદ છે, યોગેશે મારા લગ્નની તારીખ મને લખી આપી હતી. મને કેટલાં સંતાનો થશે, મારી પત્ની કેવી હશે? ઈ હંધુય મને સચોટ લખી આપેલું હતું. મને યાદ છે મારી દીકરીના જન્મ સમયે હૉસ્પિટલની બહાર પગથિયે બેઠાં-બેઠાં યોગેશે કહેલું કે, બાપુ, દીકરી જન્મશે અને આટલા વાગે જ જન્મશે. આ દીકરીના જન્મ પછી તમારી ઉત્તરોત્તર પ્રગતિ થશે જ! ખૂબ જ નિખાલસતાથી કબૂલવું પડશે કે યોગેશે કહેલું તમામ સાચું પડેલું છે!

મારું મન જ્યોતીષશાસ્ત્રને સ્વીકારી શકતું નથી. પણ યોગશે મારા માટે જે ભવિષ્યવાણી કરી હતી તે અક્ષરશ: હાચી પડેલી છે તેનો સ્વીકાર કર્યાં વગર રહી શકતો નથી.

આવી તો યોગેશની કંઈ કેટલીયે યાદો મારા મનમાં સંઘરાયેલી છે. આજે આટલાં વર્ષો પછી વળી પાછા તીસરી મંજિલના મિત્રોની મુલાકાતે યોગેશની યાદ તાજી થઈ.



અમે બધા તે વરસાદી માહોલે મુંબઈથી અમદાવાદ આવતી ગાડીમાં મારા આયોજન મુજબ ભેગા થયા ને બીજે જ દિવસે શશ્યાનો ફોન આવ્યો અને કીધું કે, બાપુ સમય હોય તો મળવા આવું? મોટેભાગે એ શનિવાર હતો. હું યે મોકળાશે બેઠો'તો. મેં હા કીધી ને અર્ધા એક કલાકમાં શશ્યો આવી પૂગ્યો.

'દિલાવર! મયૂરી સાથે વાત થઈ છે, કાલે રવિવાર છે. આપણે યોગેશગિરિ મહારાજની સમાધિએ સવારે નવ વાગે જવાનું નક્કી કરેલું છે.'

'શશી! કોણ કોણ આવવાનું છે?'

'જો મયૂરી આવશે ખરી?'

'અરે! બધા જ વળી? નક્કી તો તેં જ કર્યું'તુ ને તું જ પૂછે છે?'

'એના ગ્રાન્ડ સનને કેમનું છે?'

'અલ્યા દિલાવર! ભુલી ગયો? ગઈ રાત્રે જ મેં તને ન'તું જણાવ્યું? બાપુ... તમે તો સાવ ભૂલકણા ભઈ?'

'હા યાર! ભૂલી જવાણું. એ તો શશ્યા એવું છે ને કે, ગગાનો ગગો એ મૂડી કરતાં

વ્યાજ જેવો લાગે હમજ્યો? જો ફરીથી ઊંઘે માટે ગાડી દોડાવીશ માં. આ કાંઈ ગુજરાત મેઇલ નથી હોં? આજે કામની વાત કરવાની છે. તે બોલવા માંડ ઘોંચિયા કુણ-કુણ આવશે? અને કઈ રીતે જઈશું?'

'અલ્યા કઈ રીતે એટલે? ત્રણ-ત્રણ ગાડી છે. બે-બે ડ્રાઇવર છે તો યે બાપુ કાલા શેના થાવ છો? શું એટલી યે જોગવાઈ તમારાથી નથી થવાની?'

'અલ્યા એની ક્યાં ના છે? હું ઈ જ કે'તો'તો કે બધા મારે ત્યાં ભેળા થઈએ અને કેટલા આવશે ઈની જાણ થાય તંઈ કેટલી ગાડી લેવી તેની ખબર પડે ને?'

'દિલાવર જો! મયૂરી, રઝાક, ભાવિન, બટુક, સનમ, વિરેન, તું અને હું આમ આઠ જણાનું તો નક્કી ખરું જ. કદાચ સનમનો ભાઈ પણ જોડાય. કંઈ કહેવાય નહીં. એના કાંઈ હમણાંથી ઠેકાણાં નથી. આવેય ખરો ને ન પણ આવે,'

'શશ્યા, થઈ પડશે. કશો વાંધો નહીં યાર! એક ઈનોવા લઈશું ને બીજી નાની ગાડી હંધાનો સમાવેશ થઈ જશે. મને વિચાર આવે છે શશ્યા! કે યોગેશનંદગિરિ બાપુની સમાધિ પર આપણાં બૈરાં-છોકરાંવને લેતાં જવાં છે કે પછી કયારેક રાખીશું?'

'ના, દિલાવર! આ વખતે તો મેં ગામના સરપંચને અને યોગેશની સાથે કાયમ રહેતા બે-ત્રણ જણાને હાજર રહેવાનું ખાસ કીધું છે. આ વખતની આપણી મુલાકાતમાં એ લોકોને રસ નહીં પડે.'

'ઠીક છે શશ્યા! ઈમ જ કરીએ આ વખતે જાવા દે. આપણે તીસરી મંજિલના મિત્રો જ જઈએ. તો હેંડ, બધા હારે કર કન્ફર્મ. લે આ ફોન અને ઘૂમડવા માંડ. વળી મારું સરનામું યે રિપીટ કરજે પાછો!'

'એય મારે જ કરવાનું? દિલાવર તારાથી ફોન પણ ન થાય?'

'અલ્યા ગાંડિયા! મારે જે કરવાનું છે ઈ તારાથી નથ થવાનું અને તારાથી થવાનું છે એટલી ધીરજ મારામાં ક્યાં છે? હમજી જાને બાપ! એમાં તું નાનો નથી થઈ જવાનો ગાંડા?'

'નાના-મોટાની વાત નથી. આ ટેવ તો બાપુ તમારી આજકાલની ક્યાં છે? કંઈ યાદ આવે છે? મોડી રાતે મારે ત્યાં રોકાવાનું થતું ત્યારે બાપુ, તમારે વાસ્તે મારી મા પાસેથી ખાવાની થાળી તૈયાર કરીને આ શશ્યાના હાથમાં ધાબે આપતી'તી? તમે કેવા ઝાપટતા'તા અને પછી ધાબે હોય મારા એકલાનું બિસ્તર! એટલે મારે ઓશીકા વગર સૂવાનું. કારણ ખબર છે ને? તમને બાપુ માથા નીચે બે-બે જોઈતા'તા! કંઈ યાદ છે ખરું?'

'હંભળાવ શશ્યા હંભળાવ! તારે તો મોકો જોઈને કંઈક ને કંઈક ભૂતકાળનું યાદ કરાવી દેવાનું જ. કશો વાંધો નહીં. આ દિલાવર તારી વાણીથી ટેવાઈ ગયો છે.'

'ઠીક છે જવા દે યાર! મને બધા હારે વાત કરી લેવા દે ત્યાં સુધી તું તારું કામ કર.'

'મારે ક્યાં કોઈ કામ છે? તું કરને તારી જાતે વાત? હું તો એકાદ ઝોકું ખાઉં છું.'

શશ્યો બધા હારે ફોનથી વાતે વળગ્યો. ઈની આદત મુજબ જરૂર કરતાં વધારે મોણ ઉમેરણું થાય તેમ ટૂંકમાં પતાવવાને બદલે દરેક હારે લંબાણપૂર્વક વાતો શરૂ કરી. આ બાજુ મારું મન ચકરાવે ચડ્યું...

❋

મને સપનાંમાં. હંસલી દેખાણી. એવો વિચાર આવ્યો કે યોગેશ સાધુ થયો તો ખરો, પણ આ સમુદાયના સંપર્કમાં યોગેશિયાને કોણ લઈ ગયું હશે? આ રવાડે ચડાવનાર કોણ હશે? મને એટલી ખબર કે મયૂરીના બાપે છોડીને કીધેલું કે – તારો શોધેલો છોકરો નોકરીએ વળગે તો હું ઈના બાપ જોડે તારી વાત મૂકું. છીએ તો બંને નાતના જ, અને છોકરાનો બાપ છે ઈજ્જતદાર પણ તારો ખોળેલો નમૂનો પથરો છે. એણે પહેલાં સાબિત કરવું પડશે કે એ પણ એના બાપ જેવો પાણીદાર છે.

યોગેશથી નોકરી શોધાણી નહીં અને મયૂરીનું બીજે ગોઠવાઈ ગયું. યોગેશિયો લટકી પડ્યો. મયૂરીનું ગોઠવાઈ ગયું ત્યાર પછી મળેલી નોકરીને રાજકુમારની અદાથી ઠુકરાવી દીધી. થઈ ગયા ભાઈસાહેબ નવરા.

તુંડમિજાજી, અહમ્‌વાળા અને બધી કોરેથી ખેંચાયેલા હાર સહન કરી શકે નહિ તે મને ખબર છે. યોગેશનું પણ એવું જ થયું. શાયર ખરો પણ બેબસ! એમ કાંઈ નામી શાયર થોડું થવાય? એમાંયે પૂરેપૂરા લૂંટાવું પડે.

જ્યોતિષકળામાં પણ ગ્રાહકો જોઈએ ને? વળી આ વિષયમાં જાણકાર હોવું એટલી જ લાયકાતો ન ચાલે. તમારી ચાલ-ચલણ, રહેણી-કરણી વગેરે વગેરે જોઈને લોકો તમારી કને ભવિષ્ય જાણવા આવે. ભાઈ સાહેબને આમાંનું કાંઈ મળે નહીં એટલે જેમાં કંઈક પહોંચ હતી ઈ કળાનેય માંડ્યો કાટ લાગવા.

આંકડા કાઢવા માટે અલાયદું સ્ટેટ, જોઈએ. કોઈ સંત પુરુષ જેવો માહોલ બનવો જોઈએ. મને યાદ છે તે સમયે ‘ગાઇડ’ પિક્ચર આવેલું, જેમાં દેવાનંદ ભૂલથી બોલે છે – ખાના-પીના છોડ દુંગા, અને એક અબુધ ગામડિયો શબ્દોને પકડી લે છે અને હીરો બને છે સાધુ! ખોટેખોટો સાધુ પણ કેવો ચાલેલો? મને લાગે છે કે, આ યોગેશિયાએ દેવાનંદની ગાઇડની નકલ કરવા માટે સાધુ થવાનું વિચાર્યું હશે કદાચ...



‘બાપુ! જાગો ભોર ભયો, બધા હારે વાતો થઈ ગઈ. હવે હું જાઉં? ઘરવાળી રાહ જોતી હશે. વળી પાછા કાલે તો મળીએ છીએ જ ને?’

‘અલ્યા શશ્યા! હું વિચારું છું કે આ યોગેશને સાધુ કોણે બનાવ્યો હશે? સાધુ કેમ થયો એના તો જવાબો હમણાં ઊંઘતા ઊંઘતા મળી ગયા, પણ યોગેશને સાધુ બનવા લઈ કોણ ગયું હશે?’

‘જુઓ દિલાવરસિંહ જાડેજા! તમે દલા તરવાડીના રીંગણાની વાડીમાંથી રીંગણા જે રીતે પૂછીને લઈ લો છોને? એમાં અમારે કોઈ વાંધો નથી પણ સાધુ કેમ થયો? તેની તો મને એકલાને જ ખબર છે, કારણ કે તે સમયે યોગેશ વધુ ને વધુ મારા સંપર્કમાં જ હતો. મારા ખ્યાલે તમારું લગ્ન થઈ ગયું’તું ને તમારે એક બાબોયે વળી હતો જ. એટલે તમારું મળવાનું ઓછું થયેલું.’

‘એટલે તો શશ્યા મારાથી મને જવાબ ન મળ્યો કે યોગેશ સાધુ થયો કોના થકી?’

‘એમાંય જવાબદાર તો તમે જ છો બાપુ!’

‘અલ્યા શશ્યા! તને કંઈ ભાનબાન છે ખરું? જે વાત હું જાણુંયે નહીં તોયે હું જવાબદાર?’

‘હા, દિલાવર! તું જ જવાબદાર.’

'એ કઈ રીતે?

'જો સાંભળ. તારી સાથે નોકરીમાં પેલો શાહપુરનો રંગીલા પોળવાળો મંગો હતો કે નહીં?'

'હા... મંગો મારી હારે નોકરીમાં હતો ઈ ખરું હોં! અને વળી હતોયે મનમોજી! તને ખબર છે શશ્યા! આપણે – હું, તું ને મંગો લગન પછી ઉદેપુર હારે ફરવા ગયેલા?'

'હા, દિલાવર! એટલે હું મંગાની નજીક આવેલો. યોગેશ કાયમ મારી હારે હોય. મયૂરીનું થયું એટલે એ બેબાકળો બનેલો. હું મંગાને મળવા શાહપુર જાઉં ત્યારે યોગેશ મારી હારે હોય. શાહપુરમાં ઘણા ચરસી. મંગાનેય ચરસનું વ્યસન અને યોગેશનેય ખરું. મને ચરસ-ગાંજો ન ફાવે એટલે હું સિગારેટો ફૂંકું ને એ બંને ચરસીઓ મજા લૂંટે.'

'ખરું હો શશ્યા? એટલે જ મેં લગ્ન પછી મંગા હારે બેસવા-ઊઠવાનું ઓછું કરેલું, અમારે દરબારોને આવું નોં હાલે.'

'સાંભળ તો ખરો! તારી વાત વચ્ચે લાવ્યા વગર ચાલે જ નહીં? જેમાં ને તેમાં હું આમ ને અમારે આમ આ ચાલે, ને આ ન ચાલે તને કોઈએ પૂછ્યું દિલાવર? મને યાદ આવ્યું છે તો કહેવા દે ને?'

'સૉરી... સૉરી... શશ્યા! મારું હાળું મારાથી હુંપણું જાતું નથ.'

'ઠીક છે સાંભળ –

આ મંગાનો સંગાથ યોગેશને ઘણો જ વધી ગયો ને હું સાઇડમાં ધકેલાયો. મંગાને નાણાંની છૂટ. ઑફિસમાં એના બાપા મુનીમ અને મંગાને વેપારીના પેમેન્ટના ચૅકો લખવાનું કામ સોંપેલું. જે વેપારી ટેબલ નીચેથી જેટલા વજનની નોટ સરકાવે તેવા પેમેન્ટના ચૅકો રિલીઝ થાય. હાથેથી તબલાં વગાડતો જાય. મોંમાં તમાકુવાળો મસાલો હોય, કંઈક ગણગણતો હોય ને ખરચી ભેગી કરતો હોય.

આ નાણાંની છૂટે યોગેશને મંગા હારે ફાવી ગયું. એમાં એક દિવસ પાટણના અખાડેથી એક સાધુ આવ્યા. મંગાએ યોગેશ સાથે ઓળખ કરાવી. યોગેશ અને સાધુને એકબીજામાં રસ પડ્યો. એય મારો બેટો પાકો ચરસી. એટલે યોગેશ અને પેલા સાધુડા સાથે જામ્યું.

દિલાવર! એ સાધુ લાગ જોઈને યોગેશને પાટણના અખાડે લઈ ગયો. ત્યાંના મહંત હારે ઓળખાણ કરાવી. મહંતે પ્રવેશ આપ્યો પણ દીક્ષા આપતાં પહેલાં રાહ જોવાનું કહ્યું. છ મહિના રસોડાની સેવા આપી. યોગેશને તો ભાવતું'તું ને વૈદ્યે કીધું એવો માહોલ થયો.

તીસરી મંજિલના અનુભવે યોગેશ છ માસમાં તો મહંતનો ખાસમખાસ થઈ ગયો. પાટણના અખાડાના મોટાભાગના વિભાગો પર અંકુશ મેળવી લીધો. અખાડાનાં જે વર્ષો જૂના સાધુઓ મહંતની નજીક હતા તે સઘળાથી યોગેશ વધુ નજીક પહોંચી ગયો.

ચાર મહિના પૂરા થતાં યોગેશને દીક્ષા મળી ગઈ ને નામકરણ થયું: યોગેશનંદગિરિ મહારાજ! ભાઈને જૂનાગઢ અઘોરી પંથમાં છ માસની ટ્રેનિંગમાં મોકલવાનું નક્કી થયું.

યોગેશગિરિને જે શીખવાનું બાકી હતું તે તમામ અઘોરીઓ સાથે રહીને જૂનાગઢમાં શીખી લીધું. પાછા પાટણ આવીને સાધુ તરીકે મહંતનો જમણો હાથ બનીને અખાડાના વર્ષો જૂના સાધુઓ સાથે વેર કરી બેઠા.

'અલ્યા શશ્યા! તને આ બધી ક્યાંથી ખબર?'

'દિલાવર! એટલે જ કહું છું કે હું ત્યારે પણ યોગેશના સતત સંપર્કમાં હતો. હું ને મંગો વારે-વારે પાટણ જઈ આવતા અને યોગેશ પણ ઘણીવાર અહીં આવતો. તને પણ ક્યારેક ક્યારેક મળતો.'

'મને યાદ છે દિલાવર! અખાડાના મહંતે નક્કી જ કરી નાખેલું કે તે અખાડાનો કાયમી અને મહંતના પછીના વારસદાર યોગેશનંદગિરિ મહારાજ! પરંતુ આ પંથમાં એક એવો કડક નિયમ હોય છે કે, આવી ઉચ્ચ પદવી મળતાં પહેલાં કે કોઈ સાધુને ભવિષ્યના મહંત તરીકે નક્કી કરતાં પહેલાં વર્તમાન મહંત તેને બાર વર્ષ સુધી કોઈ ચોક્કસ સરનામા વગર દેશમાં રખડવાનો અને સમાજમાં માગીને ખાવાનો આદેશ આપે છે. એ આજ્ઞાના અનુસંધાને યોગેશનંદગિરિ પણ અખાડેથી ફરતા ફરતા આ ગામડે આવેલા અને તાકડે આ ગામડે જે સાધુ હતા, તે પણ વિહાર કરી ગયેલા. એટલે આપણા યોગેશનંદગિરિ અહીં સ્થાઈ થઈ ગયેલા.'

'દિલાવર! આ સમય દરમ્યાન તારી ગાડી પ્રગતિના ત્રીજા-ચોથા ગિયરમાં આવી ચૂકી હતી એટલે અમે તને ખાસ મળતા નહીં. તેં નોકરી છોડીને તારો પોતાનો વ્યવસાય શરૂ કરેલો. તને સમય ઓછો મળે અને તને યોગેશના સાધુ જીવનમાં રસ પણ ક્યાં હતો?'

'શશી! મને યોગેશનાં ધતિંગ જ લાગેલાં. એક તો હું સાધુઓને નફરત કરું, જો ભૂલેચૂકે મારી ઑફિસે કોઈ બાવો આવી ચડે તો લાકડી લઈને હું મારવા દોડતો હોઉં, ને મારો ભાઈબંધ અલખ નિરંજન કહેતોકને મને મળવા આવે? ઈ મારાથી શેં જોવાય?'

'તે અમને તારી ખોપડીની ખબર એટલે અમે મોટાભાગની વાતું તારાથી છુપાવેલી. યોગેશ તને ખૂબ માન આપતો. તને દુઃખ લાગે તેવું તે ક્યારેય વિચારે જ નહીં. સાધુ થયા પછી દિલાવર! જ્યારે હું તારા ગુસ્સાના સમાચાર યોગેશને કહું ને તો કહે – બચ્ચા હૈ, નાદાન હૈ, ઉસે મા કી શક્તિ માલૂમ નહીં હૈ ઉસે જાને દો.'

'હા... હોં... શશ્યા! જ્યારે મને મળતો ત્યારે આમ હિન્દીમાં જ બોલતો ને કહેતો યે ખરો કે, માઈ કૈસી હૈ! હું તો "યોગેશ્યા આ નાટકો બંધ કર, ને લાગી જા કામે!" એવુંય કહેતો.'

'મને ખબર છે દિલાવર! યોગેશ તારી સઘળી વાતો મને વિગતથી કહેતો જ. ચલ દિલાવર હવે બાકીની વાત કાલે સવારે તેના સમાધિ સ્થળે જઈએ ત્યારે કરીશું.'

એમ કહીને શશી મારી ઑફિસમાંથી ક્યારે સરકી ગયો તેનું મને કંઈ ભાન ન રહ્યું. હું મારી ઑફિસની ખુરશીમાં ફરીથી વિચારે જોતરાયો....

❋

મને થયું કે, શું દુનિયામાં દરેક દેશમાં આવા સાધુઓ રહેતા હશે? જીવનમાં તમારાથી કંઈ થાય નહીં અને તમારે કાંઈ કામધંધો કરવો ન હોય માટે પેટ ભરવા ભીખ માગવા લોકો આવા ને આવા ધતિંગો શાથી કરતાં હશે? આપણે સંસારીઓ પણ એવા તે કેવા ડિપ્રેસ થતાં હોઈશું કે કાળી મજૂરી કરીને કમાયેલ નાણાં, આપણાં બાળબચ્ચાં પાછળ ખર્ચવાને બદલે આવાં લોકોની વાતોમાં આવી તેમનાં ચરણોમાં ઢગલા કરી દેતાં હોઈશું?

સમાજમાં એવા ઘણા લોકો હોય છે જે સુખની શોધમાં આવા સાધુઓની હાટડીએ જઈને પાઈનો માલ લાખોમાં લઈ આવે છે. માલ નકલી હોય છે. તેનાં વાણી-

વર્તનમાં કોઈ ઠેકાણાં હોતાં નથી. વાતો મોટી મોટી કરતાં હોય છે અને ભોળી પ્રજાને ખંખેરતા હોય છે. પણ કમનસીબી એ છે કે પ્રજાને જ આની ખબર પડતી નથી.

મેં આજ હુધી કોઈ સુખી સંસારીને અઘોરી થાતો જોયો નથ્ય. મને કેમ જાણે પણ એવું જ લાગ્યા કર્યું છે કે જે બધી વાતે દુ:ખી હોય, જેનું ધાર્યું કાંઈ થાતું ન હોય અને જેની જીભ ઉપર સરસ્વતીએ સવારી કરી હોય એવા સમાજના દુ:ખી જીવો સાધુ થઈને ગરીબ, ભોળી, લાચાર, અજ્ઞાન, બિચારી, બાપડી પ્રજાને ચૂસી ચૂસીને અમન-ચમન ભોગવતા થઈ જતા હોય છે.

મેં આવા લેભાગુઓને નજીકથી જોયા છે. 'બચ્ચા એસા કરના, વેસા કરના, વરના તેરા ધનોત-પનોત નિકલ જાયેગા. તુને એક સાધુ કા અપમાન કિયા હૈ, તેરા બૂરા હોલ હોગા. મેં તુજે શાપ દેતા હું...' આવું આવું તો મેં કેટલીયેવાર સાંભળ્યું છે. પણ જેવો હું લાકડી લઈને દોટ મૂકું એવો મારો બેટો ભાગે.

પણ આમ આ રીતે સંસાર છોડી ભગવા પહેરેલા, માથે ભભૂતી નાખેલા સાધુની પાછળ લાકડી લઈને દોડવાવાળા કેટલા?

'સાહેબ! ઑફિસ બંધ કરવાનો વખત થયો. ઘેર નથી જવું?'

'હા... ચાલો!'

૮

આગલે દા'ડે શશી સાથે નક્કી થયા મુજબ રવિવારે મારે ઘેર સૌથી પહેલી મયૂરી આવી ગયેલી. થોડીવારમાં રોહિત, સનમ, ભાવિન, રોહિતનો ભાઈ પ્રવીણ, શીઘ્ર કવિ વિરેન આવી ગયા. અમારે હરહંમેશની જેમ રઝાકમિયાંની થોડી રાહ જોવી પડી, જોકે આ વખતે કોણ જાણે કેમ શશીને આવતા થોડું વધુ મોડું થયું.

મારે ઘેરથી બધા માત્ર ચા પીને ઈનોવા ને બીજી નાની ગાડીમાં ગોઠવાઈને યોગેશનંદગિરિની સમાધિએ જવા નીકળી પડ્યા.

મેં ઈનોવા જાતે ચલાવેલી. મારી હારે ભાવિન, શશી, મયૂરી અને વિરેન ગોઠવાયા. બીજી ગાડીમાં મારા ડ્રાઇવર સાથે સનમ, પ્રવીણ, બટુક અને રઝાક.

હું વિરેનને મુંબઈથી અમદાવાદની જર્નીની વાત વિગતથી જણાવતો હતો તંઈ હંમેશની માફક શશીએ લંગસિયું નાખ્યું –

'અલ્યા વિરેન! તારી કને તો યોગેશની લખેલી કવિતા-ગઝલ કંઈક તો હશે ને?'

'ના, યાર! કશું જ નથી દોસ્ત! આપણને એવી ક્યાં ખબર હતી કે યોગેશથી આમ સાવ અચાનક વિખૂટા પડવાનું આવશે?'

'વિરેન! તને એમાંની થોડીઘણી પણ યાદ તો વળી હશે જ ને?'

'અલ્યા શશી! પણ આજે આપણે શેરો-શાયરીની મહેફિલ કરવા થોડા જઈએ છીએ?'

'ખરી વાત છે દિલાવર! શશીભાઈને ક્યારે કઈ વાત કરવી તેની ખબર જ પડતી નથી.' મયૂરી મારી સાથે સહમત થઈ.

'મયૂરી! એ આવો ને આવો જ રહ્યો છે. એ ત્યારે સુધરશે કે જ્યારે સમગ્ર વિશ્વ સુધરી ગયું હશે, અને આ શશ્યો છેલ્લો જ બાકી હશે.'

'સૉરી... સૉરી.... આજે બાપુ હારે માથાઝીક કરવી જ નથી. પંજાબમાં સરદાર ને ગુજરાતમાં બાપુ! અમુક-તમુક સમયે સરદારને વતાવાય નહીં ને અમુક કામે બાપુ લાગેલા હોય તો એનેય નહીં...'

'કેમ... કેમ.... શશી?'

'અરે મયૂરી! બાપુ ગાડી ચલાવે છે. હાથમાં સ્ટિયરિંગ છે. જો તો ખરી?'



યોગેશના સમાધિ સ્થળે હું જાતે જ ગાડી ચલાવીને મારા તીસરી મંજિલના મિત્રોને લઈને જઈ રહ્યો હતો. હાથમાં સ્ટિયરિંગ હતું, પણ મારું મન તો હતું હંસલી જોડે!

થોડા દિવસ પહેલાં હંસલીનો ફરીથી ફોન આવ્યો હતો. ફોન આવવાનું કારણ માત્ર

એટલું હતું કે, હંસલીએ મને એક ટૂંકો કાગળ લખ્યો હતો અને તેમાં યોગેશે હંસલી પર વર્ષો અગાઉ લખેલા પત્રની ઝેરોક્ષ બીડેલી હતી. ફોનમાં મને હંસલીએ પૂછ્યું હતું કે, દિલાવરભાઈ! તમને મારો પત્ર મળ્યો કે નહીં?

મેં કહેલું કે મળ્યો બેબલી, જરૂરથી મળ્યો.

'દિલાવરભાઈ! તમે મને બેબલી કહી? યોગેશ કાયમ મને બેબલી કહીને જ બોલાવતો.'

'હા બહેન! હવે હું તારા માટે યોગેશ જ છું ને?'

'પણ ભાઈ! તમે પ્રભાકર સાથે સંબંધો ચાલુ રાખોને?'

'બેબલી! યોગેશ અને પ્રભાકરમાં ઘણો ફેર છે. એ કઈ રીતે બને? હું પ્રયત્ન જરૂરથી કરીશ પણ મને નથી લાગતું કે હું તેમ કરી શકું.'

'કશો વાંધો નહીં, પણ મેં તમને પરબીડિયામાં બીડેલા યોગેશના કાગળને વાંચ્યો ખરો કે? તેમાં પણ યોગેશે એક કવિતા લખી છે...'

❋

યોગેશનો કાગળ કંઈક આવો હતો....

તા. ૧૯-૩-૧૯૭૭

પ્રિય બેબી (ગિની),

હું મુંબઈથી હાલોલ આવી પહોંચ્યો છું એટલે મારું ઠેકાણું હાલોલ છે. તો યે હું મને પ્રશ્ન કરું છું કે – 'હું' ક્યાં હોઈશ?

મારે મને શોધવો છે. આ કવિતા કવિલોકમાં મોકલી રહ્યો છું એટલે કે મારી પહેલી કવિતા છપાઈને આવી ગઈ છે.

બેબલી, તને એમ હતું કે ઇનામ મળે તેવી કોઈ કૃતિની રચના હું કરી નહીં શકતો હોઉં. મારી આ કૃતિને ઇનામ પણ મળ્યું છે! તે વાંચીને ખુશ થજે. બીજીવારના પત્રના જવાબમાં તને તેની એક કોપી મોકલી આપું છું.

પાન ખરતાં નથી,
કૂંપળો ફૂટતી નથી,
ચીતરેલો આંબો છું,
કે કોયલ ટહુકતી નથી!
પથ્થરો વટાવું છું,
ને સડક ખૂટતી નથી.
શહેરમાં હું નથી -
અને દર્દની વસતી નથી!
જીવન કે મૃત્યુની
વાતો હવે થતી નથી.

બેબી, પત્ર તો ક્યારનોયે લખી રાખ્યો હતો, પણ પોસ્ટ થઈ શક્યો નહીં. ચૂંટણીનાં રિઝલ્ટ સાંભળવામાં ખૂબ મજા આવી. આખરે આપણો વિજય થયો છે. ગ્રહો કંઈક ફર્યા

લાગે છે.

પ્રભાકરના શું સમાચાર છે?

❋

યોગેશનો કાગળ મળ્યોયે ખરો, વાંચ્યો યે ખરો. તે મેં હંસલીને ફોનમાં જણાવ્યું હતું જ પણ મેં દા'ડે બેબલીને આપેલું વચન મારાથી પાળી શકાયું નથી. મેં તેના ઘેર મારી પત્નીને લઈને જવાનું કહ્યું હતું.

❋

'અલ્યા બાપુ! ગાડી તો બરાબર ચલાવો છો, પણ તમે ક્યાં છો? જાણો છો? આપણે સમાધિ સ્થળે પહોંચી ગયા.'

'બોલો ખબર જ ન રહી, કેમ સરપંચ?'

'અરે... આવો આવો, પધારો સાહેબ!'

'બોલો સરપંચ. જુઓ, અમે તો તમારા આમંત્રણે આવી પૂગ્યા, પણ તમને કોઈ અગત્યનું કામ તો હતું નહીં ને?'

'અરે... અરે... આવું શે કહો છો? મહારાજના મિત્રો આટલા વરસે સમાધિએ આવે તેની ખુશાલી છે બાપુ! આવો અહીં બેહો.'

'અમને તો ઘણા સમયથી થતું હતું કે, તમે અહીં જરૂરથી આવશો, અને આપણે બધા હારે બેહીને મહારાજની વાતો વાગોળીશું.'

'બાપુ! તમે નહીં માનો પણ મહારાજે કહેલું જ કે તમે અહીં એક દિ' જરૂર આવવાના જ એમાં મીનમેખ ફેરફાર નથ.'

'શું કામ સરપંચ આમ ચણાના ઝાડે ચડાવો છો?'

'ના, બાપુ! ખરું કહું છું, પૂછો આ ભગાને?'

'કોણ ભગો?'

'બાપુ! મને ન ઓળખ્યો?'

'હું તો તે ઘડીયે પણ મા'રાજની ચાકરીયે હતો જ ને?'

'એલા, કેમ આવો થઈ ગયો?'

'કેટલો વખત ગયો બાપુ! એક યુગ પસાર થઈ ગયો. ઉંમર તો થાય ને?'

'તે એલા, ઉંમર તારા એકલાની જ થાય? અમારી નોં થાય?'

'ઈંયે ખરું બાપુ, પણ હું શું કરું?'

'સરપંચ! આપ આવો અમારી હારે બેસો. અમે બધા યોગેશના મિત્રો છીએ. આજે અમારે બસ યોગેશની વાતો જ સાંભળવી છે.'

'દિલાવર બાપુ! તમે કેમ આમ બોલો છો? અમારા મહારાજનું સંસારનું નામ બોલતાં અને તે નામે સંબોધન કરતાં કેટલું પાપ લાગે?'

'કેમ? સરપંચ એમાં શેનું પાપ લાગે?'

'આ ભઈ તો શશીભાઈ જ ને?' સરપંચે શશીને ઓળખી પાડ્યો.

'હા સરપંચ, હું શશી જ છું. તમે જ મારે ત્યાં આવતા હતા મહારાજના સમાચાર આપવા.'

'તે શશીભાઈ, પાપ તો લાગે જ ને? જેણે સંસારની મોહ-માયા, કપટ-સ્વાર્થ, અરે... કુટુંબીઓ, મિત્રોનો સંગાથ-સંબંધો તોડી કેવળ પોતાના કસ્યાણ અર્થે ભેખ લીધો હોય એને તમે જૂના નામે બોલાવો? છી.... આવું સારું લાગે?'

મેં તરત વાત વાળી લીધી –

'ઠીક સરપંચ, અમેય મહારાજ કહીએ વારુ! જુઓ સરપંચ, બધાયની ઓળખાણ કરાવું.

શશીને તો તમે ઓળખી જ કાઢ્યો. આ ભાવિન, આ વિરેન, રોહિત, રઝાક અને આ બુન ઈ મયૂરીબુન છે. પાછળ બેઠા છે ઈ રોહિતભાઈ અને પ્રવીણભાઈ બંને સગાભાઈ છે. મહારાજના કુટુંબી હતા. આ મારી બાજુમાં બેઠા છે ઈ બટુકભાઈ મહારાજના બાળગોઠિયા કૃષ્ણ-સુદામા પેઠેના.'

'બાપુ! આજે જમીશું તો અહીં જ બધા હારે જ હો! મેં રસોઈ બનાવડાવી છે.'

'અરે... સરપંચ, આવી ધમાલ કરવાની શી જરૂર હતી?'

'ઈમાં ધમાલ ચેવી? ખાવા તો જોઈએ જ ને? અને મહારાજને ચેવું લાગે?'

'સરપંચ એક વાત પૂછું? સાચો જવાબ મળશે?' રઝાકે પ્રશ્ન કર્યો.

'હા, પૂછો ભઈ! શું કહ્યું તું બાપુએ તમારું નામ?

'રઝાક.'

'હા, રઝાકભાઈ! તમ તમારે જે પૂછવું હોઈ ઈ પૂછો. કશો વાંધો નહીં.'

'અમે સાંભળ્યું'તું કે બાપુ અહીં આંકડા આપતા હતા? વરલી મટકા કે કલ્યાણ કે એવું કંઈક. અમને પાકી ખબર નથી હોં?'

'ના ભઈ ના! એવું કાંઈ ન હતું. આ તો લોક છે ને, મનમાં આવે એવી વાતું કરે અને વગોવાય મહારાજ.'

'પણ સરપંચ, મહારાજ આંકડા રમતા તો ખરા જ ને?' ભગાએ બાફી માર્યું.

'અલ્યા ભગલા! તને કોઈએ પૂછ્યું? તું શાથી વચ્ચે ડફાકા મારે છે?' સરપંચ બગડ્યા.

'ઈ તો હું આંકડા લઈને રકનપરે ઈસ્માઈલને ન'તો લખાવી આવતો? આંકડા હારે બાપુ નાણાંય મોકલતાને જ ને?' ભગાએ બફાટ કરવાનું ચાલુ રાખ્યું.

'ઈ હશે, હવે અત્યારે ઈનું શું છે? આ લોક મહારાજ વિશે સારી વાતો કરવા અને જાણવા આયા સે. મહારાજની સિદ્ધિની વાતો. આવી નહીં 'સ્યા!'

'સરપંચ, આ પણ સિદ્ધિ જ હતી ને મહારાજની? એના મુખેથી જે આંકડો નીકળે ઈના ઉપર ગામના ચેટલા લોક આંકડો લગાવતા હતા? મુંને હંધીય જાણ સે.'

'હવે હેઠો બેહને? તું ને શું ખબર?'

હવે મારે વચ્ચે પડવું જ પડયું –

'ના, સરપંચ! ભગાને કહેવા દો. મહારાજ હારે વધારેમાં વધારે તો આ ભગલો જ

રહ્યો હતો ને? બોલ ભગા બોલ! આજ સરપંચ તને ઠપકો નહીં આલે હાઉં! તું તારે કહી દે જે મનમાં હોય ઈ.'

'બાપુ તમે બધા હાંભળો...', એમ કહીને ભગલાએ ઠાવકા થઈને વાત માંડી –

❋

'હવે તો આ આંકડાની રમતુંનું મહત્ત્વ રહ્યું જ નથી એટલે આજકાલનાને આંકડાની ઝાઝી જાણકારી ચ્યાંથી હોય? પણ મહારાજ એટલે મહારાજ! ત્રણે લોકનું જ્ઞાન – ઈના મુખેથી જે આંકડો નીકળે ઈ હાચો જ હોય. મહારાજ બહુ બોલે જ નહીં ને! કોઈ પરાણે બોલાવી શેનું શકે? અને ઈમનો ગુસ્સોય વળી ચેવો! હાથમાં હોય ઈનો ઘા કરે. ભલભલા ચમરબંધીને હેઠો બેહાડી મેલે. કોઈ જો ભૂલેચૂકેય મહારાજને પૂછી બેહે તો ઈનું આઈ જ બન્યું જાણો! બવ જ ભૂરાયા થાય! ગાળાગાળી કરી મેલે. એકવાર મા'રાજનું છટકે ઈ પછી કાબૂમાં તો સરપંચ વગર કોઈનાથી નોં આવે. એટલે મા'રાજને કોઈ છંછેડે નહીં. ઈના મનમાં આવે ઈ આંકડો એકવાર બોલી જાય. હમજનારા હમજી જાય! વખત થાય એટલે "ભગલા"ની બૂમે હું ખાહડાં પહેરીને હાજર થાઉં. કશું જ બોલ્યા વગર ચબરખી ને નોટ પરખાવે. હું યે પાછું વાળીને જોવા ના રઉં ને સાઇકલ ભગાડી મેલું, બોલો!'

'બાપુ! ભગલાની વાત હાચી હોં? મહારાજનો ગુસ્સો ભારે. જો કોઈ ભૂલેચૂકે એમ બોલી જાય કે મેં અહીં આ કર્યું ને તે કર્યું, આ ઘડિયાળ મેં અહીં ભેટ આલી સે, તો બસ થઈ જ રહ્યું. એ જ ઘડીએ ઘડિયાળ લઈને ઘા કરે અને કપડાં કાઢી નાખે, બેફામ બની જાય. જે બોલ્યો હોય ઈનું તો આવી જ બને. પેશાબ કરાવી દે! પેલો ગમે તેટલી માફી માગે પણ મહારાજ માને જ નહીં ને! હવે જો હું હાજર હોઉં તો આવું ન બને. આ બધું મારી ગેરહાજરીએ. એટલે ભગલાની સાઇકલ દોટ કાઢે મારા ઘર ભણી. હું આવું ને વાતાવરણ શાંત થાય. પણ બાપુ! મહારાજ એટલે મહારાજ!'

'તે સરપંચ! મહારાજ આમ ગુસ્સે શેના થાય?'

'દિલાવર બાપુ! જે દિ' મહારાજને ચરસ ન મળી હોય ને ત્યારે ભારે થાય! ખૂબ ગુસ્સે થાય. પછી હું ગમે તેમ કરીને ચરસની જોગવાઈ કરું. ઈ પહેલાં તો ચલમમાં વીંછીના ડંખ ભરીને ફૂંકવાનું શરૂ કરી દીધું હોય! મેં પંચધાતુની ચલમ પણ મહારાજને મેળવી આલેલી. હવે તમને શું કહું? સાપના ઝેરને જીભ ઉપર મૂકતા મેં મહારાજને જોયા સે પણ દિલાવર બાપુ! મહારાજ જ્યોતિષ વિદ્યાના જબરા જાણકાર! ઈ બોલે ઈમ જ થાય. મહારાજના જ્યોતિષ વિદ્યાના ચમત્કારો જો માંડીને કહું, તો દિ' આખો જોઈએ. પણ ટૂંકમાં કહું તો ઇન્દિરા ગાંધી અને ચમન પટેલનાં મૃત્યુની તારીખ અને સમય મને જ જણાવેલા. ઈમાં તસુભારનો ફેરફાર થયો જ નથ. આ વાત કોને કહું, કુણ માને? ઈ તો મારો રામ જાણે સે. અરે... મારા મોટા બાપુના અવસાન અગાઉ એક અઠવાડિયા મોર બોલી ગયેલા કે સરપંચ તૈયારી રાખજો ઈ તો હેંડ્યા!'

'સરપંચ, જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન તો મહારાજને સાધુ થયા પહેલાંનું જ હતું. મારા લગ્નની તારીખ કાઢી આપેલી જે અક્ષરસ: સાચી પડી છે.'

'હશે તમને ખબર, ઈ તમારા પાક્કા ભાઈબંધ નઈ! પણ બાપુ! મહારાજ વાતે વળગે તંઈ તમને બધાયને યાદ કરે હો! તમને જમાડેલા ઈ મુને કીધેલું ખરું હોં!

અગમવાણી પણ જબરી બોલી નાખે. બાપુ! મહારાજની ચેટલી વાતો માંડું? મને એક દિ' કે છે કે, 'સરપંચ! જોજે હોં! હું કદાચ છ-બાર મહિના પછી નહીં હોઉં!" કોણ જાણે શું થયું પણ તે ઘડીએ પાટણથી આયા ને મહારાજનું બોલવાનું ઓછું થઈ જ્યું'તું. કદાચને પાટણમાં કોઈ હારે બોલવાનું થયું હોય?'

શશીના મનમાં તરત તાળો મળી ગયો. બોલ્યો:

'સરપંચ! ખરી વાત છે. ત્યાં એવું થયેલું કે મહારાજ ત્યાંના મહંતના ખાસમખાસ. એટલે બીજા બધા નારાજ! આ લોકમાંય વળી વેરઝેર તો ખરાં જ ને! મેં ન'તું કહ્યું દિલાવર?'

'શશીભાઈ! કદાચ ઈમ જ હશે. એક રાત્રે તો અહીંથીયે ભાગ્યા. તાકડે હું કોઈકના લગ્નપ્રસંગે ગયો'તો શે'રમાં! મુને સમાચાર મળ્યા. હું તો ગભરાયેલો અહીં આયો! કોણ જાણે કોની હારે વાંકું પડ્યું હશે શી ખબર? માંડ-માંડ મનાવીને લાયો. મને કે છે કે – સરપંચ! હવે મારું ઠેકાણું નહીં, હું તો ગમે ત્યારે જતો રહેવાનો. મેં કીધું આવું શીદને બોલો છો મા'રાજ? તમે નહીં હો તો અમે ચ્યાં જઈશું? એમ કહેતાંક ને મારી આખ્યું ભીની થઈ. મને રડતો જોઈને કહે, "જો સરપંચ! તું જ મારો સાચો સાથી, હું હોઉં કે ન હોઉં તારો કોઈ વાળ વાંકો નહીં કરે, બસ!" આ મહારાજનું વચન." આખરે વસંતપંચમીને દા'ડે બાપુએ દેહ છોડ્યો. અને તમને નવાઈ લાગે એવી વાત કે આ સિદ્ધપુરુષે દેહ છોડતાં અગાઉ પોતાના શરીરની બધીયે તબીબી ચકાસણી કરાવેલી, હંધાય રિપોર્ટો કઢાવેલા. મેં હજુ રાખી મેલ્યા સે. બોલો! નખમાંય રોગ નહીં. અને કીધા પ્રમાણે બાપુ! મહારાજ અમને નોંધારા મૂકીને જતા રહ્યા!

'આ જગાએ સમાધિ લગાવી બેઠા'તા. ભગલો બહાર બીડી ફૂંકતો'તો. હું યે ખાટલે લાંબો થયો'તો. અમને ઈમ કે બાપુ અનુષ્ઠાનમાં બેઠા સે. પણ બાપુએ આગળ પલોંઠી વાળી માથું ઢાળી દીધું. પછીની વાતો તો તમને જાણમાં હશે જ ને?'

'હા, હા, કેમ નહિ! સરપંચભાઈ! તમને ખબર છે? તમારા મહારાજ અમારા સહુના કેટલા અંગત અને અંતરમાં હતા? સરપંચ, અમારો ભાઈબંધ, વ્યક્તિ એક, રૂપ અનેક! શાળાએ ભણતો ત્યારથી કંઈક ને કંઈક કરેલું છે. ઉર્દુ ગઝલનો શોખીન, ગુજરાતી કવિ. નાત-જાતના ભેદ વગર મુસલમાન હારે ભેગો જમનારો. ભગવદ્‌ગીતાના હરેક શ્લોકો જેને કંઠસ્થ હતા અને મહાભારતના પ્રસંગો એવી રીતે વર્ણવતો કે જાણે આપણી સામે મહાભારતનું યુદ્ધ ન ચાલતું હોય! ટૉલ્સ્ટૉયના તત્ત્વજ્ઞાનની વાતું હોય કે કૅનેડી, જવાહરની રાજનીતિની વાતું હોય, સઘળું કહી શકે. ફિલ્મ જોવાનો યે જબરો શોખીન!

આજે જો હોત ને તો?' બટુક આગળ ન બોલી શક્યો.

'તો શું? બટુકભાઈ! એ બહુ મોટા મહારાજ હોત!'

'બટુક! સરપંચ ખરું કે'છે. તાંત્રિક વિદ્યામાં યોગેશે નામ કમાયું હોત!'

મયૂરી કહે: 'સરપંચભાઈ! મહારાજની વાતો સાંભળવાની મજા આવે છે.'

'બુન! ઈ ખરું પણ પહેલાં જમી પરવારીએ પછી વાત.'



થોડીવારમાં જમવાનું પીરસાઈ ગયું. કોઈને જમવામાં ખાસ રસ ન હતો. અમારે તો બસ યોગેશની ભૂતકાળની વાતો વાગોળવી હતી. મહારાજ હારે લાંબો વસવાટ કરેલો.

સરપંચ પૂરો સંસારી હોવા છતાં મહારાજ અને અઘોરી બાબતે ઘણી વાતો કરતો હતો. સરપંચની કથા ચાલુ હતી–

'દિલાવર બાપુ! તમે મૂઠ વિશે જાણો છો? આ મૂઠ છે ને? તે અઘોરી કરતાં આદિવાસીઓને વધારે હસ્તગત હોય છે. મૂઠનું નામ હાંભળીને ભલભલાનાં હાજાં ગગડી જાય, રૂંવાડાં ખડાં થઈ જાય. તણસોને સાઈઠ જાતની મૂઠ હોય, જેના પર ફેંકાઈ, ઈનાં રામ રમી જાય. પણ આ મૂઠ મારવાની વિદ્યા હાંસલ કરવી ઘણી જ કપરી સે બાપુ!'

'તે સરપંચ તમને શે ખબર?'

'શશીભાઈ! મહારાજાની કૃપા. એક દિ' મહારાજ કે'તા'તા કે, અષાઢ મહિનામાં હલકી જાતના માનવીની ખોપડીને જમીનમાં દાટી તેમાં કાળા અડદના દાણા ઉગાડવામાં આવે સે. પછી અડદનો છોડ થાય અને તેમાં કાળા અડદ ઊગે, જે મૂઠ મારવાના કામમાં આવે. એક સવારે મહારાજે મને બોલાવ્યો ને કીધું, સરપંચ બેસ! કર્ણપિશાચી વિદ્યા ૨૧ દિવસના અનુષ્ઠાન પછી પ્રાપ્ત થાય છે મારી ભાવના છે કે મારે આ વિદ્યા હાંસલ કરવી. હવે મારામાં મહારાજને પૂછવાની હિંમત ક્યાં હતી કે, કર્ણપિશાચી વિદ્યાથી શું હાંસલ થાય? મહારાજે વળી મને ભુજંગ છત્રા વિદ્યા વિશે વાત કરી. મહારાજ કહે, 'જો સરપંચ! આ ગુપ્ત સર્પવિદ્યા છે અને ભગવાન શંકર આ વિદ્યાના જન્મદાતા છે. જૂના જમાનામાં ઉચ્ચ કુળના લોકોનો સંબંધ સર્પ યોનિના જીવો સાથે હતો. અનેક મહાન પુરુષોએ સર્પકન્યા સાથે વિવાહ કરેલાનો ઇતિહાસ સાક્ષી છે. સર્પકન્યા અત્યંત સ્વરૂપવાન સ્ત્રીનો દેહ પિતાની અનુમતિથી મેળવી પોતાના દેહનો ત્યાગ કરી શકતી.'

'અલ્યા સરપંચશ્રી! તમે પણ મહારાજથી કમ નથી હો? તમને ઘણું જ્ઞાન છે મારા ભ'ઈ!'

'સાંભળો તો ખરા બાપુ! એકવાર મહારાજે કાયાકલ્પ વિશે વાત કાઢી. ચેટલું જ્ઞાન હતું મહારાજ કને! અરે બાપરે! હું તો મટકું માર્યા વગર હાંભળ્યા જ કરું. મહારાજની દિવ્યવાણી વછૂટેલી...'

મેં સરપંચની વાતનો તંતુ આગળ ચલાવ્યો –

'સરપંચ! કહેવાય છે કે કાયાકલ્પની વિદ્યા જાણનારો સર્પદંશથી મરણ. પામેલ માનવીને અમુક દિવસ સુધીમાં જીવિત કરી શકે છે. જન્મ-મરણના ફેરા ટાળવાનો આ સૌથી ટૂંકો માર્ગ અઘોરીઓનો! જોકે આ કળા ખરી અને હાચી રીતે તો તિબેટના લામાઓ જ જાણે, આ કળાથી ઉંમર ઘટી જાય.'

મારી વાતમાં ભાવિન પણ જોડાયો –

'સરપંચ! તને ખબર છે? કોઈક અઘોરીએ ગાંધીબાપુને પણ કાયાકલ્પ કરી ઉંમર ઘટાડી આપું એમ કહ્યું'તું પણ અહિંસાવાદી બાપુ માને શાના?'

મેં મજાક કરી –

'બાપુ તો આવા જ હોય, ભાવિનભાઈ!'

'અલ્યા દિલાવર! આ વાત્યું મોહનલાલ કરમચંદ ગાંધીની છે. દિલાવરસિંહ જાડેજાની નહીં, ગમે ત્યાં ચાલુ ગાડીએ શાનો ઘૂસે છે?'

સહેજ હસીને સરપંચે ફરી વાતનો દોર પોતાના હાથમાં લીધો –

'આજે આટલાં વરસે મહારાજના પૂર્વાશ્રમના ગોઠિયા આવ્યા સે ઈ તો અમારા માટે આનંદની ઘડી સે. મહારાજ કહેતા, રુદ્ર એટલે શિવ અને રુદ્રાક્ષ એટલે શિવની

આંખ! રુદ્રાક્ષની માળા બને, સંસારમાંયે ઘણાં પહેરે પણ સાધુઓને રુદ્રાક્ષ વગર ન ચાલે. જેમ તડબૂચમાં ઊભા લીટા હોય એમ રુદ્રાક્ષમાં ઊભી ધાર હોય એને ફાંક પણ કહેવાય, એને મુખ પણ કહેવાય.

એક મુખી રુદ્રાક્ષ બવ જ શુકનવંતા ગણાય. જેણે એક મુખી રુદ્રાક્ષની માળા પહેરેલી હોય ઈની હામે કોઈ મેલી વિદ્યા કામ ન કરી શકે. મહારાજના કહેવા મુજબ આખા જગતમાં એક મુખી રુદ્રાક્ષના ગણીને ૬૪ દાણા જ છે. જેમાંના ૩૨ તો નેપાળના રાજાના દરબારમાં છે. જોકે એક મુખી માત્ર નેપાળમાં જ થાય છે, જે તીપુરી તરીકે જાણીતી છે. ઈને શિવ પણ કહે છે.

મેં મહારાજને પૂછ્યું કે, ‘પ્રભુ! એક મુખી રુદ્રાક્ષની ખાતરી શેં થાય? હાચા છે કે ખોટા?’

મહારાજ બોલેલા, ‘સરપંચ! અન્યની તો ખબર નથી પણ અઘોરીઓ સાચી એક મુખી રુદ્રાક્ષની ચકાસણી કરવા એક મુખીના મણકાવાળી માળા ઘેટાના ગળામાં બાંધે અને છરો લઈને ઘેટાને વધેરવા જાય. જો સાચી એક મુખી હોય ને તો ઘેટાનો વાળેય વાંકો. ન થાય. આમ તો રુદ્રાક્ષ એકથી એકવીસ મુખી હોય છે. જપ-તપ માટે પંચમુખીનો ઉપયોગ કરાય છે.’

શશીભાઈ! આ જ રીતે મહારાજે અમોને કાળી હળદર, મીન મુક્તક જે સમુદ્રમાં જીવતી માછલીના મસ્તકમાં બાજરાના દાણા જેવડું થતું મોતી, સમુદ્રમાં થતાં દક્ષિણાવર્તી અને વામાવર્તી શંખોની વાતો કહેલી છે. મહારાજ કહેતા દક્ષિણાવર્તી શંખ દુર્લભ ગણાય જો નર હોય તો...’

‘એટલે? શંખ જીવ છે?’

‘હા, મયૂરીબૂન. એ નર, માદા કે નપુંસક હોઈ શકે...’

મેં ડોકુ હલાવી સરપંચને ટેકો આપ્યો અને ભાવિને વાત આગળ વધારી –

‘સરપંચ! તમે કહો છો એ વાત ખરી, પણ તમે જાણો છો? આ અઘોરીઓ મોટેભાગે જંગલમાં એકાંતમાં જ વસે છે. તેઓનું કામ વિનાશ કે ભય પેદા કરવાનું નથી તેઓ તો અમૂલ્ય જડીબુટ્ટી મેળવી તેની અસલિયતની ખાતરી કરી અદ્‌ભુત કામો લેતાં હોય છે. આપણને તેની જરૂર નથી, કારણ આપણી પાસે આધુનિક સારવારો ઉપલબ્ધ છે. પણ જંગલમાં વસતાં આદિવાસીઓને આપત્તિને કાળે સાચા અઘોરીઓ જ બચાવે છે. ખરી હકીકતે આ સઘળી સિદ્ધિનો દુરુપયોગ જો તેઓ કરે તો સિદ્ધિ રહેતી જ નથી.’

‘અલ્યા ભાવિન! તું?’

‘હા, દિલાવર! યોગેશ સાથે મેં આ વિષય પર ઘણું મનન કરેલું છે.’

‘ભાવિનભાઈ! તમને ખબર નહિ હોય આ અઘોરીઓની શક્તિઓની! મહારાજ કહેતા’તા કે, ‘અઘોરીઓ કબ્રસ્તાનમાં દટાયેલા યુવાન મૃતદેહોનાં શરીરમાં પ્રવેશી શકે છે. ગરવાગઢ ગિરનારમાં સિદ્ધહસ્ત અઘોરીઓ આજે પણ છે. મહારાજ તેઓને મળેલા છે. બોલો! અલમસ્ત અલગારી અઘોરી સાધુઓ જંગલી પ્રાણી – સિંહ, વાઘનાં શરીરમાં પ્રવેશી માનવીઓનું માંસ પણ ખાય, વળી આ સઘળા અઘોરીઓ દુનિયાની ઐસીતૈસી કરવાવાળા હજુ પણ છે બોલો! જાવ મહાશિવરાત્રીની રાતે જૂનાગઢ! નસીબમાં હશે તો થશે દર્શન અને થઈ જશે તમારો બેડો પાર!’

મેં તક ઝડપીને શશીને લાગમાં લીધો –

'શશ્યા! સરપંચ કે છે તો એક શિવરાત્રીએ જતો આવને? છેલ્લી ઉંમરે જો કંઈક લોટરી લાગી જાય તો?'

'દિલાવર! તું શશીભાઈનો પીછો નહીં જ છોડે?'

'શશીભાઈ! તમારે જાવું હોય તો હું ભેળો આઈશ. જટાળા જોગંદરના આશીર્વાદ જેને મળે તેનું જીવન ધન્ય થઈ જાય! આ અગોચરો શિવરાત્રીએ કીડિયારાંની માફક ઊભરાય તે ઘણાંયે જોયું છે. પછી ક્યાં ગાયબ થાય તેની કોઈનેય ખબર નથી. હિમાલયના યોગીઓ, ગિરનારના સિદ્ધો, આબુના અઘોરીઓ વાહ... બાપ... વાહ...!'

'સરપંચ, ભલે જવું હશે તો તમને લેતો જઈશ.'

'અઘોરીઓ વિશેની અવનવી વાતો મહારાજે કીધેલી. તે જ્યારે વાતો કરતા હોય ત્યારે અમે એકધ્યાને બસ મહારાજને સાંભળ્યા જ કરીએ, ખરું ને ભગલા!'

'ખરું જ તો! પણ બહુ મનેખ આયું હોય તારે મહારાજ આમાંનું કંઈ જ નોં બોલે, ઈ તો હું ને સરપંચ હોઈએ તારે જ. તે... સરપંચ! તમુને ઈ હાંભરે...?

'શું, ભગલા?'

'એક દિ' મોડી રાતે તમુ આયા'તા ચરસ લઈને. મહારાજે ચલમ ખેંચેલી ને તમોએ પણ! તારે મહારાજ ચેવું બોલતા'તા? મહારાજ બબડતા'તા- કિ તાંત્રિકની સાધના માટે અઘોરીઓ ચેટલીયે વાર માનવ શરીરના ખાસમ ખાસ અંગોનું કુમળું કુમળું માંસ ખાઈ જાય! વળી જેની સાધનામાં ગોઠવાય! હોય ઈને બલિદાન કરે અને વળી વચાળે વચાળે મનુષ્યનું માંસ પોતે પણ આરોગે. સરપંચ મુંને શરમ આવે સે મહારાજ ચેવું બોલેલા...!'

'ચેવું લ્યા?'

'...કે છે કે, ચેટલીયે વાર આ અઘોરીઓ સ્ત્રીના અંતરમાં લાગણી ઊભી કરે ને પછે કાળુ કરે અને પછી એ બાપડીનું જ બલિદાન! તે મહારાજ આમ બોલતાં-બોલતાં ચેવા રાતા ચોળ થઈ જ્યા'તા?'

'હા, ભગલા! તને યાદ છે? તારે મા'રાજ છેલ્લે શું બોલેલા? આવું કરનાર અઘોરીએ કપટથી તાંત્રિક વિદ્યા કરી કહેવાય અને ઈની એકઠી થયેલી હંધીય તાંત્રિક શક્તિ નાશ પામે!'

'ખરું હો સરપંચ! તારે પેલી વાર મેં મા'રાજનું અસલી રૂપ જોયું 'તું.'

ભાવિન કહે – 'મેં ક્યાંક વાંચેલુ છે કે – જંગલમાં વિચરતા સાધક અઘોરીઓ મોટેભાગે તેઓએ મેળવેલ વિદ્યા કે જંગલની જડીબુટ્ટીઓ જેવી અમૂલ્ય ચીજોનો દુરુપયોગ નથી કરતા હોતા. મેં સાંભળ્યું છે કે કોઈ સિદ્ધહસ્ત પાસે સર્પમણિ હોય તો ભલભલા ઝેરી સાપનું ઝેર ઉતારી જંગલામાં વસવાટ કરતા આદિવાસીને મોતના મૂળમાંથી બચાવી લે છે. બીજાના નુકસાન માટે સિદ્ધહસ્ત અઘોરી તેની વિદ્યાનો પ્રયોગ નથી કરતો હોતો. એ તો શક્તિનો પૂજક છે અને તેની સાધના શક્તિનું પ્રતીક છે. દરેક સ્ત્રીમાં તેને મા કાલિકા દેખાય છે અને તેઓને આદેશ પણ હોય છે કે સ્ત્રી જાતિના મનુષ્ય સહિત અન્ય પ્રાણીનો આદર કરે.'

'ભાવિનભાઈ, તમે તો મહારાજ જેવું જ બોલો છો ને કાંઈ?'

'સરપંચ! આ ભાવિનભાઈએ યોગેશનંદગિરિ મહારાજ સાથે ઘણીયે ચર્ચાઓ કરી છે. સાથે ઘણાં પુસ્તકોનો અભ્યાસ પણ કર્યો છે.'

‘હવે તમે લોકો થાક્યા હશો. ચા મુકાવું કે?’

‘ના, સરપંચ હવે અમે જઈએ.’

‘અરે... બાપુ એમ શેં જવાય?’

‘હવે ઘણું મોડું થયું છે માટે રજા આપો.’

‘ના, મિત્રો! હજુ તમારા બધાયનું મારે કામ સે. મેં મા’રાજને જે વચન આપ્યું’તું અને મા’રાજે મારા કનેથી જે વચન લીધું’તું તે આજે પૂરું કરવાનો સમય આવી પૂગ્યો સે.’

‘શું વાત છે સરપંચ? સમાધિસ્થળનો જીર્ણોદ્ધાર કરવાનો છે ને? ઈની બાંહેધરી દિલાવરની, બોલો પછે?’

‘ના... બાપુ... ના! ઈ વાત નથ. ઈ તો જે થવાનું હશે ઈ થશે. ઈમાં મા’રાજના સ્વભાવ મુજબ અમે કોઈને પણ કહેતા જ નથી. ઈમનો હુકમ હતો કે એક જ વ્યક્તિએ ખર્ચ કરવાનો, ઈનું નામ કોઈ ઠેકાણે લખાશે નહીં, કોઈને જણાવાશેય નહીં, ઉઘરાણાં નહિ કરવાનો હુકમ મુને આપેલો સે એટલે ઈ વાત નથ બાપુ.’

‘તો પછી કઈ વાત છે, સરપંચ?’

‘શાંતિ રાખો, હવે જે વાત કરવાની છે ઈનો સમય પાકી ગયો છે. એલા ભગલા! જા મહારાજનો પટારો લઈ આવ.’

ભગલો જૂનો પટારો ઊંચકી લાવ્યો. સરપંચે કૂંચીથી તાળું ખોલ્યું. પટારામાંથી સિલબંધ કવર બારું કાઢ્યું. ઈના ઉપર પ્લાસ્ટિકનું કવર હતું. સાલ ૧૯૯૪ લખેલું હતું. અમારામાંના કેટલાંકનાં નામો લખેલાં હતાં. તે મારા હાથમાં આપીને સરપંચ બોલ્યો –

‘દિલાવર બાપુ! મહારાજે સમાધિ લીધા પહેલાં આશરે એકાદ મહિના અગાઉ મને કહેલું કે સરપંચ! આવતી વસંતપંચમી પછી હું નથી, તમારે મારું એક કામ કરવાનું છે. આ કવર તમારે સાચવવાનું અને મારા મિત્રો – જેનાં નામ આ કવર ઉપર લખ્યાં છે એમાંના ઓછામાં ઓછા ચાર જ્યારે એક સાથે અહીં આવે, ત્યારે એમને આ કવર આપવાનું. અને ઈ ચારેયની હાજરીમાં ખોલવાનું. ઈમાંથી કોઈને પણ વાંચવા આપવાનું. આજે એ અવસર આવી ગયો છે. આ વાતને કેટલાં વરસો થયાં? મારા જીવની પેઠે આ કવર સાચવીને બેઠો છું. આજે મને ચેટલો હરખ સે ઈ તમો જાણો સો?’

‘તે સરપંચ! આટલી મોટી વાત તમે કેમ કરીને મનમાં રાખી શક્યા?’

મેં ફરી શશીને લપેટમાં લીધો – ‘ઈ શશ્યો નથી ને એટલે.’

‘દિલાવર, સાંભળને યાર!’

‘શશીભાઈ! તમો આયા તારે તરત જ તમોને હાથમાં આપી દીધું હોત તો મારે જે કે’વું’તું ઈ હું કોને કે’ત? અને આ બળ્યું મહારાજે માંહે શું લખ્યું સે ઈની મનેય ક્યાં જાણ સે? એટલે વાંચ્યા પછે કેવો મૂડ રહે તેની શું ખબર?’

‘વાહ... સરપંચ તમારો જવાબ નથી.’

‘તો બાપુ ખોલો કવર અને શરૂ કરો...’

‘કવર હું ખોલીશ પણ વાંચશે ભાવિન.’

સૌની ઇંતેજારીએ મેં યોગેશનું લખેલું કવર ખોલ્યું. તેમાંનો પત્ર હાથમાં લીધો. બહુ સમય પછી મિત્રના અક્ષરો જોયા. આનંદ આનંદ થઈ ગયો. વધુ રાહ જોયા વગર આંખને

ઇશારે ભાવિનના હાથમાં પત્ર મૂકીને વાંચવાનું આહ્વાન દીધું.

૯

તીસરી મંજિલના દોસ્તો!

આજે આ પત્ર તમારા હાથમાં છે. મારો વિશ્વાસ હતો કે તમે એક દિવસ તો મને શોધીને મારા સ્થળે આવશો જ. આજે એ ઘડી આવી ચૂકી છે. ૧૯૭૦-૭૮ના સમયગાળામાં આપણે તીસરી મંજિલે જે જીવ્યા હતા તે સમયગાળો મારા માટે અવિસ્મરણીય રહ્યો છે.

મેં ઘણીયે વાર વિચાર કરેલો કે એક વખત તમને બધાયને એક સાથે બોલાવું. મારા સાધુના કપડાંને એક દિવસ હડસેલી દઉં અને આખો દિવસ તમારી સહુ સાથે રહું, તીસરી મંજિલમાં રહેતા હતા તે પેઠે. પણ આવું મારાથી શક્ય બની શક્યું ન હતું. હું આ લિબાસમાં જકડાઈ ગયો છું. આ લિબાસ મને હવે છોડી શકે તેવું લાગતું નથી. બીજું કે તમે બધા એક સાથે અહીં કઈ રીતે આવશો? તેની પણ મને ખબર પડતી નથી.

સાધુ જીવન મેં ખૂબ જ નજીકથી જોયું છે, જીવ્યો છું અને મારા બનતા પ્રયત્નોથી સાધુમય થયો છું. આટલા લાંબા કાળના અનુભવો મારે માત્ર મારા મિત્રો પાસે જ વાગોળવા છે. એટલે જ આ પત્ર તમને લખી રહ્યો છું.

સત્તર-અઢાર વરસની સાધુ જિંદગીમાં મેં ઘણીયે વાર મારી સાથે નિખાલસ વાતો કરી છે. મેં અસંખ્યવાર મારી જાતને પ્રશ્નો કર્યા છે. મેં મને પૂછેલું છે કે, યોગેશ! તેં સાધુ બનીને ભૂલ તો નથી કરીને? તું શું સિદ્ધ કરવા સાધુ બન્યો છું? તને એકવાર પણ તારાં પ્રેમાળ મા-બાપુ, વહાલી બહેન, નાના ભાઈઓનો વિચાર નથી આવતો? તને નથી લાગતું કે તું સ્વાર્થી થઈ ગયો છું? તારાં મા-બાપની વૃદ્ધાવસ્થા, ઘરની નાણાભીડ, પ્રભાકરની માનસિક તબિયત અને હંસલીનો ભોળો ચહેરો સંભારીને શું તું ક્યારેય વિહ્‌વળ નથી થયો?

મનોમન મેં ઘણી વાર મારી જાતને કહ્યું છે કે – યોગેશ! તારે વિચાર કરવો જોઈતો હતો. પેટે પાટા બાંધીને તારાં ગરીબ મા-બાપે તને ભણવા નાણાંની જોગવાઈ કરેલી છે. તેં નાનપણથી જ મા-બાપને દુભવ્યાં છે. તું બહેનની વહાલપને પણ ભૂલી ગયો ગાંડા! પ્રભાકર પ્રત્યેની તારી જવાબદારી તું ચૂક્યો છું. જે સમયે તારે મા-બાપના શ્રવણ બનવાનું હતું તે કાળે તું આ શું કરી બેઠો? તને રક્ષા બાંધીને વીરપસલીની અપેક્ષા વગર ઘેલી હંસલીએ તો તારા કલ્યાણની દુઆઓ જ માંગી છે. તને બધી જ ખબર હોવા છતાં તું આવું કરે? તારામાં લાગણી નથી એવું યે ક્યાં છે? છતાં પણ તારું અંતર પથ્થરનું શેં બની ગયું ને તું અઘોરીના પંથે પ્રયાણ કરી ગયો?

મિત્રો! આવા વિચારો મને સતત આવ્યા જ કર્યા છે. આ લાગણીનાં બંધનો મેં કેમ ફગાવ્યાં તેની મને કાંઈ જ ખબર નથી. હા, ખબર માત્ર એટલી જ છે કે જ્યારે જ્યારે મને આ જન્મના મારાં ભાઈ-ભાંડુ-જન્મદાતા યાદ આવ્યાં છે અને જ્યારે તેઓ સાથેની લાગણીઓની વાતો સ્મરણમાં આવી છે ત્યારે બેચેન બની ગયો છું.

અલગારી સાધુની દુનિયામાં પ્રવેશ કરવાનો મારો હેતુ શું હતો? તેની મને ખાસ જાણ નથી. હું અસમંજસમાં હોઈશ. મયૂરી સાથેના સંબંધોની તિરાડ મને શરૂમાં કારણભૂત લાગી હતી, પરંતુ મેં જ્યારે મારી જાતને પ્રશ્નો કર્યા કે શું હું મયૂરીને પૂરેપૂરો વફાદાર હતો ખરો? શું મેં મયૂરીને સાચો પ્રેમ કર્યો હતો? શું હું પૂર્ણપણે તેને સમર્પિત હતો ખરો? ત્યારે મને મારી હકીકતનો ખ્યાલ આવ્યો કે ના યોગેશ, તું ભલે દેખાડા કરતો હો, પણ મયૂરીના કારણે તેં અઘોરી રાહ નથી જ લીધો.

મને કોઈક વખત એવું લાગેલું કે મારા બાપુજીના કડક સ્વભાવને કારણે અને વધુ પડતા દાબને કારણે મારા સંસ્કાર શરૂથી બગડ્યા હતા? એની તો મને હજુયે ખબર પડી નથી પણ ત્યારે મેં મારામાં બે યોગેશને સતત અનુભવ્યા હતા.

સમજણો થયો ત્યારથી બીડી-સિગારેટ અને પછી તો દારૂ-ચરસ-ગાંજો-વરલી મટકાના જુગાર! આ બધી કુટેવો કરવાવાળો યોગેશ! અને તેને નજીકથી નીરખતો બીજો યોગેશ કાયમ પેલા યોગેશનો પ્રશ્નાર્થ જ રહેલો હતો. ખૂબ વલોવાયો હતો તે કાળે બંને યોગેશો વચ્ચે અને હાલ હું એ બંને યોગેશની વાતો અને વાર્તાલાપને ત્રાહિત વ્યક્તિ તરીકે બહારથી જોઉં છું તો મને પ્રાણશંકર બાપુની કોઈ જ ભૂલ ન હતી તેવું લાગે છે. અરે...! મેં મણિબાની લાગણીને કેટલા ઘા પહોંચાડ્યા હશે? અને હંસલી? બેબલીને તો મેં જ્યારે પણ યાદ કરી છે ત્યારે ભીંજાયો જ છું.

મિત્રો! મને હવે એવું જ્ઞાન થયું છે કે, મા-બાપે બાળકોને જરૂરથી દિશા બતાવવી જ જોઈએ. મા-બાપ જ સંતાનોના સાચા રાહબર ને ગુરુ છે. આવાં પવિત્ર મા-બાપને ઘેર હું પથરો થઈને બોજારૂપ બનેલો છું તે યાદ આવે છે ત્યારે હું મને ધિક્કારું છું. છટ! યોગેશ! તારો જ વાંક! છતાં તેં આ લોકોને દોષિત ગણેલા!

બાળપણથી યુવાનીમાં પ્રવેશ થયો ત્યારે મા-બાપે ફરીથી મારામાં ભરોસો મૂક્યો હશે કે અમારી જ કોઈ ભૂલ થઈ હોવી જોઈએ અને એટલે જ અમારા કચકચિયા સ્વભાવથી દીકરાઓ દૂર રહે, તો કદાચ ગાડી પાટે ચડે અને સ્વતંત્રતાથી વધુ અભ્યાસ કરી શકે. અમારી જ ભૂલ હશે, બાકી છોકરાઓ તો ડાહ્યા જ હોય ને? આવું તેવું વિચારીને અમને અલગ રહેવાની જોગવાઈ કરી હશે? જ્યારે મારા પક્ષે વિચારો કેટલા વિકૃત હતા? હું વિચારતો કે હાશ! હવે ચોરીછૂપીથી બીડીઓ નહીં પીવી પડે. અહીં શહેરમાં ગામનું પણ કોઈ નહીં હોય ચાડી ફૂંકવાવાળું બસ આમ જ પ્રેમાળ, પવિત્ર મા-બાપનો સંગ છૂટી ગયો અને આવી ગયા અમદાવાદ શહેરમાં.

માણસને કેટ-કેટલી તકો મળે છે? એ મળેલી ક્ષણોનો ઉપયોગ કેમ નહીં કરી શકતો હોય?

અમદાવાદ આવ્યાને અઠવાડિયું થયું હશે ને મેં તો કૉલેજ જોઇન્ટ કરી. કૉલેજના પહેલા દિવસે જ દિલાવર મળ્યો. દિલાવર! તને યાદ છે? તેં મને શું કહેલું?

મારો ભાઈ અકસ્માતમાં અવસાન પામેલો છે, ઘરની સ્થિતિ નાજુક છે, અમદાવાદ શહેરમાં એક ઓળખીતા છે તે બહુ મોટા માણસ છે. મને નોકરી અપાવી દીધી છે. સવારે નવરો છું માટે કૉલેજ આવું છું. આ રીતે જો અભ્યાસ પૂરો કરી લઉં તો કેવું સારૂં?

આ સમયે મેં મને કહેલું કે, યોગેશ! જો આ દિલાવરને, કર તારી સરખામણી એની સાથે. પણ કરમનો ફૂટેલો હું તે ઘડી પણ ચૂકી ગયો. દિલાવરના સંગે બીડી-સિગારેટો-ચરસ-ગાંજાના વ્યસનો છૂટ્યાં નહીં, પણ એમાંનાં એક-બે દિલાવરનેય આપ્યાં.

મયૂરીના પિતાશ્રીએ લગ્નની મૂકેલી શરતે મારા અહમ પર સૌથી મોટો વાર કર્યો. હું હચમચી ગયો. મારી અંદરના યોગેશનું કશું જ ચાલ્યું નહીં. શશી અને રઝાક સાથે ધંધાયે વળી કેવા કર્યા? સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ અને ગાંધીબાપુની સૂફિયાણી વાતો કરનાર યોગેશે આ સીધાસાદા મિત્રોને સ્મગલિંગના રવાડે ચડાવ્યા. હું અંદરથી ગૂંચવાતો જ ગયો. મારું મન મારા કહ્યાથી દૂર ને દૂર ખસતું ગયું. મને શું કરવું તેની કોઈ ગતાગમ રહી નહીં. પડે છે ત્યારે સઘળી બાજુએથી જ વિનાશ નોતરે છે, તે વાત મને હવે સમજાય છે. છેલ્લો ઘા મારવામાં મંગો નિમિત્ત બન્યો અને હું અઘોરીપંથના ઊંડા ખાડે જઈ પડ્યો.

મને ઘણીયે વાર વિચાર આવે છે કે, હું હજારો કિલોમીટર ઊંડી અને પહોળી ખાઈના છેડે ઊભો છું. બસ! એક જોરદાર પવનનો હડદોલો આવે ને હું જઈ પડું ખાઈમાં.

અહીં આ પંથમાં આવીને મેં સૌ પ્રથમ ખૂબ ઝીણવટથી અહીંના સાધુનો આ પંથનો અભ્યાસ કર્યો. મને જે જાણવા મળ્યું તે હું જનહિતાર્થે અહીં જણાવું છું.

આદમ અને ઈવથી આ સૃષ્ટિ પર મનુષ્યની ઉત્પત્તિ થઈ હશે એવી એક માન્યતા છે. આદિ માનવ લગભગ પશુ જેવો જ હતો. કાળક્રમે તેનો વિકાસ થતો ગયો, તેના વિકાસના પાયામાં વિચારશીલતા હોવી જોઈએ. માનવી જેમ-જેમ અન્ય જીવોથી જુદો પડતો ગયો તેમ-તેમ પ્રકૃતિને માણવાથી અળગો થતો ગયો અને પ્રકૃતિથી વિમુખ થવાના સમયે તેને મૃત્યુનો ભય લાગવાની શરૂઆત થવા માંડી હોવી જોઈએ, કારણ કે બીજાં પ્રાણીઓ હજુ આજ સુધી પ્રકૃતિના ખોળે છે અને આપણે જોઈએ છીએ કે, તેઓને મૃત્યુનો ભય નથી.

મૃત્યુના ભયને કારણે માનવીને પ્રાકૃતિક સુખો અને પોતે-પોતાની વિવેકબુદ્ધિથી ઊભાં કરેલાં સુખોથી કંટાળો આવવા માંડ્યો હશે અને આ કંટાળા કે પ્રકૃતિથી વિમુખતાને કારણે મનમાં જન્મેલા મૃત્યુના ભયના નિરાકરણે માનવીએ કદાચ ધર્મની કલ્પના કરી હોવી જોઈએ.

આ રીતે જીવનની ક્ષણભંગુરતાને કારણે અને આકસ્મિક આવી પડતાં મૃત્યુ અને તેના ભયના કારણે કેટલાંક લાગણીશીલ માનવીઓ જીવનના મોજશોખથી દૂર અને વૈરાગ્યના માર્ગે વળેલાં હોવાં જોઈએ. એવાઓએ જ ત્યાગનો મહિમા યાને ત્યાગધર્મની વાતો સમાજમાં કરવી શરૂ કરી હોય તે બનવા જોગ છે.

આવા તત્ત્વજ્ઞાનીઓનાં મનમાં કોઈક શક્તિની કલ્પનાનો કીડો સળવળ્યો હોય અને તેઓએ માની લીધું હોય કે, એવી કોઈક શકિત છે જેનાથી જન્મ-મરણ અને આ સઘળા વિશ્વનું સંચાલન થાય છે અને એ અજ્ઞાત શક્તિએ પરમાત્માની માન્યતાએ જન્મ લીધો હોય. જેમ-જેમ માનવી પ્રકૃતિથી વિમુખ થતો ગયો હોય તેમ-તેમ અવનવી સમસ્યાઓ ઊભી થઈ હોય અને તેનાં નિરાકરણના હેતુથી વિચારશીલ માનવીએ વેદો, ઉપનિષદો, શાસ્ત્રો અલગ-અલગ ધર્મો તેના નિયમો, તે નિયમોને સુખના હેતુ એ જીવનમાં ઉતારવાની સાધનાઓ, યોગ વગેરેનો આશરો લીધો હોય અને આ સઘળી માનસિક શાંતિની શોધમાં માનવી આવી અનેક ભ્રમણામાં અટવાયો હોવો જોઈએ.

આનાથી વિપરીત મનની વિચારશીલતાના તબક્કે કેટલાક વિચારકોએ ત્યાગની જગાએ ભોગને મહત્તા આપી હોવી જોઈએ, કેમ કે કદાચ તેઓની એવી માન્યતા હોય કે બીજાં પ્રાણીઓથી વિશેષ, વિચારશીલ મનુષ્યનો અવતાર માત્ર ને માત્ર સૃષ્ટિને ભોગવવા માટે જ છે.

ભોગવિલાસમાં માનનારો વર્ગ પેલા વૈરાગ્યની વિચારધારાવાળા તત્ત્વજ્ઞાનીઓમાંથી

જ અલગ ઊભો થયો હોવો જોઈએ. તેઓએ જે મૃત્યુના ડરે સુખી થવા ક્રિયાકાંડો, યોગો, વેદો, યજ્ઞો વગેરે ઊભા કર્યાં હતાં તેમાંથી જ અમુકને યજ્ઞાદિક, ક્રિયાકાંડમાંથી પોતાના જીવનને વધુ સુખી બનાવવાના વિચારો આવ્યા હોય! એક બાજુ લોકપ્રિય ત્યાગ અને આ વિચારથી સામી બાજુએ યેનકેન પ્રકારે તેનાથી એકદમ વિપરીત માત્ર ને માત્ર ભોગ. ભોગવિલાસમાં માનનારા સઘળા વામમાર્ગી કહેવાયા. આ વામમાર્ગીમાં કાપાલિકો, અઘોરીઓ, તાંત્રિકો અને માંત્રિકો મુખ્ય હતા.

વિશ્વને ભોગવવા માટેના અઘોરીઓનાં સાધનોમાં મુખ્ય માંસ, મદિરા, મંત્ર, મૈથુન અને મૃત્યુ યાને કે બલિદાન-ભોગ. વામમાર્ગી કે અઘોરી પંથમાં પશુનું બલિદાન બહુ જ સામાન્ય છે. તક મળે તો માનવીના બલિદાનો પણ અપાય છે. માંસ ભક્ષણ અને મદિરા બહુ જ સામાન્ય છે.

આ અઘોરીઓની માન્યતા મુજબ મનુષ્યનાં જીવનની શરૂઆત મૈથુનથી છે, જન્મથી નહિ. વળી તેઓ માને છે કે મૈથુનથી શકિત વધે છે. સ્ત્રી તેઓના મતે ભોગવવાની અને શક્તિવૃદ્ધિની વસ્તુ છે. સાત્તિવક આહાર જેમ શરીર શકિત માટે જરૂરી છે તેમ સ્ત્રી પણ.

મદિરા પીવી તે ધર્મ છે, ઉપરાંત ગાંજો-ચરસ-ભાંગ વગેરે નશીલી વસ્તુની અનિવાર્યતામાં અઘોરીઓને વિશ્વાસ છે. અઘોરીઓનું તંત્રશાસ્ત્ર અનેક યંત્રોનું બનેલું છે. આ યંત્રો ભૂમિતિના આકારનાં છે. અમે અઘોરીઓ મંત્ર-શક્તિથી મન પાસેથી સર્જન કરાવીએ છીએ. અમારે કોઈ ભૌતિક પદાર્થોની સર્જન માટે જરૂર રહેતી નથી. એક નીવડેલો અઘોરી માંત્રિક શક્તિથી સૂર્યનાં કિરણોને એકત્રિત કરી અગ્નિ પ્રગટાવી શકવા શક્તિમાન છે. મન નબળું કે બળવાન એવું હોતું નથી. જેમ વીજળીનો પ્રવાહ એક સરખો હોવાં છતાં ૪૦ વૉલ્ટના બલ્બ કરતાં એ જ પ્રવાહમાં જોડેલા ૧૦૦ વૉલ્ટના બલ્બનો પ્રકાશ વધુ મળે છે, તેમ મનને જે બુદ્ધિ અને સંસ્કાર મળ્યા હોય છે તેમ મન કામ કરે છે. અમે અઘોરીઓ સમાજમાં દરેક ઉપર અમારી મંત્રશક્તિનો પ્રયોગ કરી શકતા નથી.

અઘોરીઓ કોઈ શિષ્ટાચારમાં માનતા નથી. નીચલી કક્ષાના અચોરી પાછળ આનંદ, ઊંચી કક્ષાના અઘોરી પાછળ નાથ અને સર્વોચ્ચ અઘોરી પાછળ પરાત્પર વિશેષણ લાગે છે. અઘોરીઓ શિવલિંગની પૂજા અલગ વિચારસરણીથી કરે છે. શિવલિંગને અઘોરીઓ પુરુષ અને પ્રકૃત્તિના સંભોગનું પ્રતીક ગણે છે. અઘોરીઓ શકિતની પૂજા કરે છે. મહાકાલી અને ચામુંડાની પૂજા મુખ્ય છે. મૃત્યુને અઘોરીઓ સહજ ગણે છે. માનવ ખોપરી એ સર્વોત્તમ પાત્ર છે તેવી તેમની માન્યતા છે અને એમાંય ગુરુની ખોપરીનાં પાત્રનું વિશેષ મહત્ત્વ છે. એ જ ખોપરીમાં ખાવા-પીવાનો વિશેષ આનંદ લેવાય છે.

આ અઘોરીઓને પોતાના પંથ સિવાય વિશ્વના અન્ય કોઈ માણસોની કોઈ જ કિંમત નથી.

આ વિશ્વમાં સર્જન અને સંહાર તેની ઉત્પત્તિ અનંત સમયથી ચાલી રહ્યાં છે. જે જન્મે છે તે મૃત્યુ પામે જ છે. જન્મ-મૃત્યુ એ પ્રકૃત્તિનું નાટક નથી, એક અનિવાર્ય આયોજન છે. એ માત્ર અહેતુક નથી, સહેતુક છે. સર્જન માટે સૌ પ્રથમ સર્જનની કલ્પના જરૂરી છે. આ વિશ્વમાં કોઈ પણ ચીજનું સર્જન કરતાં પહેલાં તેની વિચારણા થાય તે સ્વાભાવિક છે. આ કલ્પના આપણું મન કરે છે. મન બે રીતે કામ કરે છે. તેનામાં એક તો નવું સર્જન કરવાની કાયમ તાલાવેલી હોય છે. બીજું, મનની શક્તિ, યોગ્ય વિચારસરણી, જ્ઞાન, માનવીને મળેલા સંસ્કાર અને સૌથી અગત્યની ભાવના આ બધી બાબતો જો સાથે

એકઠી મળે, તો મને વિચારેલ બાબતોમાં સહાયરૂપ થઈને સર્જન થાય છે. ચિત્રકાર ચિત્ર બનાવે, કવિ કવિતા કરે, વૈજ્ઞાનિકો નવી શોધો કરે વગેરે વગેરે.

વીજળીનો પ્રવાહ વહન કરતો વાયર જો ખુલ્લો રહી ગયો હોય તો તે ખતરનાક હોય છે, તેમ નિયંત્રણ વગરનું મન ભયાનક સ્વરૂપ ધારણ કરે છે, જેનો અઘોરીઓ ખૂબ જ મોટા પ્રમાણમાં દુરુપયોગ કરે છે. અજ્ઞાનતા-ભય કે અન્ય કારણસર મન ઉપરનું નિયંત્રણ ગુમાવી બેઠેલો માનવી અમારા સકંજામાં ફસાય છે ત્યારે તેનાં ભયાનક અને ઘવાયેલા મન પાસેથી અમે ધાયાં કામો લઈએ છીએ. તમે સાંભળ્યું હશે કે, અઘોરીએ મૂઠ મારેલી વ્યક્તિ ક્યારેક પોતાનાં કપડાં ફાડે છે, પોતાના ચહેરા પર ઈજા કરે છે, ઘણી વખત આપોઆપ તેનાં કપડાં ફાટે, ઘરનું ફર્નિચર આપોઆપ ખસવા માંડે, ચહેરા પર આપોઆપ ચીરા પડવા લાગે. તમે તેને ભૂત વળગ્યું છે તેમ માનો છો પણ એ અનિયંત્રિત મનની અપાર શક્તિનું કારણ માત્ર છે.

એક અઘોરી વજનદાર પથ્થરને મંત્રવિદ્યાથી કે જમીનથી અધ્ધર હવામાં લટકાવે તો તમને નવાઈ લાગે અને તમે હાથ ચાલાકી કે નજર બાંધી હોય કે જાદુગરની વિદ્યા સાથે અઘોરીની મનની શક્તિને સરખાવો. અમે અઘોરીઓ આને દૈવી શકિત કહીએ છીએ. તમને આમાં શેની શંકા થાય છે? આ સૂર્યનો ગોળો પૃથ્વી જેવા અનેક ગ્રહો, ઉપગ્રહો, નિહારિકાઓ હવામાં બ્રહ્માંડમાં અધ્ધર ઝૂમી રહ્યાં છે તેની શંકા નથી અને અમે અમારા મનથી કરેલા નાના સરખા ચમત્કારમાં શંકા કરવાની?

તમે તમારી જાતને રેશનલ-બુદ્ધિવાદી માનો છો? તમે અવનવું વાંચો છો, પછી વિચારો છો અને તે મુજબ આચરણ કરો છો અને આમ કરતાં તમારામાં રહેલા અહમ્‌ને કારણે તમને પરમ આનંદની અનુભૂતિ થાય છે. તમે મોટાભાગે બૌદ્ધિકતા પર ભરોસો રાખો છો અને તેથી તમે માનો છો કે ચમત્કાર જેવું કંઈ છે જ નહીં. આ તમારું અજ્ઞાન છે. તમે માની લીધું છે કે, મન વિશે તમને પૂરેપૂરી જાણકારી છે, પરંતુ તમે જે મનને જાણો છો ને? તે મનની પ્રચંડ શકિતનો એક અંશ માત્ર છે. તમે અઘોરીના આવા ચમત્કારો વધુ ને વધુ જોશો અને તેના પર ચિંતન કરશો ત્યારે મનની વિશાળ દુનિયા અને તેની અમાપ શકિતનાં દર્શન થશે અને તમારામાં રહેલા અહમ્‌નો ક્ષય થશે. જોકે તમારાથી અહમ્ જલદી છૂટવો કપરો છે, કારણ! તમે મનથી ઘણું ઘણું વિચારો છો. કલ્પનાના ઘોડા દોડાવો છો. આ ઘોડાઓ દોડતા દોડતા આત્માને પરમાત્મા સુધી ખેંચી જાય છે. અરે...! તમે અહમ્‌ને ભૂલવાની ક્રિયાના અંતિમ ચરણે અહમ્‌થી જ બોલો છો કે, મારામાંથી હુંપણું હું દૂર કરી શક્યો એટલે તમે મરી જાવ તો પણ અહમ્ છોડી શકતા નથી. અમારા મતે સામાન્ય માનવીથી અહમ્ મુક્તિ અસંભવ નહિ, તો અતિ કપરી તો જરૂર છે જ.

મેં અઘોરી બનતાં પહેલાં ભારતીય તત્ત્વજ્ઞાનનો મને આવડ્યો તે રીતે અભ્યાસ કર્યો હતો. મારા અભ્યાસથી મેં જાણ્યું હતું કે, શ્રુતર્ષિ ઐતરેયના કહેવા મુજબ જ્ઞાનતત્વ એ જ બ્રહ્મ છે (પ્રજાનં બ્રહ્મં) પણ તેણે શું ભૂલ કરી એ ખબર છે? જ્ઞાનને ઓળખનારી બુદ્ધિને જ જ્ઞાન, બ્રહ્મ માની લીધું.

ત્યારપછી શ્રુતર્ષિ, ઉદ્દાલક આરુણિએ કહ્યું, ‘તું જ બ્રહ્મ છે (તત્ત્વમસિ) આ વિચાર સમજાય તેવો હતો કારણ કે બ્રહ્મને જ બ્રહ્મ કહેવાની વાત હતી’ ત્યારપછી દેવર્ષિ વરુણે આનંદને બ્રહ્મ કહ્યું એ ખરું કે આનંદની જિજીવિષા એ જ માનવીનું જીવન છે. યાજ્ઞવલ્ક્ય યોગેશ્વરે તો અહં બ્રહ્માસ્મિની વાત કરી દીધી અને અહમ્‌થી છૂટવા ફાંફાં મારતો માનવી ઘાંચીના બળદની પેઠે ત્યાંનો ત્યાં જ એટલે કે અહમ્‌ના ઘેર પાછો આવી

ગયો.

મનની અજબ શક્તિ અને અહ્મ જ્યારે એકબીજાનાં પૂરક બને છે ત્યારે ઈશ્વરત્વ દૃશ્યમાન થાય છે અને બંને એકબીજાં સાથે અથડાય છે ત્યારે અવનવી વિકૃતિઓ જન્મે છે.

મિત્રો! મારા મતે આ પુનર્જન્મની જે વાત છે ને આ વળગાડ, ભૂત-પ્રેતની જે વાતો આપણાં સાંભળવામાં આવે છે ને, તેનું એક માત્ર કારણ ઘવાયેલો અહમ્ છે. દરેક માનવીનું મન એક સરખું જ શક્તિશાળી હોવાનું, પણ અલગ અલગ સંસ્કારો અને અજ્ઞાનતા જ્યારે માનવીનાં મન પર કબજો જમાવે છે ત્યારે તે સઘળાંઓ મનની તાકાતને નબળી પાડે છે અને આ દબાવ હદ વટાવે છે ત્યારે મન બળવો કરે છે અને તેની ફરતે ભ્રમણાનું આવરણ વીંટળાય છે. હવે આવા માનવીઓએ જે વાતો સાંભળી હોય છે ને તેના આધારે અવનવી વાતો ઉપજાવી કાઢે છે અને તેમાંથી જન્મે છે ભૂત-પ્રેત વગેરે વગેરે.

મારામાં કંઈક વિશેષ છે. મારું અસ્તિત્વ છે અને તેની ભાવના જ્યાં સુધી માનવીમાં ટકી રહે છે ત્યાં સુધી તેને અહંકારમાંથી મુક્તિ મળે શી રીતે?

અહંકાર છોડવા જેવો છે, તેનાં લાંબાલચક ભાષણો ઠપકારતા જ્ઞાનીઓ, સાધુઓ મોટે ભાગે અહમ્નો જ શિકાર બનેલા હોય છે. સંસાર છોડી સન્યાસ ધારણ કરનારા સાધુઓએ સંન્યાસીઓના આશ્રમોના સંસારો ઊભા કરી કદી ન તૂટે તેવાં બંધનમાં જકડાયેલા સંન્યાસીઓનો આપણે ત્યાં તોટો નથી. અનેકાનેક મંદિરો બનાવી વિશ્વ વિક્રમ તોડવાની અને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં નામ નોંધાવવાની જિંજીવિષામાં જીવતા સંન્યાસીઓ પણ આપણે જોયા છે, તે સઘળા મહાઅહંકારીઓ જ છે.

અહંકાર એ જંગલી જાનવર જેવો છે. જ્ઞાનીઓ, સાધુ, સંતો રાજકારણીઓ તેને છોડી શકતા નથી. સામાન્ય રીતે અહંકારને છોડવો દુષ્કર છે. પ્રયત્ન કરીને જેમ જંગલી જાનવરને કેળવેલું જાનવર બનાવી શકાય છે તેમ અહંકારમાંથી બચવાનો માત્ર એક જ માર્ગ છે અને તે એ જ કે અહંકારને સ્વાભિમાનમાં પલટી નાખો, એ સહેલું નથી પણ અશક્ય નથી જ.

અઘોરી હું જ માત્ર નથી, મનની શક્તિનો સ્વાર્થ ખાતર ઉપયોગ કરનાર બધા અઘોરીઓ જ છે.

અહમ્નું આવરણ એટલું મજબૂત હોય છે કે તેને બોલતાં યુગોના યુગો નીકળી જાય. વળી એટલું નાજુક પણ છે કે, ફૂંક મારતાં ખૂલી જાય. આ અહમ્ જ ક્યારેક ભ્રમણાને સત્ય અને સત્યને ભ્રમણા માને છે. અજ્ઞાનને જ્ઞાન અને અંધકારને પ્રકાશ માનવાવાળા માનવીને અહમે અભડાવ્યા હોય છે. આ અહમ્ જ માનવીને ક્યારેક યોગી તો ક્યારેક ભોગી તો ક્યારેક વામમાર્ગી અને વળી ક્યારેક અઘોરી બનાવી દે છે.

અઘોરીઓ અટપટા મંત્રોથી મનની શક્તિને ભેગી કરે છે અને તેનાથી તેઓ ત્રાટક-વિદ્યા પ્રાપ્ત કરે છે. મંત્રવિદ્યાથી મેળવેલ શક્તિનો અમે અઘોરીઓ બહુ દુરુપયોગ કરીએ છીએ. માનવીમાં જેમ ચેતનાનો પ્રવાહ વહે છે તેમ પ્રાણી-પશુ-પક્ષીમાં પણ ચેતનાનો પ્રવાહ વહે છે. પશુ-પક્ષીને વિચારશીલ મન નહિ હોવાથી અમે મંત્રશક્તિથી પક્ષીની ચેતનાના પ્રવાહનો ફ્યૂઝ ઉડાડી દઈએ છીએ અને પક્ષી મૃત્યુ પામી નીચે પડે છે.

ત્રાટકવિદ્યા એ બુદ્ધિ-સંસ્કાર અને અહમે મનની શક્તિ પર કબજો કરેલી વિકૃતિ જ માત્ર છે. અઘોરીઓ માત્ર ને માત્ર મનની શક્તિને એકત્રિત કરવાનું જાણે છે પણ તે

શકિત ઉપર ક્યારે આ વિકૃતિ ઉપર કબજો લઈને તેની પાસે ભયાનક અપકૃત્યો કરાવે છે. તેની તેઓને ખબર રહેતી નથી અને આ પ્રકારના અઘોરીઓ મૃગજળની શોધમાં ભટકતાં પ્રાણીની પેઠે વિકૃતિનાં મૃગજળ પાછળ દોડ્યા કરે છે અને કારણ વગર સંહારો કર્યા કરે છે.

મિત્રો! તમે જાણો છો? ભૂખ્યાને ભોજન મળતાં જે સંતોષ થાય છે તેના કરતાં પોતાની જાતે ઉગાડેલા અનાજના ખેતરમાં લહેરાતા પાકને જોઈ ખેડૂતને જુદો જ સંતોષ થાય છે.

પોતાના પ્રયોગ સિદ્ધ કરતા અઘોરીઓને, લહેરાતા પાકને જોઈ સંતોષ પામતા ખેડૂત જેવો આનંદ મળે છે.

બસ! બહુ થયું. હવે આ પંથ વિશે વધુ કશું, જ લખવું નથી. થાકી ગયો છું. બધી બાજુએથી. બસ, હવે ઈશ્વરના દરબારમાં ચાલ્યા જવું છે અને જતાં પહેલાં અંત:કરણથી જન્મદાતા, ભાઈ-ભાંડુની માફી માગવી છે. તમારા થકી દિલાવર, શશી, ભાવિન અને બીજા બધા ભાઈબંધો.

મયૂરી! તું હવે તો મને ઓળખી ગઈને? તને નથી લાગતું કે પ્રેમ કરવા તેં જેની પસંદગી કરી હતી, તે હીરો નહિ પણ પથ્થર હતો? જોકે પ્રેમ થોડો પસંદગીથી થાય છે? એ તો એમ જ થઈ જાય છે. તારા માટે –

‘સિર્ફ એક કદમ પે, મંજિલ હાંસિલ,
કાશ તુમ ચલતી, કાશ મૈં ચલતા!’